gujaratvandan.com

# ગુજરાત વંદન

નિડર, નિષ્પક્ષ અને વિશ્વસનીય

સાપ્તાહિક

ગુરૂવાર 20 ઓક્ટોબર 2022

આસો વદ 10, વિક્રમ સંવત 2078 | કિંમત : રૂા. 5 | વાર્ષિક : રૂા. 260 | વર્ષ : 06 | અંક : 24 | RNI No. GUJGUJ/2016/68288 | કુલ પાનાં : 12



ડીપનેક ડ્રેસમાં કનિકાનો ગ્લેમરસ લુક, આપ્યો સિઝલિંગ પોઝ

પેજ 11

સુવિચાર

પોતાની ખામીઓ જાણી લેવી તે જિંદગીની સૌથી મોટી ખૂબી છે...

## ડીસામાં હવાઈ દળના નવા ઓપરેશનલ બેઈઝનું વડાપ્રધાનના હસ્તે ભૂમિપૂજન

**ડિફેન્સ એક્ષ્પોમાં મોદીનો રણટંકાર**

# ભારતની સુરક્ષામાં ગુજરાતની મહત્વપૂર્ણ ભૂમિકા

### ગુજરાતના આંગણે પહેલીવાર ડિફેન્સ એક્સોમાં 46 દેશો ભાગ લઈ રહ્યા છે, આત્મનિર્ભર ભારતને વેગ મળશે

ગુજરાત | વંદન

ગુજરાતમાં વિધાનસભા ચૂંટણીઓમાં પડઘમ વચ્ચે ગાંધીનગરમાં મહત્વપૂર્ણ સમાન ડિફેન્સ એક્ષ્પોનું આયોજન કરીને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમના માટે ગુજરાત કેટલું મહત્વનું છે. તે પુરવાર કરવાની સાથે દેશની સુરક્ષામાં ગુજરાતનું યોગદાન ખૂબ ઓછુ હોવાનું મેણું ભાંગવાનો પ્રયાસ પણ કર્યો છે. અને બનાસકાંઠામાં ડીસા ખાતે પશ્ચિમ ક્ષેત્રમાં ભારતીય વાયુદળનું એક એર સ્ટેશન બનાવવાની જાહેરાત કરીને એવો મક્કમ નિર્ધાર વ્યક્ત કર્યો છે, કે આવનારા સમયમાં ગુજરાત દેશની સુરક્ષામાં મહત્વપૂર્ણ અને નિર્ણાયક ભૂમિકા ભજવશે. એટલું જ નહીં એક્સોના માધ્યમથી ગુજરાતમાં સંરક્ષણ ક્ષેત્રની જરૂરિયાતો પૂર્ણ કરવા વિવિધ નાની મોટી ચીઝ વસ્તુઓનું ઉત્પાદન પણ થશે.

ભારતને સંરક્ષણની દ્રષ્ટિએ મજબૂત બનાવવાના સંકલ્પની ઝાંખી અને ખાસ કરીને અમૃત કાળ માટે અમે જે કલ્પના કરી છે તેનો પ્રારંભ આજે ડીફેન્સ એક્ષ્પોથી થયો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગાંધીનગરમાં મહાત્મા ગાંધી મંદિર ખાતે ડીફેન્સ એક્ષ્પો-2022નો પ્રારંભ કરતા કહ્યું કે મને ખુશી છે કે ભારત નવા ભવિષ્યનું સર્જન કરી રહ્યું છે.

આ એક્ષ્પોથી ગુજરાતને નવી ઓળખ મળી છે. એ જમાનો ગયો જ્યારે આ દેશ કબૂતર છોડતો હતો આજે ચિતા છોડવાની તાકાત ધરાવે છે. વિશ્વભરની 450થી વધુ કંપનીઓની હાજરીવાળા આ ડીફેન્સ એક્ષ્પોમાં વડાપ્રધાને 935 કરોડના ખર્ચે ડીસામાં તૈયાર થયેલ એર ફીલ્ડનું પણ ભૂમિપૂજન કર્યું હતું. એર સ્પેસ અને ડીફેન્સ ઉત્પાદન માટે ગુજરાતે પહેલ કરી છે અને ડીફેન્સ પોલીસી બનાવનાર પણ ગુજરાત પહેલું રાજ્ય છે.

બે દિવસની ગુજરાતની મુલાકાતે આવેલા વડાપ્રધાને જણાવ્યું કે સરદાર પટેલની ભૂમિ પરથી આપણા શક્તિ અને સામર્થ્યનું પ્રદર્શન થશે. મોદીએ

...અનુસંધાન પેજ નં. 6 પર





### આ નવા ભારતનું વિઝન છે: રાજનાથસિંહ

આ કાર્યક્રમ પર કેન્દ્રીય રક્ષા મંત્રી રાજનાથસિંહે કહ્યુ કે, ડિફેન્સ એક્ષ્પો વડાપ્રધાનના આત્મનિર્ભર ભારતના વિઝનને આગળ વધારે છે. પાથ ટુ પ્રાઈડ, એ માત્ર એક થીમ નથી, પરંતુ નવા ભારતનું વિઝન છે, નવા ભારતનું ગૌરવ છે. ડિફેન્સ એક્ષ્પો, એક આકાંક્ષી ભારત અને આત્મનિર્ભરતા તરફ આગળ વધી રહ્યું છે. ભારતનું એક વિશિષ્ટ પ્રતિક છે.

### 3 વર્ષમાં 1.70 લાખ કરોડ રોકાણ થશે એક્ષ્પોમાં 75માંથી 40 દેશ આફ્રિકાના

વિશ્વમાં સૌથી વધુ હથિયારોની ખરીદી કરવામાં ચીન પછીના ક્રમે આવતું ભારત હવે વિશ્વને હથિયારો વેચવાની તૈયારીમાં છે. મેક ઈન ઈન્ડિયા, આત્મનિર્ભર ભારત બાદ હવે મેક ફૉર વર્લ્ડ અભિયાન ચલાવીને ભારત સંરક્ષણ ક્ષેત્રે આત્મનિર્ભર બનવાની સાથે અનેક દેશોમાં સ્વદેશી હથિયાર વેચવાની તૈયારીમાં છે. તેની પીચ ગાંધીનગરમાં મંગળવારથી શરૂ થયેલા ડિફેન્સ એક્ષ્પોમાં તૈયાર કરવામાં આવી હતી. ભારતે નાના હથિયારો માટે પોતાનું માર્કેટ તૈયાર કરી લીધું છે. જેમાં ફીલ્ડ ગન, ટેન્કનો સામાન, હથિયારોના પાર્ટ્સ, આર્મ્ડ વ્હીકલ, નાના હથિયાર, રૉકેટ લૉન્ચર, પિનાકા મલ્ટી બેરલ સિસ્ટમ, ઈલેક્ટ્રોનિક વૉરફેરનો સામાન, રડાર, એચએએલમાં તૈયાર એડવાન્સ લાઈટ હેલિકોપ્ટર ધ્રુવ, લાઈટ કૉમ્બેટ હેલિકોપ્ટર, નાના અને મધ્યમ ડ્રોન અથવા યુએવી, તેજસ ફાઈટર અને બ્રહ્મોસ મિસાઈલ સિસ્ટમ જેવા હથિયારો સામેલ છે. હાલમાં જ ભારે ફિલિપાઈન્સને સ્વદેશી બ્રહ્મોસ મિસાઈલ વેચવાની તૈયારી કરી હતી. ઈજિપ્ત અને મલેશિયાએ તેજસ ખરીદવા માટેના પ્રયાસો તેજ કર્યા હતા. વિયેટનામ અને મોરેશિયસને ભારત હેલિકોપ્ટર વેચી ચૂક્યું છે. હવે આ દેશ પણ ખરીદવા માટે ઈચ્છુક છે. રશિયા-યુક્રેન યુદ્ધ વચ્ચે પહેલેથી જ ડિફેન્સની સપ્લાય ચેઈનને અસર પહોંચી છે. આ સ્થિતિમાં ભારત પોતાનું માર્કેટ વિકસિત કરી લેશે.




### બજાર અપડેટ

| સેન્સેક્સ | નિફ્ટી |
|---|---|
| 59,107.19 | 17,512.25 |

**ટોપ ગેનર્સ**

| | |
|---|---|
| એચડીએફસી | 2,381.80 |
| નેસ્લે ઇન્ડિયા | 19,739 |
| આઈટીસી | 346.35 |

**ટોપ લુઝર્સ**

| | |
|---|---|
| આરતી ઇન્ડ. | 683 |
| ગુજરાત ફ્લો. | 3,722.55 |
| નેટવર્ક 18 | 65.55 |

| સોનું | ચાંદી |
|---|---|
| 51,830 | 56,400 |

## કોંગ્રેસના અધ્યક્ષપદની ચૂંટણીમાં મલ્લિકાર્જુન ખડગેની જીત

■ 24 વર્ષ બાદ પાર્ટીમાં પ્રથમવાર બિનગાંધી પરિવારના અધ્યક્ષ ચૂંટાયા

ગુજરાત | વંદન

દેશની સૌથી જૂની રાજકીય પાર્ટી કોંગ્રેસને આજે નવા અધ્યક્ષ મળી ગયા છે. 24 વર્ષ પછી કોંગ્રેસને મળ્યા બિનગાંધી અધ્યક્ષ મળ્યા છે. મલ્લિકાર્જુન ખડગે કોંગ્રેસના 65માં અધ્યક્ષ બન્યા છે. કુલ 9385માંથી 7897 મત મેળવી તેમણે પોતાની જીત નક્કી કરી છે. જ્યારે થરૂરને માત્ર 1072 વોટ મળ્યા છે. કોંગ્રેસ પાર્ટીના 137 વર્ષના ઈતિહાસમાં છઠ્ઠી વાર અધ્યક્ષ પદ માટે ચૂંટણી થઈ છે. પાર્ટી મહાસચિવ જયરામ રમેશેના જણાવ્યા અનુસાર અધ્યક્ષ પદ માટે અત્યાર સુધીમાં 1939, 1950, 1977 અને 2000માં ચૂંટણી થઈ છે. આ વખતે પુરા 22 વર્ષ બાદ અધ્યક્ષ પદ માટે ચૂંટણી થઈ છે.



કોંગ્રેસના નવા અધ્યક્ષ માટે બે ઉમેદવાર મલ્લિકાર્જુન ખડગે અને શશી થરૂર વચ્ચે સીધી જ ટક્કર હતી. જેમાથી કોંગ્રેસ અધ્યક્ષની ચૂંટણીમાં મલ્લિકાર્જુન ખડગેની જીત થઈ છે. કોંગ્રેસ અધ્યક્ષ ચૂંટણી યોજાઈ હતી અને પ્રદેશના કોંગ્રેસના કાર્યાલય ખાતે તેમનો મતદાન થયું હતું. જેઓ બંન્ને કોંગ્રેસ અધ્યક્ષની ચૂંટણી માટે પ્રચાર અર્થે ગુજરાતમાં પણ આવ્યા હતા.

### રૂપિયો ધડામ, અત્યાર સુધીનો સૌથી મોટો ઘટાડો

## ડોલર સામે રૂપિયાનું ધોવાણ, 61 પૈસા તૂટીને પહેલી વાર 83ને પાર પહોંચ્યો

ગુજરાત | વંદન

ડોલર સામે ભારતીય રૂપિયો સતત ગગડી રહ્યો છે. જોકે હાલમાં જ નાણામંત્રી નિર્મલા સીતારમણે નિવેદન આપ્યું હતું કે રૂપિયો ગગડી રહ્યો નથી, પરંતુ ડૉલર મજબૂત થઈ રહ્યો છે. આ અંગે પક્ષ-વિપક્ષ વચ્ચે ભારે ચર્ચા જાગી હતી. હવે બુધવારે રૂપિયો નવી નીચી સપાટીએ પહોંચ્યો હતો. ડોલર સામે 61 પૈસા ઘટીને રૂ. 83.01 પર બંધ થયો હતો, જે અત્યાર સુધીનું સૌથી નીચું સ્તર છે.

...અનુસંધાન પેજ નં. 6 પર



### નાણામંત્રીને ઇકોનોમીમાં કંઈપણ ખબર નથી પડતી: સ્વામી

રાજ્યસભાના પૂર્વ સાંસદ અને વરિષ્ઠ અર્થશાસ્ત્રી સુબ્રમણ્યમ સ્વામીનું મહત્વપૂર્ણ નિવેદન સામે આવ્યું છે. નાણામંત્રી નિર્મલા સીતારામનના ડોલર મામલે આપેલ નિવેદન અંગે આકરી પ્રતિક્રિયા આપતાં કહ્યું કે, દુનિયાભરમાં આપણા નાણામંત્રીને મૂર્ખ માનવામાં આવે છે. ડોલર સાથે રૂપિયો કેમ મજબૂત ના થયો ? નિર્મલા સિતારમણને ઈકોનોમીમાં કંઈપણ ખબર નથી પડતી. સારી અર્થ વ્યવસ્થા માટે વ્યાજદર ઓછો કરવો પડે. ફિક્સ ડિપોઝિટના દર માં વધારો કરવો જરૂરી. ઊંચા વ્યાજદરના કારણે નાના ઉદ્યોગોને સમસ્યા થાય છે. 5 ટ્રીલિયન સુધી પહોંચવા 15 ટકા ગ્રોથ રેટ જરૂરી. અત્યારે ગ્રોથ રેટ 5 ટકા સુધી જ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીને લોકો ખોટી સલાહ આપી રહ્યા છે.



### ન્યૂઝ બ્રિફ

#### હિમાચલ: BJPએ 62 ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર કરી

હિમાચલ પ્રદેશ વિધાનસભા ચૂંટણી માટે ભાજપે 62 ઉમેદવારોની યાદી જાહેર કરી છે. જેમાં મુખ્યમંત્રી જયરામ ઠાકુર સહિત અન્ય ઘણા નેતાઓના નામ સામેલ છે. સીએમ જયરામ ઠાકુર સેરાજથી, અનિલ શર્મા મંડીથી અને સતપાલ સિંહ સત્તા ઉનાથી ચૂંટણી લડશે. હિમાચલ પ્રદેશમાં 12 નવેમ્બરે ચૂંટણી છે. ભાજપ હાઈકમાન્ડે બે મંત્રીઓની સીટમાં ફેરફાર કર્યો છે અને આઠથી વધુ ધારાસભ્યોની ટિકિટ કાપવામાં આવી છે. સરકારના સૌથી વરિષ્ઠ મંત્રી મહેન્દ્ર સિંહ ઠાકુરનું નામ યાદીમાંથી ગાયબ છે. જો કે તેમના પુત્રને ધરમપુર લાઈટમાંથી ટિકિટ આપવામાં આવી છે.

#### ટેક મહિન્દ્રા ગુજરાતમાં 3000 લોકોને આપશે નોકરી

વૈશ્વિક સ્તરે વધતી મંદીના જોખમ વચ્ચે દુનિયાભરની કંપનીઓમાં કર્મચારીઓને છૂટ્ટા કરવામાં આવી રહ્યાં છે. એવી સ્થિતિમાં એક ભારતીય કંપનીએ હજારો લોકોને નોકરી આપવાની ઘોષણા કરી છે. દેશની મોટી આઈટી કંપનીમાં સામેલ ટેક મહિન્દ્રાએ ગુજરાતમાં 3,000 લોકોની નોકરી આપવાની ઘોષણા કરી છે. મળતી માહિતી પ્રમાણે ટેક મહિન્દ્રાએ મંગળવારે પોતાની IT/ITes સર્વિસ પોલિસી પ્રમાણે ગુજરાત સરકાર સાથે એક એમઓયુ (MoU) ઉપર સાઈન કર્યા છે. કંપની આગામી પાંચ વર્ષમાં 3000 લોકોને નોકરી આપવાનો પ્લાન તૈયાર કર્યો છે.

## કાશ્મીરી ફોટો જર્નાલિસ્ટને વિદેશ જતાં અટકાવાઈ, સર્જાયો વિવાદ

■ પુલિત્ઝર પુરસ્કાર લેવા જઈ રહી હતી વિદેશ, દિલ્હી એરપોર્ટ પર રોકવામાં આવી

ગુજરાત | વંદન

પુલિત્ઝર પુરસ્કાર વિજેતા અને કાશ્મીરી ફોટો-જર્નાલિસ્ટ સના ઈરશાદ મટ્ટુને મંગળવારે દિલ્હી એરપોર્ટ પર રોકવામાં આવી. જર્નલિસ્ટ સના ઈરશાદ પુલિત્ઝર પુરસ્કાર લેવા ન્યૂયોર્ક જઈ રહી હતી. તેમણે કહ્યું હતું કે અમેરિકાના માન્ય વિઝા અને ટિકિટ હોવા છતાં તેમને દિલ્હીના ઈન્દિરા ગાંધી ઈન્ટરનેશનલ (IGI) એરપોર્ટ પર રોકવામાં આવી હતી. આ બીજી વખત છે કે તેમને દિલ્હી એરપોર્ટ પર રોકવામાં આવી હોય. આ પહેલાં જુલાઈમાં પણ રોકવામાં આવી હતી.

સના ઈરશાદે સોશિયસ મીડિયામાં લખ્યું- હું ન્યૂયોર્કમાં પુલિત્ઝર પુરસ્કાર લેવા જઈ રહી હતી, પરંતુ મને દિલ્હી એરપોર્ટમાં ઈમિગ્રેશન પર જ રોકવામાં આવી. મારી પાસે US વિઝા અને ટિકિટ પણ છે. તેમ છત્તા મને વિદેશ જવા પરવાનગી ન મળી.

તેમણે કહ્યું આ બીજી વખત છે કે મને કારણ વગર રોકવામાં આવી હોય. થોડા મહિના પહેલાં જે બન્યું એ પછી ઘણા અધિકારીઓ સુધી પહોંચ્યા પછી, મને કોઈ જવાબ મળ્યો નહોતો. જીવનમાં એકવાર અવોર્ડ સમારંભમાં હાજરી આપવાનો અવસર મળ્યો હતો.



### જય શાહના નિવેદનથી ગુસ્સે થયું PCB, કહ્યું- ભારતમાં યોજાનારા 2023 ODI વર્લ્ડ કપ પર થઈ શકે છે અસર!

ગુજરાત | વંદન

એશિયા કપ 2023ને લઈને બીસીસીઆઈના સેક્રેટરી અને એશિયન ક્રિકેટ કાઉન્સિલના પ્રમુખ જય શાહે બીસીસીઆઈની 91મી વાર્ષિક સામાન્ય સભામાં મોટું નિવેદન આપતા કહ્યું કે ભારતીય ટીમ આવતા વર્ષે એશિયા કપ માટે પાકિસ્તાન નહીં જાય અને ટૂર્નામેન્ટ ને કોઈ બીજા દેશમાં આયોજન કરવામા આવેશ. જય શાહના આ નિવેદન પર પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે એશિયન ક્રિકેટ કાઉન્સિલને ઈમરજન્સી બેઠક બોલાવવા વિનંતી કરી છે.

PCB વતી એક પ્રેસ રિલીઝ જારી કરીને કહેવામાં આવ્યું હતું કે, "PCB એ આગામી વર્ષે એશિયા કપ તટસ્થ સ્થળે યોજવા અંગે ACC પ્રમુખ જય શાહની ટિપ્પણી પર આશ્ચર્ય અને નારાજગી વ્યક્ત કરી છે. આ એશિયન ક્રિકેટ બોર્ડ અથવા પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ સાથે કોઈપણ પરામર્શ કર્યા વિના અને તેમના લાંબા ગાળાના પરિણામો અને અસરોને ધ્યાનમાં લીધા વિના કહેવામાં આવ્યું હતું.

અખબારી યાદીમાં વધુમાં જણાવવામાં આવ્યું હતું કે, "એસીસીની બેઠકની અધ્યક્ષતા કર્યા પછી, જેમાં પાકિસ્તાને એસીસી બોર્ડના સભ્યોના ભારે

...અનુસંધાન પેજ નં. 6 પર



### નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરોનો 3000 પાનાનો રિપોર્ટ સુપ્રત

## આર્યન ડ્રગ્સ કેસમાં નવો ધડાકો, વાનખેડે સહિત આઠ અધિકારીઓ શંકાના દાયરામાં

ગુજરાત | વંદન

બોલીવુડના અભિનેતા શાહરૂખ ખાનના પુત્ર આર્યન ખાનને સંડોવતા ડ્રગ કેસની તપાસમાં અનેક ખામીઓ જોવા મળી છે અને હવે ખાસ કરીને નાર્કોટીક્સ કંટ્રોલ બ્યુરોના આઠ અધિકારીઓની ભૂમિકાની ચકાસણી થશે. ઓક્ટોબર-2021માં આર્યન ખાનને એક ક્રૂઝ પરથી તેના મિત્રો સાથે ડ્રગ્સ પાર્ટીમાંથી ઝડપી લેવાયો હતો અને તેને લાંબો જેલવાસ પણ સહન કરવો પડ્યો હતો અને બાદમાં આર્યનને જામીન પણ મળ્યા હતા.

તે વચ્ચે નાર્કોટીક કંટ્રોલ બ્યુરોએ તેના રિપોર્ટમાં જણાવ્યું છે કે તપાસમાં અનેક ક્ષતિઓ જોવા મળી છે અને તેની સાથે જોડાયેલા સાતથી આઠ અધિકારીઓ અને કર્મચારીઓની ભૂમિકા હવે ચકાસશે. જો કે તેમાં તે સમયના નાર્કોટીક કંટ્રોલ મુંબઈના ડીરેક્ટર સમીર વાનખેડેની ભૂમિકા પણ ચર્ચામાં હતી અને તેઓને પોતાની હોમ કેડરમાં પરત મોકલી દેવાયા છે.

એનસીબીના રિપોર્ટમાં કહેવાયું છે કે સમીર વાનખેડેની ભૂમિકા અંગે મીડિયામાં પ્રશ્નો ઉઠ્યા હતા. એનસીબીએ તેના 3000 પાનાના રિપોર્ટમાં આ અધિકારીઓ સામે હવે ખાતાકીય કાનૂની કાર્યવાહી કરવાની પણ ભલામણ કરવામાં આવી છે જેમાં હવે વાનખેડેને પણ અદાલત

...અનુસંધાન પેજ નં. 6 પર



### અમદાવાદમાં નોંધાયો દેશનો સૌ પ્રથમ ઓમિક્રોન BF.7 વેરિઅન્ટનો પ્રથમ કેસ

# દિવાળીના તહેવારોમાં જ ગુજરાતમાં ઓમિક્રોનના નવા વેરિઅન્ટની એન્ટ્રી

ગુજરાત | વંદન

દિવાળીના તહેવારો નજીક આવી રહ્યાં છે એવામાં કોરોના વાયરસના સબ વેરિયન્ટે ફરી માથું ઉંચક્યું છે જે ગુજરાતની જનતા માટે માઠા સમાચાર છે. કારણ કે ગુજરાતમાં અમદાવાદમાં દેશનો સૌ પ્રથમ ઓમિક્રોન BF.7નો કેસ નોંધાયો છે. તમને જણાવી દઈએ કે, ભારત સહિત હવે વિશ્વભરમાં ધીરે-ધીરે કોરોનાના કેસો ઘટી રહ્યાં છે. દેશમાં કોરોનાના નવા એક્ટિવ કેસોની સંખ્યા 26 હજારની નજીક છે. લોકો પણ હવે ધૂમધામથી તહેવારો મનાવી રહ્યાં છે.

અમદાવાદમાં કોરોના વાયરસનાં ઓમિક્રોન વેરિયન્ટનાં નવા સબ વેરીયન્ટનો પ્રથમ કેમ નોંધાતા ખળભળાટ મચ્યો છે. કોરોનાના ઓમિક્રોન વેરિયન્ટના BF.7 સબ વેરિયન્ટનો પ્રથમ કેસ નોંધાયાની પુષ્ટિ કરવામાં આવી છે. અમદાવાદના ડ્રાઈવ ઈન વિસ્તારમાં રહેતા 60 વર્ષીય વૃદ્ધ નવા સબ વેરિયન્ટનાં શિકાર બન્યા છે. જો કે દર્દીને દાખલ કરવાની જરૂર પડી નથી, તેમજ તેમની કોઈ વિદેશ હિસ્ટ્રી પણ સામે આવી નથી. સાવચેતીના ભાગરૂપે AMC દ્વારા દર્દીના સંપર્કમાં આવેલા 10 લોકોની પણ તપાસ કરાવાઈ છે.

15 જુલાઈએ દર્દીના સેમ્પલ ગાંધીનગરમાં આવેલા ગુજરાત બાયોટેકનોલોજી રિસર્ચ સેન્ટરમાં મોકલવામાં આવ્યા હતા. GBRC દ્વારા જીનોમ સિકવંસિંગ કરવામાં આવતા ઓમિક્રોન વેરિયન્ટનાં નવા સબ વેરિયન્ટ BF.7 હોવાની જાણ સોમવારે AMC ને કરાઈ હતી. યુકે, જર્મની, ફ્રાન્સ, યુએસ બાદ હવે ભારતમાં પણ કોરોનાંનો નવો BF.7 સબ વેરીયન્ટનો કેસ નોંધાયો છે. નવો સબ વેરિયન્ટ BF.7 કોરોના વેક્સિનથી બનેલી એન્ટીબોડીને પણ ચકમો આપ્યો હોવાનો પ્રાથમિક અહેવાલ મળ્યો છે. આગામી દિવસોમાં તહેવાર હોવાથી સૌ કોઈએ નવા વેરિયન્ટથી સાવચેત રહેવાની તબીબોએ સલાહ આપી છે. તબીબો મુજબ BF.7 સબ વેરિયન્ટનાં લક્ષણો પણ અગાઉ જેવા જ છે પરંતુ શરીરમાં દુખાવો, ગાળામાં ખારાશ, ખાંસી જેવા લક્ષણો રહે તો કોવિડ ટેસ્ટ કરાવવો હિતાવહ છે.

કોરોના નબળો પડ્યાના બે વર્ષ બાદ આ વર્ષે ભારતમાં તમામ તહેવારો ખૂબ જ ધામધૂમથી મનાવવામાં આવી રહ્યા છે. ઉત્સાહ બમણો છે કારણ કે લગભગ તમામ જગ્યા પર મહામારી સાથે જોડાયેલા પ્રતિબંધ હટાવી દેવામાં આવ્યા છે. આ

...અનુસંધાન પેજ નં. 6 પર




### ઓમિક્રોન BF.7ના લક્ષણ

લક્ષણ લગભગ પહેલાં જેવા જ છે પરંતુ શરીરમાં દુખાવો અત્યાર સુધી પ્રમુખ સમસ્યા ગણવામાં આવી રહી છે. વિશેષજ્ઞોના અનુસાર દિવાળીની ભીડમાં આ નવા COVID સંસ્કરણની વધુ એક લહેરને ટ્રિગર કરવાની ક્ષમતા છે. એટલા માટે સાવધાની વર્તવાની સલાહ આપતાં લોકોને જરૂરી પગલાં ભરવા જોઈએ. અફસોસ કરવાના બદલે સુરક્ષિત રહેવું જરૂરી છે. આ સબ વેરિઅન્ટને લઈને એડ્વાઈઝ જાહેર કરતા કહ્યું છે કે અત્યારથી માસ્ક લગાવવું ખૂબ જરૂરી છે. જો વાયરલના લક્ષણ દેખાય તો પોતાને આઈસોલેટ થવું પણ ખાસ જરૂરી છે. BF.7 વેરિઅન્ટ અન્ય ઓમિક્રોન સબ-વેરિઅન્ટની તુલનામાં પહેલાના વેક્સિનેશન અને એન્ટીબોડીથી બચી શકે છે એટલા માટે આને વધુ સંક્રમક ગણવામાં આવે છે. તમને જણાવી દઈએ કે, BF.7 વેરિઅન્ટ ઓફ કન્સર્નના કેસ UK, જર્મની, ફ્રાન્સ, યુએસ અને હવે ભારતનો તેમાં સમાવેશ થાય છે.

### વાંકી નજરે...



ગાંધીનગર
સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com

# ‘ભરોસાની ભાજપ સરકાર’ના સૂત્ર સામે કોંગ્રેસે આપ્યું નવું સૂત્ર, ‘ભરોસાની ભેંસે તો પાડો જણ્યો’

ગુજરાત | વંદન










વિધાનસભાની ચૂંટણી ટાણે ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીમાં ત્રિપાંખિયો જંગ જામે તેવી પુરેપુરી શક્યતા દેખાઈ રહી છે. ત્યારે મિશન 2022ના પ્રચાર માટે કોંગ્રેસ વધુ આક્રમક બની ગઈ છે. ભાજપના ચૂંટણી સૂત્રને જવાબ આપવા કોંગ્રેસે પણ પોતાનું સૂત્ર તૈયાર કરી દીધું છે. ભરોસાની ભાજપ સરકાર સામે કોંગ્રેસે ભરોસાની ભેંસે તો પાડો જણ્યો સૂત્ર તૈયાર કર્યું છે.

ચુંટણી નજીક આવતા જ કોંગ્રેસે હવે પોતાનું અસલી આક્રમક સ્વરૂપ દેખાડવાનું શરૂ કર્યું છે. ભાજપના કેમ્પેઈન ભરોસાની ભાજપ સરકાર સામે કોંગ્રેસે વળતો હુમલો કર્યો છે. આજે વિપક્ષના પૂર્વ નેતા પરેશ ધાનાણીએ પત્રકાર પરિષદ યોજી હતી. જેમાં કોંગ્રેસ દ્વારા ભરોસાની ભેંસે તો પાડો જણ્યો પાન ગુજરાત કેમ્પેઈન લોંચ કરવામાં આવ્યું છે. ગુજરાતમાં કોંગ્રેસ દ્વારા આ કેમ્પેઈન ચલાવવામાં આવશે. વિપક્ષના પૂર્વ નેતા પરેશ ધાનાણીએ ભાજપના ચુંટણી પ્રચારને સીધી રીતે પડકાર્યો છે. અમરેલી જિલ્લામાં ભાજપની ગૌરવ યાત્રા ફરી રહી છે, તેવા સમયે જ કોંગ્રેસ દ્વારા ભાજપ પર પ્રહારો કરવામાં આવ્યા છે. મોટા નેતાઓની ગેરહાજરીમાં જ નવું સૂત્ર લોન્ચ કરાતા તમામને નવાઈ લાગી હતી. પરેશ ધાનાણીએ નવા સૂત્રને કોંગ્રેસનું કેમ્પેઈન ગણાવ્યું હતું.

## ડિંગુચાના પટેલ પરિવારના પ્રકરણની તપાસમાં સમગ્ર પ્રકરણ બહાર આવ્યું

# ગાંધીનગરનો યુવાન બોગસ સર્ટિફિકેટના આધારે અમેરિકા પહોંચ્યો હોવાનો ખુલાસો, તપાસ શરૂ

ગુજરાત | વંદન

અમેરિકા-કેનેડા બોર્ડર ક્રોસ કરતી વેળાએ ભારે હિમવર્ષાને કારણે બરફમાં મોતની ચાદરમાં પોઢી ગયેલા ગાંધીનગર કલોલના ડિંગુચા ગામના પટેલ પરિવારના ચાર સભ્યોના અકાળે મોત પ્રકરણની તપાસ દરમિયાન અન્ય વ્યકિત પણ ગેરકાયદે અમેરિકા પહોંચ્યા હોવાનો ખુલાસો થયો છે. આ મામલે ગાંધીનગર સાયબર ક્રાઈમ પોલીસ મથકમાં કલોલના એજન્ટ પરેશ પટેલ અને ગેરકાયદેસર અમેરિકામાં સુધી પહોંચી ગયેલાં વર્શિલ પંકજભાઈ ધોબી વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

ગાંધીનગરના કલોલ તાલુકાના ડિંગુચા ગામના મૂળ વતની જગદીશભાઈ બળદેવ ભાઈ પટેલ, તેમનાં પત્ની વૈશાલીબેન, પુત્રી વિહંગા (ગોપી) અને પુત્ર ધાર્મિકને લઈને પિતા બળદેવભાઈને કેનેડા જતા હોવાની વાત કરીને નીકળ્યા હતા. જોકે નસીબે સાથ ન આપતાં તેઓ કેનેડાથી અમેરિકાની બોર્ડર ક્રોસ કરી શક્યાં ન હતાં અને ભારે હિમવર્ષાને કારણે ગ્રુપમાંથી છૂટા પડી ગયા હતા અને બરફની ચાદર નીચે મોતને ભેટયાં હતાં.

આ પરિવાર યુરોપથી કેનેડાની દરિયાઈ બોર્ડર પર ઉતર્યો હતો. અહીંથી એજન્ટના પ્લાનિંગ મુજબ 11 ગુજરાતીઓએ માઈનસ 35 ડિગ્રીમાં કેનેડાની બોર્ડર ક્રોસ કરી અમેરિકામાં પહોંચવાનું હતું. પણ કલોલનો આ હતભાગી પરિવાર ગુજરાતીઓના ગ્રુપથી અલગ પડી ગયો હતો. બરફના તોફાન અને અંધારામાં આ પરિવાર વિખૂટો પડી જતાં મોતને ભેંટ્યો હતો. બીજી તરફ અન્ય 7 ગુજરાતીઓ બોર્ડર તો ક્રોસ કરવામાં સફળ રહ્યા હતા, પણ અમેરિકાની પોલીસે સાત ગુજરાતી મહેશભાઈ વાડીલાલ પટેલ, વર્શિલ પંકજભાઈ ધોબી(કલોલ) , અર્પિત કુમાર રમેશભાઈ પટેલ, પ્રિન્સકુમાર જ્યંતીભાઈ પટેલ, સુજિતકુમાર અલ્પેશભાઈ પટેલ, યશ દશરથભાઈ પટેલ, પ્રિયંકા કાંતિભાઈ ચૌધરીની ધરપકડ કરી લીધી હતી.

આ મામલે રાજય ડીજીપી આશિષ ભાટિયા દ્વારા રાજ્યના સીઆઈડીનાં મીસિંગ વિભાગને તપાસ સોંપવામાં આવી હતી. આ તપાસ દરમ્યાન હોમલેન્ડ સિક્યુરીટી અમેરિકા તરફથી પકડાયેલ ઈસમોના નિવેદન લેવાયા હતા. જેમા વર્શિલ પંકજભાઈ ધોબીનુ નિવેદન ગુજરાત સીઆઈડી ક્રાઈમને મોકલી આપવામાં આવ્યું હતું. જેમાં તેણે કેનેડાની લોયલિસ્ટ કોલેજમાં એડમિશન લીધેલ હતુ અને તે પહેલેથી જ અમેરિકા જવા માટે કેનેડા ગયેલ હતો તેમ જણાવેલ હતુ. આ કામ માટે તેના પિતાએ 65 લાખ નક્કી કર્યા હતા અને તે પૈકી અડધા પૈસા ચુકવી દીધેલ હતા .અને બાકીના પૈસા પછીથી તે આપવાનો હતો તેવુ નિવેદન આપ્યું હતું.

બીજી તરફ આ તપાસમાં વર્શિલના પિતા પંકજભાઈ ડાયાભાઈ ધોબીનું નિવેદન પણ મેળવ્યું હતું. જેમાં ઓળા ગામના એજન્ટ પરેશભાઈ પટેલ પોતાની દુકાન કલોલ ખાતે આવતા હતા અને દીકરાને વિદેશ મોકલી આપવાની વાત કરેલી. જે કામ માટે પંકજભાઈ ધોબીએ એકાદ વર્ષ અગાઉ પોતાના પુત્રને અમેરિકા મોકલવા માટે રૂપિયા 65 લાખમાં કામ સોંપેલ હતુ અને તેના બધા ડોક્યુમેંટ પણ પરેશભાઈને આપેલ હતા, આ પરેશભાઈ પટેલે નક્કી થયા મુજબ કેનેડાના સ્ટુડન્ટ વીઝા મેળવીને ત્યાથી વર્શિલને અમેરિકા મોકલી આપશે તેમ જણાવેલ હતુ. જેમાં વિઝાની કામગીરી એજન્ટ પરેશભાઈએ કરી હતી. જે પેટે 30 લાખ પણ ચૂકવી દીધા હતા.

મળતિયા એજન્ટો મારફતે વર્શિલને અમેરિકાની બોર્ડર પણ ક્રોસ કરાવી દેવાઈ હતી. જો કે અમેરિકાની પોલીસે તેની અન્ય ઘૂસણખોરો સાથે ધરપકડ કરી લીધી હતી. જે અંગેના સમાચારો વહેતા થતાં પંકજભાઈએ એજન્ટ પરેશને જાણ કરી હતી. ત્યારે તેણે બાંહેધરી આપેલી કે વર્શિલને છોડાવી લઈશ, એ મુજબ બીજા દિવસે અમેરિકામાં પોલીસે તેને છોડી પણ દીધો હતો. અને તે શીકાગો પહોંચી ગયો હતો.

### બોગસ માર્કશીટો બનાવી કેનેડાની કોલેજમાં એડમિશન લીધું



ત્યારે રાજ્ય સીઆઈડી ક્રાઈમ દ્વારા વર્શિલ ધોબીએ જે લોયલિસ્ટ કોલેજમાં એડમિશન લીધેલ તેની તપાસ શરૂ કરાઈ હતી. જે દસ્તાવેજો પૈકીનાં ધોરણ - 10 અને 12 ની માર્કશીટ ખોટી હોવાનું બહાર આવ્યું હતું. આમ વર્ષિલને કેનેડા થઈ અમેરિકા ઘુસાડવા માટે ખોટા દસ્તાવેજો બનાવ્યા હોવાનું તપાસમાં બહાર આવતા સાયબર ક્રાઈમ પોલીસે એજન્ટ પરેશ પટેલ અને વર્ષિલ વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# દિવાળી પહેલા સરકારની મોટી ભેટ, વર્ષમાં 2 સિલિન્ડર ફ્રી મળશે

ગુજરાત | વંદન



ગેસ સિલિન્ડર ધારકો માટે સારા સમાચાર છે. જો તમે પણ ગેસ સિલિન્ડરનો ઉપયોગ કરો છો તો હવેથી સરકાર 2 ફ્રી ગેસ સિલિન્ડર આપવાની જાહેરાત કરી રહી છે. ગુજરાત સરકારે રાજ્યના લોકો માટે મહત્વનો નિર્ણય લીધો છે. આ નિર્ણયમાં સરકારે રાજ્યના પરિવારને 2 એલપીજી સિલિન્ડર મફતમાં આપવાની જાહેરાત કરી છે.

ચૂંટણી પહેલા ગુજરાત સરકારે ગુજરાતની જનતા ખુશ થઈ જાય તેવી જાહેરાત કરી છે. સરકારના પ્રવક્તા મંત્રી જીતુ વાઘાણીએ જણાવ્યું કે, ભાજપ સરકાર તમામ લોકોની ચિંતા કરે છે. પીએમ મોદીએ ગરીબ કલ્યાણકારી નીતિઓ બનાવી છે. ત્યારે પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજનાના 38 લાખ લાભાર્થીઓ માટે સરકારે વર્ષના 2 સિલિન્ડર ફ્રી આપવાનો નિર્ણય કર્યો છે. તે રીતે રાજ્યની સરકારે ગરીબો માટે નિર્ણય કર્યો છે. સિલિન્ડર લીધાના ત્રીજા દિવસે તેમના ખાતામાં રૂપિયા જમા થઈ જશે.

તેમણે કહ્યું કે, નેચરલ ગેસ ઉત્પાદન વપરાશ મામલે ગુજરાત અગ્રેસર છે. 80% ગેસ ગુજરાતના બંદરો પરથી આયાત થાય છે. 21.21 લાખ ઘરોમાં પાઈપલાઈનથી ગેસ પહોંચે છે. તેથી CNG અને PNG ના વેટમાં 10% ઘટાડા નો સરકારે નિર્ણય કર્યો છે. રીક્ષા ચાલકો અને સામાન્ય જનતા માટે આ નિર્મય રાહતભર્યો છે. સરકાર 300 કરોડની રાહત અપાશે. PNG માં 10 કિલોના વપરાશે 50-55 રૂપિયાનો સીધો લાભ મળશે. તો 14 લાખ CNG વાહન ચાલકોને સીધો ફાયદો થશે.

# શંકરસિંહ દિલ્હી જઇ આવ્યાં, કોંગ્રેસ તરફથી પ્રતિસાદ નહીં

■ વાઘેલા પોતાના ઉમેદવારો ઊભા રાખી શકે, પાર્ટીને હજુ ચૂંટણી પ્રતિક નથી મળ્યું

ગુજરાત | વંદન



ભૂતપૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલા કોંગ્રેસમાં જોડાઇ શકે તે અંગેના સંકેતો પાર્ટીના ગુજરાત પ્રમુખ જગદીશ ઠાકોર અને વરિષ્ઠ નેતા અર્જૂન મોઢવાડિયાએ આપ્યાં હતાં. રવિવારે વાઘેલા દિલ્હી જઇ આવ્યા, છતાં તેમને કોંગ્રેસ હાઈકમાન્ડ તરફથી ચર્ચા માટે કોઈ આમંત્રણ મળ્યું ન હતુ. તેઓ મુલાયમ સિંહ યાદવના મૃત્યુ બાદ અખિલેશ યાદવ સાથે મુલાકાત કરીને ગુજરાત પરત ફર્યા હતા. આ અસમંજસની સ્થિતિમાં વાઘેલા હવે કોંગ્રેસ સાથે નહીં પરંતુ પોતાની પ્રજાશક્તિ ડેમોક્રેટિક પાર્ટીના ઉમેદવારો વિધાનસભા ચૂંટણીમાં ઊભા રાખી શકે છે.

વાઘેલાએ પોતાની પ્રજાશક્તિ ડેમોક્રેટિક પાર્ટીનું રાષ્ટ્રીય રાજકીય પક્ષ તરીકે ભારતીય ચૂંટણી પંચમાં રજિસ્ટ્રેશન કરાવ્યું છે, પરંતુ પંચે હજુ તેમને રાજકીય પ્રતીક ફાળવ્યું નથી. આ સંજોગોમાં વાઘેલાના ઉમેદવારોને ચૂંટણીમાં પક્ષના ઉમેદવાર તરીકે ઊભા રાખવામાં મુશ્કેલી નડી શકે છે.

# દિવાળી પહેલા ગુજરાતમાં એસટી બસોનું રેકોર્ડબ્રેક બુકિંગ નોંધાયું

■ 1600થી વધુ સ્પેશિયલ બસો દોડશે

ગુજરાત | વંદન




આ દિવાળીએ બહાર ગામ જવા તૈયારી કરી લો, કારણ કે દિવાળી પહેલા સુરત એસ.ટી વિભાગ દ્વારા પ્રવાસીઓ માટે સ્પેશ્યલ એક્સ્ટ્રા બસ દોડાવવા આયોજન કરવામાં આવ્યું છે. કોરોના છૂટછાટ બાદ આ દિવાળીએ પ્રવાસીઓ બહાર જવા રેકોર્ડ તોડે એવો એસ્ટી નિગમ દ્વારા દાવો કરવામાં આવ્યો છે.

એસટી નિગમ દ્વારા દરેક તહેવારમાં પ્રવાસીઓ માટે વિશેષ વ્યવસ્થા કરવામાં આવતી હોય છે, આ વર્ષે પણ દિવાળીના તહેવારને લઈ વધારાની બસનું સંચાલન કરવા માટે S.T નિગમ સજ્જ જોવા મળી રહ્યું છે. આ અંગે S.T નિગમના નિયામક સંજય જોશીએ જણાવ્યું હતું કે દર વર્ષે GSRTC તરફ દિવાળી એક્સ્ટ્રા બસોનું આયોજન કરવામાં આવે છે. એ જ રીતે આ વર્ષે પણ 1600 જેટલી એક્સ્ટ્રા બસનું આયોજન કરવામાં આવ્યું છે. તારીખ 19.10.2022 થી 24 10.2022 દરમિયાન આ આયોજન કરાયું છે.

આ વર્ષે કોરોનામાંથી છૂટછાટ મળતા બસોની એડવાન્સ બુકિંગે પણ રેકોર્ડ તોડ્યો છે. દર વર્ષ કરતા આ વર્ષે 25 ટકા એડવાન્સ બુકિંગ અને ગ્રુપ બુકિંગ થયું છે, જેમાં 924 જેટલી ગાડીઓની એડવાન્સ અને ગ્રુપ બુકિંગ થયું છે અને એક કરોડ પિસ્તાલીસ લાખ જેટલી આવક થઈ છે. જો ગયા વર્ષની વાત કરીએ તો ગત વર્ષે 1421 ગાડીઓ દોડાવામાં આવી હતી અને એક કરોડથી વધુનો આવક થઈ હતી. આ વર્ષે 25 ટકા વધુ બુકિંગ થયું છે. હાલ સુધી અમરેલીમાં 306 ગાડી, ભાવનરમાં 443, બોટાદમાં 68, એજ રીતે બનાસકાંઠા, પાટણ અને મહેસાણા મળી 50 જેટલી ગાડીઓ બુક છે સાથે કરંટ બુકિંગ પણ હજી પણ ચાલુ છે, જેથી છેલ્લા બે વર્ષની સરખામણીએ આ વર્ષે લોકો મોટા પ્રમાણમાં બુકિંગ કરાવતા લોકોને પણ ફાયદો થઈ રહ્યો છે. જેને લઈ સુરત ST વિભાગમાંથી વધારાની 1600 બસો દોડાવશે. ખાસ કરીને સૌરાષ્ટ્ર, પંચમહાલ, દાહોદ, ગોધરા, ઝાલોદ માટેનુ વધારાનુ સંચાલન કરાશે, જેથી પ્રવાસીઓને બસની સુવિધા મળી રહેશે.

## દહેગામના લવાડ સ્થિત રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી ખાતે દીક્ષાંત સમારોહ

# દેશની આંતરિક અને બ્રાહ્ય સુરક્ષામાં સાયબર ઈન્ફોર્મેશન વોર ખતરારૂપ : કેન્દ્રીય રક્ષામંત્રી

ગુજરાત | વંદન





આતંકવાદ અને ઉગ્રવાદના સમય બાદ દેશની શાંતિમાં સાયબર વોર અને ઈન્ફર્મેશન વોર જે દેશની આંતરિક અને બાહ્ય સુરક્ષા માટે ખતરા અને પડકારરૂપ હોવાનું કેન્દ્રિય રક્ષામંત્રી રાજનાથસિંહે રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટીના પદવીદાન સમારોહ પ્રસંગે જણાવ્યું હતું. યુનિવર્સિટીના 319 વિદ્યાર્થીઓને પુરસ્કાર એનાયત કરવામાં આવ્યા હતા.

દહેગામના લવાડ સ્થિત રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી ખાતે વિવિધ અભ્યાસક્રમોની 2021-2022ની બેચને ડિગ્રી અને મેરિટ ઈનામો એનાયતનો બીજા દીક્ષાંત સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. પદવીદાન સમારોહ પ્રસંગે યુનિવર્સિટી દ્વારા કુલ 319 વિદ્યાર્થીઓને પુરસ્કાર આપવામાં આવ્યા હતા. જેમાં 23 ડિપ્લોમા વિદ્યાર્થીઓ, 123 સ્નાતક, 126 અનુસ્નાતક અભ્યાસક્રમોના, 44 પીજી ડિપ્લોમા, 1 એમ. ફિલના વિદ્યાર્થી અને 2 પીએચ.ડી વિદ્યાર્થીઓ છે. દીક્ષાંત સમારોહના મુખ્ય મહેમાન રાજનાથસિંહના હસ્તે પીજી કોર્સના 10 વિદ્યાર્થીઓ, 2 પીએચડી સ્કોલર્સને યુનિવર્સિટી ગોલ્ડ મેડલ એનાયત કરાયા હતા.

કેન્દ્રીય રક્ષા મંત્રી રાજનાથ સિંહે તેમના પ્રવચનમાં આતંકવાદ અને ઉગ્રવાદના સમય બાદ દેશની શાંતિમાં સાયબર વોર અને ઈન્ફર્મેશન વોર જે દેશની આંતરિક અને બાહ્ય સુરક્ષા માટે ખતરા અને પડકારરૂપ હોવાથી રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટીના વિવિધ અભ્યાસક્રમો થકી તૈયાર થયેલા યુવાનો દેશની સેવા અને સુરક્ષામાં મદદરૂપ થનાર હોવાનું અને આ સંસ્થા નજીકના સમયમાં એક ઉત્કૃષ્ટ સીમા ચિન્હ સ્થાપિત કરી દુનિયાના દેશોમાં પણ ડંકો વગાડનાર હોવાનો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. વધુમાં તેમણે આત્મરક્ષાનો ગૌરવશાળી ઈતિહાસ ભારત સિવાય કોઈ દેશ પાસે નહીં હોવાનું પણ જણાવ્યું હતું. આ પ્રસંગે રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ પણ ઉપસ્થિત રહેતા યુનિવર્સિટીના કુલપતિ પ્રો. ડો. બિમલ એન. પટેલ સહિત ઉપસ્થિત રહ્યા હતા

# 1.10 લાખની લાંચ લેવા ઉદેપુર પહોંચેલા ગાંધીનગરના 2 હેડ કોન્સ્ટેબલની ધરપકડ



ગુજરાત | વંદન

ગાંધીનગર જિલ્લાના રખિયાલ પોલીસ સ્ટેશનના બે હેડ કોન્સ્ટેબલ રાજસ્થાનના ઉદેપુર લાંચ લેવા પહોંચ્યા હતા. પ્રોહીબિશનના કેસમાંથી નામ હટાવવા માટે 1.10 લાખની લાંચ લેવા માટે બંને આરોપી ઉદેપુર પહોંચ્યા હતા. રખિયાલ પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ મહેશ ચૌધરી અને ભરત પટેલ ઉદેપુર એસીબીના હાથે ઝડપાયા છે. બંને આરોપીઓ દ્વારા 2 લાખ રૂપિયાની લાંચ માંગવામાં આવી હતી. અંતે 1.10 લાખ રૂપિયા નક્કી થતાં બંને હેડ કોન્સ્ટેબલ લાંચ લેવા માટે ઉદેપુર પહોંચ્યા હતા. જોકે ઉદેપુર એસીબીએ ટ્રેપ ગોઠવીને બંનેને ઝડપી પાડ્યા હતા, જેમાં ગાંધીનગરના વાસણા ચૌધરી ગામના રહેવાસી મહેશ ગુણવંતભાઈ ચૌધરી અને ભરતભાઈ મણાભાઈ પટેલ લાંચ લેતા ઝડપાઈ ગયા હતા.

## ચાર ડઝન બેઠકો એવી છે જ્યાં મુખ્ય વિપક્ષી પાર્ટી કોંગ્રેસ પણ જીતની રાહ જોઈ રહી છે...

# ગુજરાતમાં આ પાંચ બેઠકો જીતવી ભાજપ માટે પ્રતિષ્ઠાનો પ્રશ્ન

ગુજરાત | વંદન




ગુજરાત વિધાનસભાની ચૂંટણીને લઈને કાઉન્ટડાઉન શરૂ થયું છે. ગમે ત્યારે ચૂંટણીઓ જાહેર થાય તેમ છે. કેમ કે હિમાચલની ચૂંટણીઓ જાહેર થઇ ગઇ છે અને હવે ગુજરાતનો વારો છે. આપ પાર્ટીની એન્ટ્રીથી રાજકારણ ગરમાયેલુ છે. છેલ્લા ઘણા સમયથી ગુજરાતમાં ભાજપ કોંગ્રેસન વચ્ચે જ ચૂંટણી થતી આવી છે. જ્યારે ગુજરાતમાં ઘણી એવી બેઠકો છે, કે જ્યા ભાજપ કે કોંગ્રેસ જીત નથી મળવી શકી. ગુજરાતમાં વિધાનસભાની એક ડઝન જેટલી બેઠકો એવી છે જ્યા છેલ્લા ઘણા સમયથી ભાજપ સત્તામાં હોવા છતા પણ જીત નથી મેળવી શક્યું. જો કે, આ જ સમયગાળામાં રાજ્યમાં લગભગ ચાર ડઝન બેઠકો એવી છે જ્યાં મુખ્ય વિપક્ષી પાર્ટી કોંગ્રેસ પણ જીતની રાહ જોઈ રહી છે.

ચૂંટણીપંચની વેબસાઈટ પરથી મળેલી માહિતી પ્રમાણે, ગુજરાતમાં 1998 થી 2017 સુધી યોજાયેલી પાંચ વિધાનસભાની ચૂંટણીમાં ભાજપ જે બેઠકોને જીતી નથી શકી. તેમાં બનાસકાંઠા જિલ્લાની દાંતા, સાબરકાંઠામાં ખેડબ્રહ્મા, અરવલ્લીમાં ભિલોડા, રાજકોટની જસદણ અને ધોરાજી, ખેડા જિલ્લાની મહુધા, આણંદની બોરસદ, ભરૂચની ઝઘડિયા અને તાપી જિલ્લાની વ્યારા બેઠકનો સમાવેશ થાય છે. જેમાંથી દાંતા, ખેડબ્રહ્મા, ઝગડિયા અને વ્યારા અનુસૂચિત જનજાતિ માટે અનામત બેઠકો છે, જ્યારે જસદણ, ધોરાજી, મહુધા અને બોરસદ સામાન્ય કેટેગરીમાં આવે છે.

વલસાડ જિલ્લાની કપરાડા પણ અસ્તિત્વમાં આવી હતી. 2012ની વિધાનસભાની ચૂંટણીમાં અહીંથી કોંગ્રેસના જીતુભાઈ હરીભાઈ ચૌધરી જીત્યા હતા. સીમાંકન પહેલા આ બેઠક મોટા પોંઢાના નામે જાણીતી હતી. કપરાડા બેઠક 2008માં તેના મોટા જનજાતિ વર્ગ માટેની અનામત બેઠકો છે. ગુજરાતની 182 સભ્યોની વિધાનસભામાં અનુસૂચિત જનજાતિ માટે 27 અને અનુસૂચિત જાતિ માટે 13 બેઠકો અનામત રાખવામા આવેલી છે. આ વર્ષના અંત સુધીમાં ગુજરાત વિધાનસભાની ચૂંટણી યોજાવાની છે.

ગુજરાતમાં નેવુના દાયકાથી ભાજપનો દબદબો યથાવત છે. અને 1995 પછીથી આજ સુધી વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસનું પ્રદર્શન 2017ને છોડીને ખુબ જ ખરાબ રહ્યું છે. આ દરમિયાન ચાર ડઝન બેઠકો એવી છે, જ્યા તે ક્યારેય જીતી શક્યું નથી. જેમાં મુખ્ય અમદાવાદ જિલ્લાની દસક્રોઈ, સાબરમતી, એલિસ બ્રિજ, અસારવા, મણીનગર અને નરોડા; સુરત જિલ્લાની માંડવી, માંગરોલ, ઓલપાડ, મહુવા અને સુરત ઉત્તર; વડોદરા જિલ્લાની વડોદરા, રાવપુર અને વાઘોડિયા; નવસારી જિલ્લાની નવસારી, જલાલપુર અને ગણદેવી; ભરૂચ જિલ્લાની અંકલેશ્વર; ખેડા જિલ્લાની નડિયાદ, પંચમહાલની સહેરા, સાબરકાંઠાની ઈડર, મહેસાણાની વિસનગર, બોટાદ જિલ્લાની બોટાદ, જુનાગઢ જિલ્લાની કેશોદ, પોરબંદર જિલ્લાની કુતિયાના, રાજકોટ જિલ્લાની ગોંડલ અને સુરેન્દ્રનગર જિલ્લાની વઢલવાણ બેઠક મુખ્ય છે. આટલા લાંબા સમયથી સત્તામાં હોવા છતાં જે રીતે ભાજપ ગુજરાતના મોટાભાગના શહેરી વિસ્તારોમાં એકતરફી જીત મેળવી રહ્યું છે. તેવા જ પ્રકારે રાજ્યની અનામત બેઠકો પર જીત મેળવામાં સફળતા નથી મેળવી શક્યું. જ્યારે કોંગ્રેસે સત્તાથી દૂર હોવા છતાં પણ ભાજપને આ બેઠકો પર જોરદાર ટક્કર આપી છે. અને કદાચ આ જ કારણ હોઈ શકે કે ભાજપે જે પાંચ જિલ્લામાં ‘ગુજરાત ગૌરવ યાત્રા’ના રૂટની પસંદગી કરી છે. તેમાં આદિવાસી બહુમતી ધરાવતા વિસ્તારોનું ખાસ ધ્યાન રાખવામાં આવ્યું છે.

1985માં ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી માધવસિંહ સોલંકીના નેતૃત્વમાં કોંગ્રેસે 149 બેઠકો પર જીત મેળવી હતી. કોંગ્રેસની આ સફળતાનું કારણ ક્ષત્રિય, હરિજન, આદિવાસી અને મુસ્લિમોને એકસાથે લાવવાની ‘ખામ’ રીત કામ લાગી હોવાનું માનવામાં આવે છે. 2017ની વિધાનસભા ચૂંટણીમાં ભાજપને કુલ 99 બેઠકો પરથી જીત મળી હતી. જેમાં નવ બેઠકો અનુસૂચિત જનજાતિ માટે અને સાત બેઠકો અનુસૂચિત જાતિ માટે અનામત રાખવામાં આવી હતી. ગત ચૂંટણીમાં કોંગ્રેસે 77 બેઠકો પર જીત મેળવી હતી. જેમાંથી 15 બેઠકો અનુસૂચિત જનજાતિ માટે અને પાંચ બેઠકો અનુસૂચિત જાતિ માટે અનામત હતી..

# અમદાવાદ: ભીડમાં મહિલાઓની સુરક્ષા માટે સિવિલ ડ્રેસમાં પોલીસ તૈનાત; આડેધડ પાર્કિંગ મોંઘુ પડશે

ગુજરાત | વંદન

દિવાળીના તહેવારને આડે હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે, તેવામાં તહેવારમાં લોકોની મજા ન બગડે તે માટે શહેર ટ્રાફિક પોલીસ દ્વારા ખાસ એક્શન પ્લાન બનાવવામાં આવ્યો છે. ખરીદી સમયે લોકોની ભીડમાં ટ્રાફિકની સમસ્યા ન સર્જાય, છેડતીની ઘટના ન બને અને કોઈ અનિચ્છીનીય બનાવ ન બને તથા કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે હેતુથી પોલીસે ખાસ આયોજન કર્યું છે.

દિવાળીને લઈને ટ્રાફિક પોલીસ સક્રિય થઈ છે. શહેરની સલામતી માટે વધુ 500 હોમગાર્ડ આજથી ફીલ્ડમાં લેવાશે. તાલીમમાં રહેલા 700 ટીઆરબી જવાનોને નોકરી ફાળવવામાં આવશે. પોલીસ સ્ટેશનનો સ્ટાફ અને ટ્રાફિક પોલીસ સંયુક્ત રીતે ટ્રાફિક નિયમન કરશે. સાથે જ મોલ, રેલવે સ્ટેશન, એસટી સ્ટેશન અને ભીડવાળા વિસ્તારમાં ખાસ પોલીસ પણ રખાશે. દિવાળીના પર્વને લઈને આ વર્ષે બજારમાં ભીડ જોવા મળી રહી છે. તેવામાં શહેર પોલીસ માટે ટ્રાફિક મેનેજમેન્ટની સાથે બજારોમાં ભીડને પણ મેનેજ કરવી ચેલેન્જીંગ બાબત બની જાય છે.

અમદાવાદ શહેર પોલીસે આ વખતે દિવાળીને લઈને આ એક્શન પ્લાન બનાવ્યો છે. જેમાં આજથી 500 જેટલા નવા હોમગાર્ડને લેવામાં આવી રહ્યા છે. સાથે જ 500 ટ્રાફિક બ્રિગેડ જવાનો અને તાલીમમાં રહેલા 700 ટીઆરબીને પણ પોસ્ટિંગ આપી પોલીસ સ્ટેશન ફાળવી દેવાયું છે.

દિવાળીના પર્વ દરમિયાન શહેર પોલીસની સાથે સાથે ટ્રાફિક પોલીસની મદદ રહેશે અને બજારમાં વધુ ભીડ હોવાથી પોલીસ પણ બંદોબસ્તમાં તૈનાત રહેશે. શી ટીમની સાથે સાથે ટ્રાફિકના જવાનોને રાખવામાં આવશે તેવું ટ્રાફિક જેસીપી મયંકસિંહ ચાવડાએ જણાવ્યું છે.

મહિલાની સુરક્ષા માટે ખાસ સિવિલિયન મહિલા પોલીસ રહેશે. 70 હોક બાઈક અને 70 પીસીઆર વાન રહેશે. ફિલ્ડમાં90 શી ટીમ બજારોમાં સલામતીનું ધ્યાન રાખશે. ગેરકાયદે પાર્કિંગ અને ટ્રાફિક જામ દૂર કરવા 14 ક્રેઈન રખાશે. ચાર રસ્તાને જરૂરિયાત મુજબ ખુલ્લા કરાશે અને સિગ્નલના સમયમાં જરૂર મુજબ ફેરફાર કરી બ્લિન્કર મોડ પર રખાશે. અમદાવાદના મોલ, બસ , રેલ્વે અને મેટ્રો સ્ટેશનની સાથે ભીડભાડવાળી જગ્યાઓ પર ખાસ પોલીસ બંદોબસ્ત તહેવારો દરમિયાન રાખવામાં આવશે. મહિલાઓની સુરક્ષા માટે ખાનગી કપડામાં મહિલા પોલીસ તૈનાત રહેશે.




## સોશિયલ મીડિયા પર બાજ નજર રખાશે

શહેર પોલીસ દ્વારા 70 જેટલા હોક બાઈક પણ રાખવામાં આવ્યા છે, યુવતીઓની છેડતી જેવી ઘટનાઓ અટકાવવા માટે ખાસ પેટ્રોલિંગ કરવામાં આવશે. પોલીસની પીસીઆર વાન પણ ટ્રાફિકના સંચાલનમાં મદદરૂપ થશે અને 14 જેટલી ટોઈંગ ક્રેઈન તમામ રોડ ઉપર ટ્રાફિકજામ થાય ત્યાં રોડ પર પાર્ક કરેલા વાહનો ટો કરશે. સાથો સાથ સોશિયલ મીડિયા પર પણ પોલીસ બાજ નજર રાખશે.

# દિવાળી આવતા માણેકચોકના મુખવાસ બજારમાં રોનક આવી

## વિવિધ વેરાઈટીના મુખવાસ વેચાણ અર્થે મુકવામાં આવ્યાં

ગુજરાત | વંદન




દિવાળી પર્વને આડે ગણતરીના કલાકો બાકી રહ્યા છે ત્યારે બજારમાં ખરીદીનો માહોલ જામ્યો છે. પર્વને અનુરૂપ મઠીયા, ચોળાફળી સહિતની વાનગીઓની સાથે સાથે ગારમેન્ટ, ગૃહસજાવટની વસ્તુઓ તેમજ મુખવાસની પણ બજારમાં માંગ વધવા પામી છે. હાલ બજારમાં વિવિધ વેરાઈટીના મુખવાસ વેચાણ અર્થે મુકવામાં આવ્યા છે. જો કે મુખવાસના ભાવમાં સામાન્ય ભાવવધારો નોંધાયો હોવા છતાં ચાલુ વર્ષે સારી ઘરાકી નીકળશે તેવી વેપારીઓ આશા રાખી રહ્યા છે.

દિવાળી પછીના આગલા દિવસે લોકો નવા વર્ષના દિવસે એકબીજાને ઘરે જઈ શુભેચ્છા પાઠવતા હોય છે. સાથે સાથે વર્ષ દરમ્યાન થયેલ ભૂલો અંગે ચર્ચા કરી એકબીજાની ક્ષમાયાચના માંગી નવા વર્ષના આગમનને વધાવતા હોય છે. આ દરમ્યાન ઘરે આવેલ મહેમાનોને નાસ્તો તેમજ મિઠાઈ આપી મ્હોં મીઠુ કરાવવામાં આવતુ હોય છે અને બાદમાં મુખવાસ આપવામાં આવતો હોય છે. જેને પગલે હાલ બજારમાં મુખવાસની ખરીદીમાં તેજી આવી છે. ગત વર્ષે કોરોના મહામારીને લઈ પર્વની ઉજવણી ફીક્કી પડી હતી ત્યારે ચાલુ વર્ષે છુટછાટ મળતા પર્વની ઉજવણીનો ઉત્સાહ અનેરો જોવા મળી રહ્યો છે. જેને પગલે બજારમાં મઠીયા, ચોરાફળી સહિતની વિવિધ વાનગીઓની સાથે સાથે રેડીમેડ ગારમેન્ટ, ગૃહસજાવટની ચીજવસ્તુ સહિતની વસ્તુઓની ખરીદીમાં તેજી આવી છે. સાથે સાથે મુખવાસની ખરીદીમાં પણ લોકો વ્યસ્ત બન્યા છે.

# દિવાળી પર્વ પ્રસંગે વિવિધ શુભ મુહૂર્તો...

## લક્ષ્મી પૂજનનો સચોટ સમય



## આ વખતે બની રહ્યો છે શુભ સંયોગ

સમગ્ર ભારતમાં દિવાળીનો તહેવાર ખૂબ જ ધામધૂમથી ઉજવવામાં આવે છે. તે પ્રકાશ અને ખુશીનો તહેવાર છે. પ્રકાશનો તહેવાર દિવાળી 5 દિવસ સુધી ઉજવવામાં આવે છે. પંચાંગ અનુસાર આ વખતે દિવાળી પર અનેક શુભ સંયોગો બની રહ્યા છે. આવો જાણીએ દિવાળીની તારીખ અને લક્ષ્મી પૂજનનો ચોક્કસ સમય.

### ધનતેરસ-ધનપૂજા-કુબેરપૂજા

ભગવાન ધન્વંતરિ ની પૂજા માટે અને ધનતેરસ-ધનપૂજા-કુબેરપૂજા ચોપડા લાવવા આસો વદ-૧૨ શનિવાર તા. 22-10-22 આ દિવસે તેરસ સાજે 6-02 મિનિટ થી શરૂ થશે માટે ત્યારબાદના શુભ મુહૂર્ત સાંજે 6-07 થી 7-41 , રાત્રે 9-16 થી 10-50, રાત્રે 10-51 થી 12-24, રાત્રે 12-25 થી 01-58 ગણી શકાય.

### ચૌદસ

આસો વદ-૧૩ રવિવાર તા.23-10-22 સાંજે 06-03 મિનિટ પછી ચૌદસ શરુ થશે તેથી સાંજે અને રાત્રીપર્યંત ક્રૂર ગ્રહ પૂજા,માં મહાકાલી, વીર ઘંટાકર્ણ, હનુમાનજી,બટુક ભૈરવ, કાલભૈરવ સહીત અષ્ટ ભૈરવ, વીર સાધના અને દશ મહાવિદ્યાની આરાધના, અનુષ્ઠાન, ઉપાસના માટે ઉત્તમ મુહર્ત ગણાય. આ માટે સાંજે 06-06 રાત્રે 10-50 સુધીનો સમય શ્રેષ્ઠ છે. વળી મોડી રાત્રે 01.58 થી 03.33 પણ શુભ સમય છે.

### દિવાળી ક્યારે છે?

પંચાંગ અનુસાર, દિવાળીનો તહેવાર દર વર્ષે આસો વદ અમાસના દિવસે ઉજવવામાં આવે છે. આ વર્ષે પ્રકાશનો આ તહેવાર 24 ઓક્ટોબર 2022, સોમવારના રોજ છે. સુખ અને સમૃદ્ધિના પ્રતિક એવા દિવાળીના આ તહેવાર પર દેવી લક્ષ્મીની સાથે ભગવાન ગણેશની પણ વિધિવત પૂજા કરવામાં આવે છે.

### દિવાળી શુભ મુહૂર્ત

અમાસ તિથિ શરૂ થશે: 24મી ઓક્ટોબરે 06:03 વાગ્યે
અમાસ તિથિ પૂરી થશે: 24 ઓક્ટોબર 2022 02:44 વાગ્યે
અમાસ નિશિતા સમયગાળો: 23:39 થી 00:31, 24 ઓક્ટોબર
દિવાળી 2022 : 24 ઓક્ટોબર 2022 ના રોજ
અભિજીત મુહૂર્ત: 24 ઓક્ટોબર સવારે 11:19 થી બપોરે 12:05 સુધી
વિજય મુહૂર્ત: 24 ઓક્ટોબર 01:36 થી 02:21 સુધી

### દિવાળી પર લક્ષ્મી પૂજાનો સમય અને મુહૂર્ત

લક્ષ્મી પૂજનનો સમય મુહૂર્ત:
24 ઓક્ટોબર સાંજે 06:53 થી 08:16 સુધી
પૂજા સમયગાળો: 1 કલાક 21 મિનિટ
પ્રદોષ કાળ : 17:43:11 થી 20:16:07
વૃષભ કાળ: 18:54:52 થી 20:50:43

### દિવાળી પર બની રહ્યો છે શુભ સંયોગ

જ્યોતિષીય ગણતરી મુજબ આ વર્ષે દિવાળી 24મી ઓક્ટોબર 2022ના દિવસે સોમવાર છે અને ત્યાર બાદ 26મી ઓક્ટોબરે બુધ ગ્રહ તુલા રાશિમાં પ્રવેશ કરશે. અહીં સૂર્ય, શુક્ર અને કેતુ પહેલેથી જ બિરાજમાન હશે. આનાથી તુલા રાશિમાં અદ્ભુત સંયોગ સર્જાશે. બીજી તરફ દિવાળી પહેલા મંગળ મિથુન રાશિમાં પ્રવેશ કરશે અને શનિ મકર રાશિમાં ગોચર કરશે. આ વખતે આવા શુભ સંયોગો સાથેની દિવાળી અનેક રાશિઓનું નસીબ ખોલી શકે છે.

### ખંડ ગ્રાસ સૂર્યગ્રહણ

25 ઓક્ટોબર મંગળવારે ખંડ ગ્રાસ સૂર્યગ્રહણ આવતું હોય ધોકો ગણાશે અને નૂતન વર્ષના મુહૂર્ત નુતન વર્ષના શુભ મુહૂર્ત ૨૬ ઓક્ટોબરે ગણાશે. જેમાં સવારમાં 06-42 થી 07-08 અને સવારે 08-08 થી 09-33 તથા 10-58 થી 12-00 શુભ મુહૂર્ત છે.

# ચંડોળા તળાવની ઝૂંપડપટ્ટીમાં ભીષણ આગ, 19 ઝૂંપડાઓ બળીને ખાક, જાનહાનિ ટળી

• સિલિન્ડર બ્લાસ્ટ થતાં આગ લાગી, ભારે જહેમત બાદ આગ પર કાબુ

ગુજરાત | વંદન

અમદાવાદના પૂર્વ વિસ્તારમાં આવેલા સૌથી મોટા તળાવ એવા ચંડોળા તળાવની બાજુમાં આવેલી ઝૂંપડપટ્ટીઓમાં બુધવારે વહેલી સવારે ભીષણ આગ લાગી હતી. આગની ઘટનાના પગલે ફાયર બ્રિગેડની આઠ જેટલી ગાડીઓ એમ્બ્યુલન્સ સાથે તાત્કાલિક ઘટના સ્થળે રવાના કરવામાં આવી હતી.

ફાયર બ્રિગેડ દ્વારા જે પણ ઝૂંપડપટ્ટી લાઈનમાં આગ લાગી હતી. તેની બન્ને તરફ વોટર કેનનનો મારો ચલાવી અને એક કલાકમાં જ આગને કાબુમાં લઈ લીધી હતી.

આગની ઘટનામાં કુલ 19 જેટલા ઝૂંપડાઓ બળીને ખાક થયા હતા. સબનસીબે આ આગમાં કોઈપણ પ્રકારની જાનહાની થઈ નથી. અમદાવાદ ફાયર બ્રિગેડ તરફથી મળતી માહિતી મુજબ વહેલી સવારે ચાર વાગ્યાની આસપાસ દાણીલીમડા વિસ્તારમાં ચંડોળા તળાવમાં આવેલી ઝૂંપડપટ્ટીઓમાં આગ લાગી હોવાનો મેસેજ મળ્યો હતો. જેના પગલે ફાયરબ્રિગેડની 8 ગાડીઓ અને એમ્બ્યુલન્સ સાથે રવાના કરવામાં આવી હતી ઝૂંપડપટ્ટીઓમાં આગ શરૂ થઈ ગઈ હતી અને તેમાં ગેસ સિલિન્ડર બ્લાસ્ટ થયા હતા.

## દિવાળીમાં ચોરીની ઘટનાઓ અટકાવવા જ્વેલર્સ એસોસિયેશન સાથે ડીસીપીની મિટિંગ

# અમદાવાદ પોલીસે બનાવ્યો દિવાળી માટે માસ્ટરપ્લાન, પોલીસ કરશે શો-રૂમ બહાર પેટ્રોલિંગ

ગુજરાત | વંદન

દિવાળી એટલે ગુજરાતીઓ ફરવા ઉપડી જાય. દિવાળીના વેકેશનમાં મોટાભાગના ગુજરાતીઓ ફરવા જવાનું પસંદ કરે છે. આવામાં ઘરફોડ ચોરોને લ્હાણી થઈ જાય છે. દિવાળીના વેકેશનમાં બંધ ઘરના તાળા તોડવાની ઘટનાઓ વધી જાય છે. પરિવારો આવીને જુએ તો ઘરના તાળા તૂટેલા હોય, અને ઘરનો સામાન-દાગીનાની ચોરી થતી હોય છે. આવામાં દિવાળીમાં ચોરીની ઘટનાઓ અટકાવવ માટે અમદાવાદ પોલીસે માસ્ટર પ્લાન બનાવ્યો છે.

દિવાળીના પર્વની હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે. ત્યારે ઘરફોડ ચોરી કારના કાચ તોડીને ચોરી કે પછી નજર ચૂકવીને ચોરી, ચેન સ્નેચિંગ, મોબાઈલ સ્નેચિંગના બનાવો બનતા અટકે તે માટે અમદાવાદ ઝોન-7 ડીસીપી દ્વારા ખાસ એક્શન પ્લાન બનાવવામાં આવ્યો છે. જેમાં દિવાળીના દિવસોમાં બંધ રહેતા જ્વેલરી શો રૂમ તથા અન્ય શો રૂમમાં ચોરી ન થાય તે માટે ખાસ પ્લાન બનાવ્યો છે. આ માટે જ્વેલર્સ એસોસિયેશન સાથે ડીસીપીની મિટિંગ યોજાઈ હતી અને જ્વેલર્સને સુરક્ષાની પોલીસ દ્વારા ખાતરી આપવામાં આવી છે.

આ બેઠકમાં ચર્ચાયું કે, CCTV જેવા સુરક્ષાના સાધનો પણ જ્વેલર્સની દુકાનો અને શો રૂમમાં હોવા જરૂરી છે. ડીસીપી બીયુ જાડેજા દ્વારા દરેક પોલીસ સ્ટેશનમાં કુલ પાંચ ટીમ બનાવવામાં આવી છે. અને આ પાંચે ટીમ દ્વારા વિસ્તારમાં જ્યાં આંગડિયા પેઢી, જ્વેલર્સ અને ખરીદી માટેના બજારો આવેલ છે ત્યાં રાઉન્ડ ધ ક્લોક પેટ્રોલિંગ કરવામાં આવી રહ્યું છે. પોલીસ સાદા કપડા પહેરીને પેટ્રોલિંગ કરશે, જેથી વધુ નજર રાખી શકાય. આ સાથે જ શો રૂમની આસપાસ ફરતા શંકાસ્પદ વ્યક્તિની પુછપરછ કરવામાં આવી રહી છે. જ્યારે ખરીદી માટે મોટી સંખ્યામાં લોકો આવતા હોય છે એટલે કે સાંજ ના 5 થી 10 વાગ્યા સુધી પેટ્રોલિંગ કરવામાં આવી રહ્યું છે.

## ફરવા જાઓ તો પોલીસને જાણ કરવી

ફરવા જતા હોય તો સ્થાનિક પોલીસમાં જાણ કરવી. તેમજ જો વધુ દિવસો ફરવા જવાનુ પ્લાનિંગ હોય તો અચૂક જાણ કરવી, જેથી તમારા ઘરના તાળાં તૂટતા બચાવી શકાય. લોકો ફરવા કે અન્ય સંબંધીને ત્યાં બહારગામ જાય ત્યારે જ તસ્કરો ઘર કે દુકાનને નિશાન બનાવતા હોય છે. આવામાં ચેતીને રહેવુ યોગ્ય છે.



# અમદાવાદમાં પોલીસ કર્મી લાંચ લેતા ઝડપાયો, નાના કામના માંગ્યા 2.25 લાખ રૂપિયા

## દારૂનો કેસ ન કરવા કોન્સ્ટેબલે 5 લાખ માંગ્યા, સવા બે લાખ નક્કી કર્યા - એક લાખ લેતા એસીબીએ ઝડપી પાડ્યો

ગુજરાત | વંદન

શહેર પોલીસમાં દિવાળી આવતા જ પોલીસ કર્મીઓ અને અધિકારીઓ ખુલ્લેઆમ ઉઘરાણા કરવા નીકળી પડ્યા છે. તેવામાં એસીબી પણ સક્રિય થયું છે. દિવાળી આવતા જ ખર્ચો પાણી કાઢવા માટે તોડ કરી લાંચ લેનાર એક પોલીસકર્મીને ઝડપી લેવાયો છે. આરોપીએ એક નાના કામના 5 લાખ માંગ્યા હતા. જોકે, રકઝક બાદ 2.25 લાખ નક્કી કરી એક લાખ લેતા જ એસીબીએ ઝડપી પાડ્યો હતો. જે પાનના ગલ્લાવાળાને ત્યાં રૂપિયા મૂક્યા હતા તેની પણ એસીબીએ અટકાયત કરી છે. સુત્રોના જણાવ્યા મુજબ, આ ટ્રેપ થતા જ એક હે.કો. અને બે પો.કો. એમ કુલ ત્રણ લોકો બુટલેગરને પકડ્યો હતો અને 1 લાખ લઈ બીજા પૈસાનો હવાલો પ્રકાશ રબારીને આપ્યો હોવાનું ચર્ચાઈ રહ્યું છે. સાથે જ આ ત્રણ કર્મચારીઓ હાલમાં રજા ઉપર ઉતરી ગયા હોવાની પણ ચર્ચા ચાલી છે.

એક જાગૃત નાગરિક તરફથી એસીબીને માહિતી આપવામાં આવી હતી કે, નારણપુરા પોલીસ સ્ટેશનનો કર્મચારી લાંચની માંગ કરી રહ્યો છે. જે માહિતીના આધારે એસીબીની ટીમે પ્રકાશ અમૃતભાઈ રબારી નામના નારણપુરા પોલીસ મથકના પોલીસ કોન્સ્ટેબલ અને તેની સાથેના પ્રજાજન ભરતભાઈ ચંપકલાલ પટેલની ધરપકડ કરી હતી. એસીબીએ તપાસ કરતા સામે આવ્યું કે, ફરિયાદીએ અસારવા, શાહીબાગ ખાતેથી તેમના કાકાને પાર્સલ લેવા માટે મોકલી આપ્યા હતા. જે પાર્સલમાં બે પેટી દારૂ હોવાનું ફરિયાદીએ તેઓના કાકાને જણાવ્યુ હતુ.

જેથી ફરીયાદીના કાકા શાહીબાગ ખાતેથી રિક્ષામાં પાર્સલ લઈને જતા હતા. જે સમય દરમિયાન શાસ્ત્રીનગર ખાતે પોલીસ કર્મચારીઓએ રિક્ષા રોકી અને રીક્ષાને ફૂટબોલ ગ્રાઉન્ડ, શાસ્ત્રીનગરમાં મૂકી દીધી હતી. જે રિક્ષામાં રહેલા દારૂની બે પેટીનો કેસ નહીં કરવા માટે આરોપી પોલીસ કોન્સ્ટેબલે 5 લાખ માંગ્યા હતા અને રકઝકના અંતે 2.25 લાખ રૂપિયા લાંચની રકમ નક્કી કરી હતી. જે પૈકી ગઈકાલે નારણપુરા અંકુર રોડ પરશિવ કોમ્યુનિકેશન દુકાનની સામે આરોપીઓ 1 લાખની લાંચ લેતા રંગેહાથ ઝડપાઈ ગયા હતા.

આરોપીઓએ 1 લાખ લઈ લીધા બાદ બાકીના રૂ.૧,૨૫,૦૦૦/- બે દિવસ પછી આપવા માટે જણાવેલ. પરંતુ ફરીયાદી લાંચની રકમ આપવા માંગતા ના હોય, જેથી એસીબીનો સંપર્ક કરી ફરીયાદ આપતા ફરિયાદીની ફરિયાદના આધારે લાંચનુ છટકુ ગોઠવ્યુ હતું. જેમાં પોલીસ કોન્સ્ટેબલએ ફરીયાદી સાથે હેતુલક્ષી વાતચીત કરી અને લાંચના રૂપિયા ૧,૦૦,૦૦૦/- સ્વીકારી લીધા હતા. બાદમાં ગુજરાત હાઉસિંગ બોર્ડ કોમ્પલેક્ષમાં રહેલ એપેક્ષ પાન પાર્લરના માલિકને આપેલ અને આરોપીએ પોતાની પાન પાર્લરની દુકાનના ડ્રોવરમાં લાંચની રકમ રૂ.૧,૦૦,૦૦૦/- લાખ મૂકી દીધા હતા. જેની ટ્રેપ કરતા બને આરોપીઓ ઝડપાઈ ગયા હતા.

# અમદાવાદમાં સાબરમતી ખાતે આંતરરાષ્ટ્રીય ગૌ - મહોત્સવનું ભવ્ય આયોજન

ગુજરાત | વંદન

અમદાવાદ શહેરના સાબરમતી વિસ્તારમાં ભાટ ખાતે આંતરરાષ્ટ્રીય ગૌ મહોત્સવનું આયોજન કરવામાં આવી રહ્યું છે. પરમ શ્રદ્ધેય ગૌઋષિ સ્વામી શ્રી દત્તશરણાનંદજી મહારાજની પ્રેરણાથી લોક પ્રસિદ્ધ ગૌસેવા સંસ્થાન શ્રી ગોધામ મહાતીર્થ પથમેડા દ્વારા અંતરરાષ્ટ્રીય ગૌભક્તિ મહોત્સવનું અભૂતપૂર્વ આયોજન થવા જઈ રહ્યું છે. આ મહોત્સવ માં વિશ્વનાં સૌ પ્રથમ સુરભી શક્તિપીઠનું નિર્માણ સાબરમતી નદીના કિનારે થવા જઈ રહ્યું છે. ૧,૫૧,૦૦૦ થી પણ વધારે ગૌવંશની સેવા વર્તમાનમાં ગોધામ મહાતીર્થ પથમેડા દ્વારા કરવામાં આવી રહી છે, તેમજ ભગવાન શ્રીકૃષ્ણના અવતરણને ૫૨૫૨ વર્ષ થયા નિમિત્તે તુલસી શાલીગ્રામ વિવાહનું પણ તારીખ 4 નવેમ્બરના રોજ ભવ્ય આયોજન કરવામાં આવેલ છે.

## તસ્વીર સમાચાર

(તસ્વીરો- મૌર્ય ભાગ્યવાન)



સુશોભન : દિવાળીના તહેવારોમાં ઘરમાં સાજ-શણગાર, રંગ-રોગાણ કરવામાં આવે છે. ઘરની રોશની અને સજાવટ માટે અમદાવાદના ગાંધીરોડ ઉપરથી ચાઈનીઝ લાઈટો ખરીદતા લોકોની ભીડ જોવા મળે છે.




જ્યાં જ્યાં નજર મારી ફરે, ભીડ ભરી છે જન જનની... દિવાળીના તહેવારોમાં અમદાવાદમાં ગરીબ અને મધ્યમ વર્ગની ખરીદી માટેના સ્થળોએ લોકોની ભારે ભીડ જોવા મળી રહી છે. જે દર્શાવે છે કે, આ વખતે દિવાળી સારી છે..




ઉડન ખટોલા : ગામઠી ભાષામાં જેને ઉડન ખટોલા કહેવામાં આવે છે, તે હેલિકોપ્ટરની હારમાળા અમદાવાદના રિવરફ્રન્ટ પર એર શો દરમિયાન જોવા મળી હતી. તેમાંની એક તસવીર અત્રે પ્રસ્તુત છે.




કોંગ્રેસના અધ્યક્ષ તરીકે મલ્લિકાર્જુન ખડગે વિજેતા જાહેર થતા અમરાઈવાડી વિધાનસભામાં કોંગ્રેસપક્ષના કાર્યકરોએ ફટાકડા ફોડી, મીઠાઈ વહેંચી હતી.

## અમદાવાદમાં ખારીકટ કેનાલ ડેવલોપમેન્ટના કામો માત્ર ચૂંટણીલક્ષી જાહેરાત છે

# વિપક્ષનો આરોપ: સરકાર પ્રજાને વિકાસની લોલીપોપ આપે છે




ગુજરાત | વંદન

અમદાવાદ શહેરના પૂર્વ વિસ્તારમાંથી પસાર થતી ખારીકટ કેનાલના ડેવલપમેન્ટ માટે કરોડો રૂપિયાના કામ મુકવામાં આવ્યા છે. જેનો કોંગ્રેસ દ્વારા વિરોધ કરવામાં આવ્યો છે. વિપક્ષના નેતા શહેઝાદ ખાન પઠાણે જણાવ્યું હતું કે, ખારીકટ કેનાલના ડેવલપમેન્ટ કરવા 2017થી ભાજપના સત્તાધીશો દ્વારા વારંવાર બજેટમાં મુકવામાં આવતાં હતાં તે કામો માટે નાણાંની જોગવાઈ પણ કરવામાં આવતી હતી પરંતુ તે કામ કરવા બાબતે કોઈ પણ પ્રકારનું આયોજન હાથ ધરવામાં આવતું ન હતું. કોર્પોરેશનની ચૂંટણીમાં પણ વાયદા કર્યા હતા તેમ આ વખતે પણ ગુજરાત વિધાનસભાની ચૂંટણીની આચારસંહિતા લાગુ થાય તે પહેલાં તેનું ખાતમુર્હત કરી માત્ર વાહવાહી મેળવવા બાબતે સત્તાધારી ભાજપ દ્વારા ચૂંટણીલક્ષી આ કામ મંજુર કરશે.

ગુજરાત વિધાનસભાની ચૂંટણી નજીક આવી રહી છે ત્યારે છેલ્લે મળનારી કમિટીમાં ખારીકટ કેનાલના ડેવલપમેન્ટ કરવા બાબતે કામો લાવવામાં આવ્યા છે. ત્યારે અમદાવાદ શહેરના વિકાસમાં કોંગ્રેસ પક્ષ હમેશાં સાથ-સહકાર આપતો આવ્યો છે. પરંતુ સત્તાધારી ભા.જ.પ દ્વારા કોઈ નક્કર આયોજન વગર પ્રજાને લોલીપોપ આપવામાં આવે છે તે સામે અમારો સખ્ત વિરોધ છે. જેથી ગુજરાત વિધાનસભાની ચૂંટણીની આચારસંહિતા લાગુ થાય તે પહેલાં તેનું ખાતમુર્હત કરી માત્ર વાહવાહી મેળવવા બાબતે સત્તાધારી ભાજપ દ્વારા ચૂંટણીલક્ષી જાહેરાત કરવામાં આવી રહી છે.

આ કામ માટે સૌથી પહેલાં વર્લ્ડ બેંક પાસેથી 700 કરોડ મેળવવાનું આયોજન હતું પરંતુ વર્લ્ડ બેંક તરફથી લોન આપવા બાબતે સ્પષ્ટ નનૈયો હોવાને કારણે હવે રાજ્ય સરકાર પાસેથી 1200 કરોડ મેળવવાનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે પરંતુ વાસ્તવિકતા એ છે કે રાજ્ય સરકાર પાસે મ્યુનિ.કોર્પોના જુના બાકી નાણાં લેવાના કેટલાય સમયથી બાકી છે. જેમાં 70:20:10 ની સ્કીમના રૂ. 75 કરોડ, સ્વર્ણિમ ગુજરાતના અંદાજે 300 કરોડ, ઓકટ્રોયની અવેજીમાં અપાતી ગ્રાન્ટના કરોડો રૂપિયા આમ અનેક રકમ બાકી નીકળે છે તેમજ રાજ્ય સરકારની નાણાંકીય પરિસ્થિતી કથળવા પામી છે.

આવી સ્થિતિમાં રાજ્ય સરકાર ખારીકટ કેનાલના ડેવલપમેન્ટ કરવા બાબતે નાણાંકીય સહાય કરશે તે શકાંસ્પદ બાબત છે જેથી ખારીકટ કેનાલના ડેવલપમેન્ટ કરવાની વાતો કોઈ નક્કર આયોજન વગર કરી હોવાથી હોઈ તે માત્ર ચૂંટણીલક્ષી પ્રજાને લોલીપોપ આપવા સમાન બની રહેવા પામે તો નવાઈજનક નથી. ભાજપ સત્તાધીશો દ્વારા શહેરીજનોને અમદાવાદ શહેરને શાધાંઈ બનાવવા, થર્ડ ફાસ્ટેસ્ટ સીટી ઈન ધ વર્લ્ડ ,ગ્રીન સીટી- કલીન સીટી, લવેબલ અને લીવેબલ સીટી, ડસ્ટ ફ્રી સીટી, ઝીરો વેસ્ટ સીટી જેવા આપેલા માત્ર ને માત્ર ચૂંટણીલક્ષી વચનો વાહવાહી મેળવવા બાબતે આપ્યા હતા.

સાપ્તાહિક ગુજરાત વંદન **સંપાદકીય....**

# કેરળ જેવા 100 ટકા સાક્ષરતા ધરાવનાર રાજ્યમાં નરબલિની ઘટનાનો મર્મ એ છે કે ભણ્યાં પણ ગણ્યાં નહીં..! ધિક્કાર છે..

સમગ્ર દેશમાં સૌથી સાક્ષર અને સુશિક્ષિત કોઇ રાજ્ય હોય તો તે છે કેરળ. કેરળમાં 100 ટકા સાક્ષરતા અને કેરળના લોકો ભણીગણીને રોજગારી માટે અખાતના દેશ ભણીની વાટ પકડે છે. સામ્યવાદી પક્ષની સરકાર વર્ષેથી છે. જો કે બાબત રાજકારણની નથી પણ જે રાજ્ય સાક્ષરતામાં 100 ટકા હોય તે રાજ્યમાં અંધશ્રધ્ધામાં આવીને સદાય યુવાન રહેવા માટે કોઅ તાંત્રિકની વાતોમાં આવીને બે નિર્દોષ મહિલાઓની નરબલિ ચડાવવાની ઘટનાએ અનેક સવાલો માનવીનાના મનમાં પેદા કર્યા છે.

કેરળના પથનમથિટ્ટા જિલ્લાના એલનથૂર ગામમાં નરબલિની આઘાતજનક ઘટના બની છે. આ ગામમાં રહેતા ભગવલસિંહ અને તેની પત્ની લૈલાએ હંમેશા યુવાન રહેવા માટે બે મહિલાની હત્યા કરીને તેમનું લોહી પીધું અને વાંચીને ચિતરી



ચડે અને ધૃણા ઉપજે તેમ તેમનાં અંગો કાપીને પછી માંસ પણ ખાધું...! આવુ કરતી વખતે તેમનું મન કઈ રીતે ચાલ્યુ હશે કે તેઓ શું કરવા જઈ રહ્યાં છે..?

કોઈ રશીદ ઉર્ફે મોહમ્મદ શફી નામના તાંત્રિકે દંપતિ ભગવલ-લૈલાને સલાહ આપેલી કે, કાળા જાદુની મદદથી હંમેશાં યુવાન રહી શકાય છે પણ તેના માટે માનવ માંસ ખાવું પડશે. ભગવલ-લૈલાએ આ નરાધમ તાંત્રિકની વાતોમાં આવીને હત્યા કરી નાંખી. પોલીસે ભગવલ, લૈલા અને રશિદ ત્રણેયને ઉઠાવીને જેલમાં નાંખ્યા છે.. ત્રણેયની પૂછપરછમાં બહાર આવેલી વાતો ભલભલાની કંપારી છૂટી જાય એવી છે. માણસો અંધશ્રધ્ધા અને સ્વાર્થના કારણે કેવા અને કેટલી હદે શૈતાન-હેવાન બની જાય છે તેનો આ કિસ્સો આજની 21મી સદીના સભ્ય સમાજ માટે પણ શરમજનક, કલંકરૂપ અને આઘાતજનક કહી શકાય.

કોઈના નરબલિથી સદાય યુવાન રહેવાતુ હોય તો વિશ્વમાં હિટલર, ઈદી અમીન જેવા કેટલાય તાનાશાહો આજે હયાત હોત અને સદાય યુવાન દેખાતા હોત..! પણ શું તેઓ આજે હયાત છે ખરા..? સમયના ચક્રની સાથે એ તાનાશાહોની સાથે ભલભલા સિતારાઓ, અભિનેત્રીઓ અને લેડી ડાયના તથા મેરોલિન મનરો જેવી લલનાઓ મટી ગઇ. ત્યારે કેરળના એ શિક્ષિત દંપત્તિએ તાંત્રિકના બહકાવામાં આવીને જે માનવ હત્યાઓ કરી તે દર્શાવે છે કે કેરળ સો ટકા સાક્ષર અને બુધ્ધિશાળી છે એ માત્ર ભ્રમ છે અથવા કેરળ ગુજરાતી કહેવતમાં કહીએ તો ભણ્યુ પણ ગણ્યું નહીં...? દેશના કોઈ દૂર અંતરિયાળ ગામમાં આવી ગટના બને તો એક ઘડી સમજી શકાય કે ત્યાં લોકો ભણેલા-ગણેલાં નથી. હજુ આજે પણ ગામડાઓમાં કેટલીક મહિલાઓને ડાકણમાં ખપાવીને તેમની હત્યા કરવામાં આવે છે. આવી અંધશ્રધ્ધા જો કેરળ જેવા સૌથી વધારે સુશિક્ષિત રાજ્ય કેરળમાં હોય તો બીજા રાજ્યોને દોષ આપવુ અયોગ્ય ગણાશે.

**અગાઉ ખલનાયક દ્વારા હીરો કે તેના પરિવાર સાથે બદલો લેવા હીરોની બહેન પર બળાત્કાર થતો હતો....**

**કેટલાક ગુનેગારોએ એવા કબૂલાતી નિવેદનો આપ્યા હતા કે તેમને હિન્દી ફિલ્મોના બળાત્કારના દ્રશ્યોમાંથી પ્રેરણા મળી હતી..!**

# બોલીવુડ ફિલ્મોમાં સ્ત્રી અભિવ્યક્તિની બદલાતી જતી તસ્વીર અને પ્રવાહ..!



હિન્દી ફિલ્મો અને ફ્લોપ જાણે કે એકબીજાના પર્યાય બની ગયા હોય તેમ કરોડો કરોડો રૂપિયાના ખર્ચે બનેલી બોલીવુડની ફિલ્મો બોયકોટના કારણે બોક્સ ઓફિસ પર ટાંય ટાંય ફિસ્સ..થઈ છે. ફિલ્મો દરેક દોરમાંથી પસાર થાય છે અને તેના પાત્રો પણ એ દોરમાંથી પસાર થાય છે. અને સમયની કસોટી પર ખરા ઉતરવાનો પ્રયાસ કરે છે.

હિન્દી ફિલ્મોમાં આવો જ એક દોર રેપ સીનનો ચાલ્યો હતો. જો કે બળાત્કારના દ્રશ્યો ફિલ્માવવામાં સમયની સાથે બદલાવ આવ્યો છે. તાજેતરમાં જ દિગ્દર્શક મનીષ મુન્દ્રાની ફિલ્મ સિયા રીલિઝ થઈ, જે યુપીના હાથરસ અને ઉન્નાવમાં બળાત્કારની જઘન્ય ઘટનાઓથી પ્રેરિત હોવાનું ફિલ્મ ક્રિટીક્સને જણાય છે. આ ફિલ્મમાં બળાત્કાર પીડિતા અને તેના પરિવારને ન્યાય મેળવવા માટે વિવિધ મોરચે લાંબી લડાઈ લડવી પડે છે તે દર્શાવવામાં આવ્યું છે.

ફિલ્મોમાં બળાત્કારના દ્રશ્યો ભારતીય સમાજમાં મહિલાઓની અભિવ્યક્તિ, સ્વતંત્રતા અને સશક્તિકરણ પ્રત્યેના બદલાતા વલણને પણ પ્રતિબિંબિત કરે છે. જ્યારે આપણે હિન્દી સિનેમાના પ્રારંભિક તબક્કા પર નજર કરીએ છીએ, ત્યારે આપણને ફિલ્મોમાં પિતૃસત્તા જોવા મળે છે. અગાઉની ફિલ્મોમાં, સ્ત્રી પાત્રોને પરાધીન અને અબળ તરીકે દર્શાવવામાં આવતા હતા, જે સમાજમાં બીજા-વર્ગના નાગરિક તરીકે સ્ત્રીઓની સ્થિતિ હોવાનનું સૂચક હતું. આ સાથે મહિલાને પણ નબળી કડી તરીકે રજૂ કરવામાં આવી હતી. જેની સ્ત્રીત્વ પર પરિવારનું સન્માન ટકી રહ્યું હતું.

તેથી જ્યારે પણ ખલનાયક પાત્રને હીરો કે તેના પરિવાર સાથે બદલો લેવો પડતો ત્યારે હીરોની બહેન પર બળાત્કાર થતો હતો. આ તે સમયગાળો હતો જ્યારે મુખ્ય નાયિકાને એક ભદ્ર સ્ત્રી તરીકે રજૂ કરવામાં આવી હતી. તેથી તેના પર બળાત્કારનો પ્રયાસ કરવામાં આવ્યો તો પણ તેના પર બળાત્કાર થયો નથી એવુ દર્શાવવાનો પ્રયાસ થતો હતો.. આનું ઉદાહરણ બિમલ રોયની ફિલ્મ મધુમતી છે જેમાં વિલન (પ્રાણ) નાયિકા (વૈજયંતિમાલા) પર બળાત્કાર કરવાનો માત્ર પ્રયાસ કરે છે, બળાત્કાર કરતો નથી.. ફિલ્મોમાં એવુ પણ નક્કી થતું કે ફિલ્મોમાં બળાત્કાર હીરોની બહેનનો થશે કે પછી ગરીબ, દલિત, પછાત વર્ગની છોકરીનો થશે.

ફિલ્મ અભિનેતા યશપાલ શર્મા કહે છે કે સિત્તેરના દાયકાની શરૂઆતમાં હિન્દી સિનેમા પર બજારવાદનું વર્ચસ્વ હતું. મુખ્ય પ્રવાહની હિન્દી ફિલ્મોમાં આપણે આ સ્પષ્ટપણે જોઈ શકીએ છીએ. જેવી રીતે ફિલ્મોમાં આઈટમ નંબર, કોમેડી સિક્વન્સનો સમાવેશ કરવામાં આવ્યો હતો, તેવી જ રીતે ફિલ્મોમાં પણ બળાત્કારની સબસ્ટાન્ડર્ડ સિક્વન્સ ફિલ્માવવામાં આવી હતી. તે જ સમયે, 'રેપ સ્પેશિયાલિસ્ટ' વિલનોનો હિન્દી ફિલ્મોમાં પદાર્પણ થયો હતો.

મનોરંજનમાંથી પૈસા વસૂલવા આતુર ફિલ્મ નિર્દેશકોએ ફિલ્મોમાં અશ્લીલતાને સ્થાન આપવાનું શરૂ કર્યું. ફિલ્મમાં બળાત્કારના દ્રશ્યો માત્ર દર્શકોને સિનેમા હોલ સુધી ખેંચી જવાના ઈરાદાથી મુકવામાં આવ્યા હતા. આ સિવાય આ સીન્સનું કોઈ બેકગ્રાઉન્ડ અને કોઈ જસ્ટિફિકેશન નહોતું. વિલનની ભૂમિકા નિભાવનાર અભિનેતા રણજીતે પોતે જાહેર મંચોમાં કબૂલ્યું છે કે બળાત્કારના દ્રશ્યોમાં અભિનય કરતી વખતે તેને પોતાની જાત પ્રત્યે અણગમો લાગતો હતો.

નવલકથાકાર ધીરેન્દ્ર અસ્થાના કહે છે, "જે ભવ્યતા સાથે મુખ્યપ્રવાહની હિન્દી ફિલ્મોમાં સિત્તેર અને એંસીના દાયકામાં બળાત્કારના દ્રશ્યો ફિલ્માવવાની પરંપરા હતી તે દર્શાવે છે કે ફિલ્મ નિર્માતાઓ, જાણતા-અજાણતા, હિન્દી સિનેમાના પ્રેક્ષકોમાં રસ પેદા કરવા બળાત્કારના દ્રશ્યો ઈચ્છતા હતા." તે સમયે એવો ટ્રેન્ડ જોવા મળ્યો હતો કે દર્શકો ચોક્કસ ફિલ્મ વારંવાર જોતા હતા કારણ કે તેમાં બળાત્કારના દ્રશ્યો હતા. ફિલ્મ ઈન્સાફ કા તરાઝુ તેનું ઉત્તમ ઉદાહરણ છે. ચિંતાજનક બાબત એ છે કે તે સમયગાળા દરમિયાન મહિલાઓ સામેના ઘણા જઘન્ય જાતીય અપરાધો માટે, ગુનેગારોએ એવા કબૂલાતી નિવેદનો આપ્યા હતા કે તેમને હિન્દી ફિલ્મોમાં બળાત્કારના દ્રશ્યોમાંથી પ્રેરણા મળી હતી..!

નેશનલ સ્કૂલ ઑફ ડ્રામા, દિલ્હીમાં ભણેલી અભિનેત્રી સુનિતા રાજવાર કહે છે, "આપણા ભારતીય સમાજમાં મહિલાઓને જાતીય વસ્તુ તરીકે જોવાની પરંપરા રહી છે. ફિલ્મો, ટીવી, જાહેરાતો દ્વારા એ વિચારને પોષવામાં આવ્યો છે કે સ્ત્રી માત્ર આનંદની વસ્તુ છે, એક શરીર છે."

સમાંતર સિનેમા તરીકે, નારીવાદી ચળવળ, મીડિયા ક્રાંતિએ ભારતમાં વેગ પકડ્યો, હિન્દી ફિલ્મોમાં સ્ત્રી પાત્રો પણ હતા. પણ દેખાવમાં ફેરફાર. આ સાથે ફિલ્મ નિર્માતાઓએ મહિલાઓના જાતીય શોષણને ગંભીરતાથી લઈને વૈચારિક સ્તરે મોટા ફેરફારો કર્યા. આર્ટ સિનેમાના સ્તંભો શ્યામ બેનેગલની શરૂઆતની ફિલ્મો નિશાંત, અંકુર એ ઉદાહરણો છે કે કેવી રીતે હિન્દી સિનેમામાં નવો પવન ફૂંકાઈ રહ્યો હતો. આ ફિલ્મોએ મુખ્ય નાયિકાની જાતીય સતામણી પર ધ્યાન કેન્દ્રિત કરીને પિતૃસત્તાને પડકાર ફેંક્યો હતો.

જો કે કોમર્શિયલ સિનેમા પણ આનાથી અસ્પૃશ્ય ન હતું અને ફિલ્મ પ્રેમ રોગમાં પદ્મિની કોલ્હાપુરી, ફિલ્મ પ્રેમ ગ્રંથમાં માધુરી દીક્ષિત અને ક્રાંતિવીર ફિલ્મમાં ડિમ્પલ કાપડિયાની બળાત્કારની ભૂમિકાએ મુખ્ય પ્રવાહમાં સ્ત્રી જાતીય સતામણીનો મુદ્દો અવાજ ઉઠાવ્યો હતો. પરિણામ એ આવ્યું કે બળાત્કારનું ભડકાઉ ચિત્રણ માત્ર B અને C ગ્રેડની હિન્દી ફિલ્મો સુધી જ સીમિત હતું.

ફિલ્મ સમીક્ષક દીપક દુઆના મતે, દિલ્હીમાં નિર્ભયા રેપ કેસ પછી હિન્દી ફિલ્મોમાં બળાત્કારના ચિત્રણમાં ઐતિહાસિક પરિવર્તન આવ્યું છે. નિર્ભયા રેપ કેસે ભારતીય સમાજને હચમચાવી નાખ્યો હતો. દરેક વ્યક્તિ વિચારવા માટે મજબૂર હતા કે આવી ક્રૂરતા, આવી હવસ, આવી રાક્ષસી વૃત્તિ મનુષ્યમાં ક્યાંથી પ્રવેશી રહી છે.... સિનેમા જગતની વિચારસરણી પણ થોડી બદલાઈ. દિગ્દર્શક અનુભવ

(અનુસંધાન પેજ નં.6 પર)

**ધર્મ**

# ધનતેરસ પર આ 3 રાશિઓ માટે સોનુ-ચાંદી ખરીદવું અત્યંત શુભ, આખુ વર્ષ રહેશે મોજ...




દિવાળીનો પાવન પર્વ આવવાનો છે. દિવાળીના તહેવાર પર સોનુ-ચાંદી ખરીદવું લાભકારી માનવામાં આવે છે. પરંતુ આ વર્ષે ધનતેરસ પર સૂર્ય ગ્રહણ લાગવા ઉપરાંત શનિદેવની ચાલમાં પરિવર્તન થઇ રહ્યું છે.

જેના કારણે લોકોના મનમાં સવાલ ઉઠી રહ્યાં છે કે આખરે ગ્રહોની સ્થિતિથી તેમના માટે સોના-ચાંદી ખરીદવું શુભ રહેશે કે નહી. તેવામાં અમે તમને જણાવી રહ્યાં છીએ કે ધનતેરસ પર કઇ રાશિઓ માટે સોનુ-ચાંદી ખરીદવું લાભકારક રહેશે.

**ગોવર્ધન પૂજાના દિવસે સૂર્યગ્રહણ**


આ વર્ષે ગોવર્ધન પૂજા 25 ઓક્ટોબરે છે. આ દિવસે વર્ષનું બીજુ સૂર્ય ગ્રહણ પણ છે. ગ્રહણ કાળમાં સૂર્ય તુલા રાશિમાં હશે અને તેની સાથે શુક્ર ગ્રહ પણ હશે.

**કઇ રાશિઓ માટે ખરીદી લાભકારક**

આ વર્ષે સૂર્ય ગ્રહણ તુલા રાશિ અને સ્વાતિ નક્ષત્રમાં લાગશે. સૂર્ય, ચંદ્ર, બુધ, શુક્ર તમામ તુલા રાશિમાં રહેશે. તુલા રાશિ શનિ માટે ઉચ્ચ તથા સૂર્ય માટે નીચની રાશિ છે. 23 ઓક્ટોબરથી શનિ મકર રાશિમાં માર્ગી થઇ જશે. તેવામાં શનિની દસમી દ્રષ્ટિ આ રાશિ પર રહેશે. તેવામાં તુલા, કર્ક, મેષ તથા મકર રાશિના જાતકો માટે સોનુ ખરીદવુ લાભકારક નહીં રહે.

વૃષભ, સિંહ, વૃશ્ચિક તથા કુંભ રાશિના લોકો માટે સૂર્ય ગ્રહણ સારા પરિણામ લાવી શકે છે. આ દિવસે સૂર્ય સાથે સંબંધિત વસ્તુઓનું દાન કરવું લાભકારક રહેશે. આ રાશિના લોકોને સોના-ચાંદીની ખરીદીમાં આંશિક લાભ મળી શકે છે. મિથુન, કન્યા તથા ધનુ રાશિના જાતકો માટે સૂર્ય ગ્રહણ સૌથી વધુ લાભકારક રહેશે. તેવામાં આ રાશિના જાતકો સોના-ચાંદીમાં રોકાણ કરી શકે છે. જ્યોતિષ ગણના અનુસાર, આ રાશિઓના સોના-ચાંદીમાં ધન રોકાણથી જીવનમાં સુખ-સમૃદ્ધિ તથા ખુશહાલી પ્રાપ્ત થઇ શકે છે.

**પુસ્તક પરિચય**



■ રિપલકુમાર પરીખ

સાપ્તાહિક ગુજરાત વંદન


# આપણો સાચો ઈતિહાસ કેવો હતો?

આપણને અત્યારસુધી ભણાવવામાં આવેલો ઈતિહાસ શું ખરેખર સાચો છે? મુગલ આક્રમણ પહેલાંનું તથા અંગ્રેજો આવ્યા તે પહેલાંનું આપણું ભારત કેવું હતું? તે સમયે ભારતની શિક્ષણવ્યવસ્થા, સ્વાસ્થ્ય સેવાઓ, ભારતના વ્યાપાર ઉદ્યોગો કેવાં હતાં? સૌથી પહેલાં દિશાદર્શક યંત્રની શોધ કોણે કરી હતી? તેનું નામ શું હતું?, "ચરખા" ની વિશ્વને ભેટ કોણે આપી?, વિશ્વનું પ્રથમ વિશ્વવિદ્યાલય કયું હતું? અને તેનો અભ્યાસક્રમ શું હતો? વર્ષો પહેલાં ચિકિત્સાક્ષેત્રે ભારત કેવું હતું? પ્લાસ્ટિક સર્જરીની શોધ ખરેખર કોણે કરી હતી? દુનિયામાં સૌથી પહેલાં રસીકરણ ક્યાં થતું હતું? અંગ્રેજોએ ભારતીયો પર કેટલી ક્રુરતા કરી હતી? ભારતીયો પર અંગ્રેજોએ કરેલી બર્બરતા, નિર્મમતા અને તેમના દ્વારા કરવામાં આવેલો અન્યાય અને અત્યાચાર કેવો હતો? આ અને આવા અનેક સવાલોના સાચા તથા તથ્યાત્મક અને સંદર્ભો સાથેની રજૂઆત જાણવી હોય તો શું કરી શકાય?

હાલમાં જ " ભારતીય વિચાર મંચ ", અમદાવાદ દ્વારા પ્રસિદ્ધ લેખક અને સંશોધનકાર શ્રી પ્રશાંત પોળના પુસ્તક " વિનાશપર્વ : અંગ્રેજોનું ભારત પર રાજ " નો ગુજરાતી અનુવાદ જે શ્રી શ્રીકાંત કાટદરે કર્યો છે, તેનું વિમોચન થયું. પ્રસ્તાવનામાં લેખક જણાવે છે કે, " અંગ્રેજોનું ભારત પર ટુકડે ટુકડે શાસન લગભગ ૧૯૦ વર્ષ રહ્યું, ભારતની અપાર સમૃદ્ધિ અને જ્ઞાનપરંપરાને કારણે ભારત પર સેંકડો વર્ષોથી બાહ્ય આક્રમણો થતાં જ આવ્યાં હતાં. એટલે અંગ્રેજોનું ભારત પરનું શાસન એ કોઈ નવીન વાત નહોતી તેમનાં પહેલાંનાં આક્રમકોએ ભારતને પેટ ભરીને લૂંટ્યું હતું અને અંગ્રેજોએ પણ એ જ કર્યું. "

આ પુસ્તકનું શીર્ષક " વિનાશપર્વ " રાખવા વિશે લેખક જણાવે છે, " જ્યારે આ પુસ્તકની ચર્ચા થઈ ત્યારે મારા કેટલાક મિત્રોનો મત હતો કે " વિનાશપર્વ " શીર્ષકમાં " પર્વ " શબ્દ યોગ્ય લાગતો નથી. પર્વનો અર્થ છે મંગલ પ્રસંગ - ઉત્સવ. પરંતુ એવું નથી પર્વ શબ્દ " કાલખંડ " માટે પ્રસ્તુત શબ્દ છે. મહાભારતમાં પર્વ શબ્દનો ઉલ્લેખ ઘણીવાર આવે છે. આદિપર્વ, સભાપર્વ, વિરાટપર્વ વગેરે અને જો આપણે ઉત્સવ સ્વરૂપે લેતાં હોઈએ તો પણ ભારતનો વિનાશ ઈંગ્લેન્ડ માટે ઉત્સવ જ હતો ને! અંગ્રેજોનું " વિનાશપર્વ "એટલે ભારતનો વિનાશ અને ઈન્ગ્લેન્ડનો વિકાસ.

આ પુસ્તકના પ્રકાશક " ભારતીય વિચાર મંચ " ગુજરાતના વૈચારિક જગતમાં ત્રીસથી વધુ વર્ષોથી કાર્યરત છે. આ મંચ દ્વારા સમાજજીવન અને રાષ્ટ્રજીવનના અનેક પાસાંને ઉજાગર કરતું બહુમૂલ્ય સાહિત્ય પ્રકાશિત કરવામાં આવે છે. અહીં આ પુસ્તક વિશે પ્રકાશક જણાવે છે, " એક સમયે ભારત વિશ્વ સિંહાસન પર બિરાજમાન દેશ હતો. જે હજારો વર્ષ સુધી પોતાના ઉદ્યોગ,




વ્યાપાર, સેવા અને અધ્યાત્મની ધરોહરથી આ સિંહાસન પર બેસીને જગતપિતાનું દાયિત્વ નિભાવતો રહ્યો. આ સ્થિતિમાં ઉન્નત એવી ભારતીય વ્યવસ્થાઓ કેવી રીતે નાશ પામી, તેનાં કારણો, તેની પદ્ધતિ અને તેના પરિણામો વગેરે તમામ બાબતોને ખૂબ જ રોચકશૈલીમાં પરોવીને લેખકશ્રી પ્રશાંત પોળે તેને શબ્દબધ્ધ કરી છે. માત્ર તેટલું જ નહીં તે અંગેનાં તમામ આધાર પૂરાવા, દસ્તાવેજોની વિગતોનો પણ અહીંયા તેઓએ સમાવેશ કર્યો છે. "

આ પુસ્તક જ્યારે મેં વાંચ્યું ત્યારે ખરેખર આપણું પૌરાણિક ભારત, આપણી આર્થિક સ્થિતિ, આપણી શિક્ષણવ્યવસ્થા, આપણો વસ્ત્રઉદ્યોગ, આપણી ચિકિત્સાપદ્ધતિ એ સમયે બીજા દેશો કરતાં પણ ઘણી આગળ અને વ્યવસ્થિત હતી તેની સંદર્ભો અને તથ્યો સાથેની અભૂતપૂર્વ માહિતી મને જાણવા મળી, જેને આપણા પાઠ્યપુસ્તકોમાંથી કેમ બાકાત રાખવામાં આવી હશે? તે એક ગંભીર વિચારવા યોગ્ય વિષય છે. આ પુસ્તકમાં પાને પાને આપણા ભારતની એવી ખાસિયતો જાણવા મળે છે કે જે અત્યાર સુધી છુપી રાખવામાં આવી હતી. જેમકે,

* અંગ્રેજો ભારતને લૂંટવા માટે જ આવ્યાં હતાં, તેનો પુરાવો એ છે કે, અંગ્રેજી શબ્દકોશ ઓક્સફર્ડમાં પ્રવેશ કરનારો પહેલો શબ્દ જ " લૂંટ " હતો.

* જ્યારે અંગ્રેજો ભારતમાં આવ્યા ત્યારે ૧૭૦૦ની સાલમાં વિશ્વ વ્યાપારમાં ભારતની હિસ્સેદારી ૨૩% થી વધુ અર્થાત્ લગભગ એક ચતુર્થાંશ ( પા ભાગ ) હતી. તે દિવસોમાં ભારત વિશ્વનો સૌથી મોટો નિર્યાતક ( નિકાસકર્તા ) દેશ હતો.

*. ભારતમાં વહાણો દ્વારા થતા દરિયાઈ પ્રવાસને " નૌકાયન " અથવા પ્રાચીન કાળથી " નવગતિ " કહેવાય છે. " નવગતિ " સંસ્કૃત શબ્દ છે. એ જ શબ્દને આધારે અંગ્રેજી " નેવિગેશન " શબ્દ તૈયાર થયો એમ મનાય છે.

* વિશ્વના સહુથી પ્રાચીન ગ્રંથ ૠગ્વેદમાં ભારતીયો દ્વારા થયેલી સામુદ્રિક યાત્રાના અનેક ઉલ્લેખો મળે છે.

* વિશ્વનું સૌથી પ્રાચીન " ટાઈડલ ડોક " ( Tidel Dock - ભરતીનું બારુ ). ૫૦૦૦ વર્ષ પહેલાં ગુજરાતનાં " માંગરોળ " માં બનેલું એક સમૃદ્ધ બંદર હતું. આજે તે જૂનાગઢ જિલ્લાનું નાનકડું બંદર છે.

* પહેલી સદીમાં જ એક ગ્રીક નાવિક કપ્તાને પોતાની ડાયરી લખી છે. વર્ષ ૪૦ થી ૫૦ માં આ ડાયરી લખાઈ છે. તેમાં કોલકાતા પાસે, ગંગાના છેડા સુધીનાં ઉપરાંત ભરૂચનો પણ યુરોપનાં મહત્વનાં શહેરો સાથે વ્યાપાર થતો હોવાનો ઉલ્લેખ છે.

* ચંદ્રગુપ્ત મૌર્યના કાલખંડમાં ભારતનાં વહાણો વિશ્વ પ્રસિદ્ધ હતાં. આ જહાજો દ્વારા વિશ્વભરમાં ભારતનો વ્યાપાર ચાલતો હતો.

આવી તો અનેક ભારતની ખાસિયતોથી ભરેલું આ પુસ્તક આપણો ખરેખર સાચો ઈતિહાસ આપણને જણાવે છે. ઈતિહાસમાં રસ ધરાવતા દરેક વ્યક્તિ ઉપરાંત ભારતના દરેક રાષ્ટ્રપ્રેમી વ્યક્તિએ આ પુસ્તક અવશ્ય વાંચવું જ જોઈએ, તેવો આગ્રહ ચોક્કસ કરી શકાય. અને જો બની શકે તો આપણા શિક્ષણમાં પણ આ પુસ્તકનો સમાવેશ કરવો જ જોઈએ, તેવું કહેવું પણ બિલકુલ અતિશયોક્તિ નથી.

**વિચારધારા**

" આ ૭૫મો સ્વાધીનતા ( સ્વાતંત્ર્ય ) દિવસ આપણા બધા માટે સ્વતંત્રતા સંગ્રામનાં પૂરા આખ્યાનના સંદર્ભમાં આપણાં વિસ્મૃત " સામૂહિક સત્ય " ને નવા દ્રષ્ટિકોણથી તપાસવાનો , સ્વતંત્રતા સંગ્રામના વિસ્મૃત સેનાનીઓને ઓળખવાનો તથા સાથે સાથે જ આપણાં અતીત અને આપણી સામૂહિક ઓળખનું વિશ્લેષણ કરવાની દ્રષ્ટિમાં પરિવર્તન લાવવાનો એક શ્રેષ્ઠ મોકો છે. આ અવસરે પ્રકાશિત થનારું આ પુસ્તક " વિનાશપર્વ " જનસામાન્ય સુધી સાચાં તથ્યોને પહોચાડવાના તથા તેમના વિચારોને ઉત્પ્રેરિત કરવાના પોતાનાં પ્રયોજનમાં સફળ થશે એવો વિશ્વાસ છે. "

-. જે. નંદકુમાર સંયોજક - પ્રજ્ઞાપ્રવાહ. પુસ્તક પ્રકાશકઃ ભારતીય વિચાર મંચ, અમદાવાદ.

**ચાલો, ભારતના ભૂલાઈ ગયેલા ફ્રીડમ ફાઈટર્સને યાદ કરીએ..**

# એવા ગોરાઓ પણ હતા જે હિંદને પ્રેમ કરતા હતા..!

## દક્ષિણ આફ્રિકાથી ગાંધીજીને ભારત પાછા ફરવા માટે તૈયાર કરવામાં ગોરા એન્ડ્રુઝની મહત્વની ભૂમિકા હતી...

સાપ્તાહિક ગુજરાત વંદન

1940માં, એક અંગ્રેજ મૃત્યુશય્યા પર સૂતા સૂતા બોલ્યા, "મોહન, સ્વતંત્રતા હવે બહુ દૂર નથી." તે અંગ્રેજ માણસ હતો ચાર્લ્સ ફ્રીર એન્ડ્રુઝ અને મોહન હતા મોહનદાસ કરમચંદ ગાંધી. દિલ્હીની સેન્ટ સ્ટીફન્સ કોલેજમાં ફિલસૂફી શીખવવા માટે 1904માં કેમ્બ્રિજ મિશનમાં જોડાયા અને દક્ષિણ આફ્રિકાથી ગાંધીજીને ભારત પાછા ફરવા માટે તૈયાર કરવામાં એન્ડ્રુઝની મહત્વની ભૂમિકા હતી.




કેટલાક બ્રિટિશ અધિકારીઓ અને અંગ્રેજો દ્વારા ભારતીયો સાથેના જાતિવાદી વ્યવહારથી હતાશ થઈને તેમણે ભારતીયોની લડાઈને સમર્થન આપ્યું હતું. એન્ડ્રુઝ ટૂંક સમયમાં ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસની પ્રવૃત્તિઓમાં સામેલ થઈ ગયા અને મદ્રાસમાં 1913ની કપાસના કામદારોની હડતાલને ઉકેલવામાં મદદ કરી હતી.. 1917 માં, જ્યારે ગાંધી ચંપારણમાં સત્યાગ્રહ કરી રહ્યા હતા, ત્યારે એન્ડ્રુઝે ત્યાં જઈને તેમને મદદ કરવાની ઈચ્છા વ્યક્ત કરી, પરંતુ ગાંધી ઈચ્છતા હતા કે ચંપારણના લોકો તેમની સમસ્યાઓ માટે મક્કમતાથી ઊભા રહે, તેથી એન્ડ્રુઝ દેશના અન્ય ભાગોમાં સ્વતંત્રતા સંગ્રામના મૂળને મજબૂત કરી રહ્યા હતા. ગાંધી, ટાગોર, ગોખલે અને લાલા લજપત રાય જેવા સ્વાતંત્ર્ય સેનાનીઓને ગરીબો માટે કામ કરવા અને મદદ કરવાને કારણે તેઓ ત્યારબાદ દીનબંધુના નામથી બોલાવવામાં આવતા હતા.

ધીરે ધીરે, એન્ડ્રુઝ સંપૂર્ણપણે ભારતીય રંગમાં રંગાઇ ગયા. અને કોટ-પેન્ટ, સુટ-બુટ છોડીને ધોતી-કુર્તા તેમના પ્રિય વસ્ત્રો બની ગયા હતા અને તેઓ પોતાને એક ભારતીય તરીકે ઓળખાવતા હતા. તેમણે અંગ્રેજોની દમનકારી નીતિઓ સામે અવાજ ઉઠાવ્યો હતો. ચાર્લ્સ ફ્રીર એન્ડ્રુઝે વિશ્વના કોઈપણ ભાગમાં સ્થાયી થયેલા ભારતીયોના અધિકારો માટે ખુલ્લેઆમ અવાજ ઉઠાવ્યો હતો.

તેમણે ઘણી વખત દક્ષિણ આફ્રિકાનો પ્રવાસ કર્યો, જ્યાં તેમણે ત્યાં રહેતા ભારતીયો સાથે બ્રિટિશ સામ્રાજ્યવાદ દ્વારા કરવામાં આવતી અસમાનતા અને અન્યાયી વર્તન સામે ઉગ્ર લડત આપી. દેખીતી રીતે જ અંગ્રેજ હોવા છતાં ગોરાઓને સહકાર ન આપવાને કારણે અંગ્રેજોએ પણ તેમની સામે ષડયંત્ર રચ્યું હતું.. જો કે તેમણે ત્યાં વસતા ભારતીયો સાથે બ્રિટિશ સામ્રાજ્યવાદ દ્વારા કરવામાં આવતી અસમાનતા અને અન્યાયી વર્તન સામે ઉગ્ર લડત આપી હતી.

## માતંગિની હાજરાઃ જેના કપાળમાં ગોળી છોડાઈ પણ તિરંગો નીચે ન પડવા દીધો..

**ભીડને ચીરીને બધાની સામે આવી અને કહ્યું કે હું તિરંગો ફરકાવીશ...અને...**

1930માં આઝાદીની લડાઈમાં સવિનય કાનૂનભંગ માટે ગાંધીજીની પ્રેરણાથી ઠેર ઠેર યાત્રાઓ નિકળી રહી હતી.આવી જ એક યાત્રા મિદનાપુર બંગાળના



તમલુકમાં પણ નીકળી હતી. એક 60 વર્ષીય વૃદ્ધ મહિલા જે માર્ગ પર મુસાફરી કરી રહી હતી તે જ માર્ગ પર તેઓ એક ઝૂંપડીમાં એકલી રહેતી હતી. એ સ્ત્રીઓ પણ એ યાત્રામાં જોડાઈ ગઈ હતી. પછી શું હતું એ મહિલાના જીવનમાં એક નવી સફર શરૂ થઈ.

મહાત્મા ગાંધીના આહ્વાન પર તેમણે દરેક સત્યાગ્રહમાં ભાગ લેવાનું શરૂ કર્યું. તેમણે મીઠું બનાવીને મીઠાનો કાયદો તોડ્યો અને છ મહિનાની જેલ થઈ.

(અનુસંધાન પેજ નં.6 પર)

Printed, Published and Owned by Editor - NIKUNJ SUDHIRKUMAR PATEL Printed at Bhaskar Printing Press, Survey No.148-P, Near Naagdevta Temple, Changodar-Bavla HighWay, Ta.Sanand, Dist. Ahmedabad, Gujarat and published from 301, Kalptaru Complex, Opp. Premchand Nagar, Jodhpur Satyagrah Chhavni Road, Ahmedabad – 380 015 Tel. 079-48987111. Co-Editor PRAVIN GHAMANDE Responsible for Selection of news under PRB Act'.

# બાવરી ગેંગની એક મહિલા સહિત નવને આજીવન કેદ: અમરેલી કોર્ટનો આદેશ

## લૂંટના ઇરાદે હુમલો કરી દંપતિને મોતને ઉતારી દીધા હતા

ગુજરાત | વંદન

અલગ-અલગ વિસ્તારમાં રહેતા આરોપીઓ દ્વારા એક ગેંગ બનાવી હત્યા, જીવલેણ હુમલા, ધાક-ધમકી આપી ચોરી, લૂંટ જેવા ગુન્હાઓ આચરનાર એક મહિલા સહિત ૯ શખ્સોને આજીવન કેદ તથા રૂા. ૧૮-૧૮ હજારનાં દંડની સજા તથા ચોરી, લૂંટ જેવા ગુન્હાનાં દાગીનાનો મુદામાલ રાખનાર બે સોની આરોપીને પણ આજીવન કેદ તથા રૂા. ૧૩-૧૩ હજારનાં દંડની સજાનો હુકમ કરતાં અમરેલી સેશન્સ કોર્ટમાં સન્નાટો છવાય જવા પામ્યો હતો. આ બનાવમાં બાબરા તાલુકાનાં દરેડ ગામની સીમમાં ગત તા. ૯/૬/૧૯નાં રોજ રાત્રીનાં સમયે વાડીએ રહેતા એક દંપતિને ૩ અજાણ્યા ઈસમોએ રેકી કરી વાડીમાં રહેતા દંપત્તિને બેહોશ થાય તેવા પદાર્થ છાંટી અને ધોકા, કુહાડી જેવા હથિયારો વડે જીવલેણ હુમલો કરી ઘરની અંદર બાંધી ગોંધી રાખી સોના-ચાંદીના દાગીના, મોબાઈલ ફોન મળી રૂા. ૧.૫૨ લાખની લૂંટ ચલાવાય હતી. આ અંગે જે-તે સમયે બાબરા પોલીસમાં ફરિયાદ નોંધાઈ હતી.



આ બનાવની તપાસ બાબરા પોલીસ ઉપરાંત એલસીબી તથા એસઓજી સહિતની ટીમ ધ્વારા હાથ ધરવામાં આવતા અને મોબાઈલ ફોનને ટ્રેશ કરવામાં આવતા આ મોબાઈલ ફોનનું લોકેશન લાઠીદડ ગામે મળતાં પોલીસની ટીમો ત્યાં દોડી જઈ તપાસ હાથ ધરવામાં આવી હતી અને આરોપી ફલજીભાઈ જીલુભાઈ સાઢમીયાનાં ઝૂંપડા તથાઆજુબાજુની જગ્યામાં પોલીસે તપાસ હાથ ધરતા જમીનમાં દાંટેલા સોના-ચાંદીના દાગીના, રોકડ રકમ, મોબાઈલ ફોન, જીવલેણ હથિયારો તથા નામ લખેલા વાસણ, મોટર સાયકલ નંગ-૪ તથા ઘડીયાળ જેવો મુદામાલ મળી આવતા પોલીસે ત્યાંથી આરોપી ફલજી જીલુભાઈ સાઢમીયા, કિશન ઉર્ફે ખીમો બચુભાઈ વાઘેલા, ચંદુ લખુભાઈ જીલીયા, વિસુ ઉર્ફે નનુ ચંદુભાઈ જીલીયા, ઉજીબેન ઉર્ફે બાવલી ચંદુભાઈ જીલીયા, મુકેશ ઉર્ફે ભયલુ ભાથુભાઈ ઉર્ફે બાબુભાઈ વાઘેલા, મુકેશ ઉર્ફે મુકો ભાવુંભાઈ સાડમીયા, હરેશ ઉર્ફે ભુરી ચંદુભાઈ જીલીયા તથા કાળુ લખુભાઈ જીલીયાને પુછપરછ કરતાં આ તમામ આરોપીઓ અલગ-અલગ ગેન્ગ બનાવી હત્યા, લૂંટ, ધાડ, ચોરી, ધાક ધમકી આપી ગુન્હાઓ કરતા હોય. જેમાં આરોપીઓની ગેંગ દ્વારા ચોટીલા, સાયલા, ચૂડા પંથકમાં લૂંટ, હત્યા, હત્યાનો પ્રયાસ, ચોરી, ધાક-ધમકી આપી અથવા ઝેરી પદાર્થ અથવા તો બેભાન કરી શકાય તેવા પદાર્થનો ઉપયોગ કરી ગુન્હાઓ આચરતા હોવાની કબુલાત આપી હતી.

આ બનાવ અંગે બાબરા પોલીસમાં આ બનાવની અલગથી પોલીસ ફરિયાદ નોંધી જીણવટભરી તપાસ આદરતા આ ગેંગ બાવરી ગેંગ તરીકે ગુજરાતમાં તરખાટ મચાવ્યો હતો. જેમાં ગેંગનાં સભ્યો દ્વારા ડબલ હત્યા જેવા ગંભીર ગુન્હાઓ કર્યા હતા.આ અંગેનો કેસ અમરેલી સેશન્સ કોર્ટમાં ચાલીજતાં આરોપીને ન્યાયધીશ આર.ટી. વચ્છાણીએ સરકારી વકીલ મમતાબેન ત્રિવેદીની દલીલને માન્ય રાખી અલગ-અલગ આઈપીસી કલમ નીચે આજીવન કેદ તથા પ્રત્યેક આરોપીને રૂા. ૧૮-૧૮ હજારનાં દંડની સજાનો હુકમ કર્યો હતો.જયારે ચોરી, લૂંટ તથા ધાડ જેવા ગુન્હામાંથી આરોપીને મળેલ સોના-ચાંદીનાં દાગીના ભાવનગર જિલ્લાનાં શિહોર ગામે રહેતા આરોપી રાજ મહેન્દ્રભાઈ રાજપરા તથા શરદ મોહનભાઈ રાજપરા ખરીદતા હોય જેથી આ બન્ને સોની આરોપીને આજીવન કેદ તથા રૂા. ૧૩-૧૩ હજારનાં દંડની સજાનો હુકમ કર્યો હતો.

# ચૂંટણી કમિશન દ્વારા રાજકોટ સહિત સાત જિલ્લાઓના કલેક્ટર અને પોલીસ વડા સાથે સમીક્ષા બેઠક

» નાયબ ચૂંટણી કમિશ્નરે ઉપસ્થિત સૌ અધિકારીઓને ચુંટણીલક્ષી માર્ગદર્શક સુચનો કર્યા..

ગુજરાત | વંદન



ગુજરાત વિધાનસભા સામાન્ય ચૂંટણી ૨૦૨૨ની તૈયારીને અનુલક્ષીને કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા આજરોજ રાજકોટ ખાતે સાત જિલ્લાની સર્વગ્રાહી સમિક્ષા કરાઈ હતી. આજરોજ રાજકોટ ખાતે આવેલ કેન્દ્રીય ચૂંટણી પંચના નાયબ ચૂંટણી કમિશ્નર હૃદયેશકુમાર, પ્રિન્સિપલ સેક્રેટરી એસ.બી. જોશી તથા ગુજરાત રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી પી.ભારતીએ વિધાનસભા સામાન્ય ચૂંટણી ૨૦૨૨ અંગે થયેલી તૈયારીની સમિક્ષા બેઠક યોજી હતી. જેમાં વિધાનસભાની સામાન્ય ચુંટણી સંદર્ભે વિવિધ પાસાઓ અંગે વિસ્તૃત માહિતી ઉપસ્થિત સંબંધીત જિલ્લાઓના કલેકટર અને પોલીસ અધિક્ષકો દ્વારા રજુ કરાઇ હતી. આ તકે કેન્દ્રીય ચૂંટણી પંચના નાયબ ચૂંટણી કમિશ્નર હૃદયેશકુમારે ઉપસ્થિત સૌ અધિકારીઓને ચુંટણીલક્ષી માર્ગદર્શક સુચનો કર્યા હતા. આ બેઠકમાં રાજકોટ કલેકટર અરૂણ મહેશ બાબુ, જામનગર કલેકટર સૌરભ પારધી, મોરબી કલેકટર જી.ટી.પંડ્યા, દેવભૂમિ દ્વારકા કલેકટર મુકેશ પંડ્યા, બોટાદ કલેકટર બીજલ શાહ, સુરેન્દ્રનગર કલેકટર કે.સી. સંપટ અને કચ્છ જિલ્લાના કલેકટર દિલીપ રાણા તેમજ રાજકોટ પોલીસ કમિશ્નર રાજુ ભાર્ગવ, રાજકોટ ગ્રામ્ય પોલીસ અધિક્ષક જયપાલસિંહ રાઠોર, જામનગર પોલીસ અધિક્ષક પ્રેમસુખ ડેલું, સુરેન્દ્રનગર પોલીસ અધિક્ષક હરેશભાઈ દુધાત, મોરબી પોલીસ અધિક્ષક રાહુલ ત્રિપાઠી, કચ્છ પશ્ચિમ પોલીસ અધિક્ષક સૌરભ સિંઘ, કચ્છ પૂર્વ પોલીસ અધિક્ષક મહેન્દ્ર બગડીયા, બોટાદ પોલીસ અધિક્ષક કિશોરભાઈ બળોલિયા, દેવભૂમિ દ્વારકા પોલીસ અધિક્ષક નિતેશ પાંડેય ઉપસ્થિત રહ્યા હતા.

# સાપ્તાહિક રાશિફળ

પંડિત અજય શર્મા

**મેષ** (અ.લ.ઈ)
તમારા પરિવારને અવગણશો નહીં. જો કે આપનું ભવિષ્ય ઉજ્જવળ છે, ધંધો અને બાળકો ઉપરથી નજર હટાવશો નહીં. શુક્રવારે, પ્રેમીને કે જીવનસાથીને લઈને ગૂંચવણભરી સ્થિતિ સર્જાઇ શકે છે. મંગળવારે આર્થિક સ્થિતિ સારી રહે તે માટે બેલેન્સ જાળવવા સલાહ છે.

**વૃષભ** (બ.વ.ઉ)
નોકરીના કે વેપારના ક્ષેત્રમાં શાંતિ થી રહેવાની જરૂર છે. શું બોલવું અને શું ન બોલવું તે સમજી આગળ વધશો, તો વાંધો નથી..નવી નાણાકીય બાબતો હાથ ધરતા ચેતવું, કારણ કે કોઇ આપની સાથે છેતરપિંડી કરી શકે છે. આર્થિક રીતે દુશ્મનો આપને હાનિ પહોંચાડી શકે છે.

**મિથુન** (ક.છ.ઘ)
માર્કેટીંગ કે વેચાણ નાં કામ માટે, બહાર ના લોકો પરથી ધ્યાન હટાવીને તમે અંગત બાબતો ઉપર ધ્યાન કેન્દ્રિત કરો. આનાથી તમારા વિચારો અને વર્તન માં ઘણું પોઝીટીવ પરિવર્તન આવશે. તમે વિચાર કરજો કે જો તમે લોકોને મદદ કરશો તો જ લોકો આપને મદદ કરશે.

**કર્ક** (ડ.હ)
આ અઠવાડિયે તમે ઘણી બધી સમૃદ્ધિ મેળવશો, ખાસ કરીને માનસિક વૃદ્ધિ તથા આર્થિક વિકાસ થશે. લોકો પ્રત્યે સહાનુભૂતિ ઉત્પન્ન થશે. તમારી યોજનાઓ, ઉદેશ્યો, ભવિષ્યમાં તમારું સ્થાન.. વગેરે બધું ઉપર કહેલી નજરે જ પરખવામાં આવશે. નાના પ્રવાસની પણ સંભાવના છે.

**સિંહ** (મ.ટ)
આ સપ્તાહે ક્રિયાશીલતા અને વિકાસ મુખ્ય બાબત બની રહેશે. મંગળના રાશિ પરિવર્તન ના કારણે આપ જીવનમાં નવા સાહસ માટે તૈયાર થશો જે ભવિષ્યમાં આર્થિક રીતે વધુ લાભદાયી હોઈ શકે છે. આ વખતે આપ અધૂરાં પગલાં નહીં ભરો, લોકો નિખાલસ વાત કરશે.

**કન્યા** (પ.ઠ.ણ)
તમારી કામ કરવાની . લોકો સાથેનો વ્યવહાર વધુ સક્રિય બનશે, તમે તમારા વ્યવહારોમાં અંગત ફાયદો કરતાં સામાજિક મૂલ્યોનું વધારો ધ્યાન રાખશો. જે તમને સહાયકારક નીવડશે સોમવારે તમે પ્રેમની લાગણી અનુભવશો, બુધવારે તમારી મહેનત, કાર્યશક્તિ અને આત્મવિશ્વાસમાં ઘણો વધારો થાય.

**તુલા** (ર.ત)
આ સપ્તાહ દરમિયાન આરોગ્યને લગતી કોઈપણ બાબતની અવગણના ન કરવી. અભ્યાસ ક્ષેત્રે સફળતા મળતી જણાય. નાણાકીય સ્થિતિમાં સુધારો થતો જણાશે . વિદેશના અટકેલા કાર્ય પૂર્ણ થઇ શકે. ઘરની માનસિક ચિંતા હળવી બનતી જણાય.

**વૃશ્ચિક** (ન.ય)
આ બંને પક્ષ તરફથી થતી પ્રક્રિયા છે. જો આપ બીજાને મદદ કરશો, તો લોકો આપની ચિંતાઓ અને મુશ્કેલીઓ દૂર કરશે. પારિવારિક પ્રશ્નોમાં આપ કેવી ભૂમિકા ભજવશો તે અંગેનો સ્પષ્ટ ખ્યાલ આપ મેળવી શકશો. જૂના મિત્રો અથવા પહેલાં કરેલા રોકાણ થી લાભ થાય.

**ધન** (ભ.ધ.ફ)
કર્તવ્ય અને ફરજોનો ભાર આવી પડશે, તમારી તબિયત અંગે સાવધાની રાખવી પડશે. આધ્યાત્મિક બાબતોમાં આપનો વિશ્વાસ અને સ્વજનો માટેનો પ્રેમ, તમારામાં નવા જુસ્સાનો સંચાર કરશે. મુશ્કેલી લાગે તો પણ લાગ્યા રહેવું.

**મકર** (ખ.જ)
અઠવાડિયાની તમારી સમગ્ર પ્રવૃત્તિઓમાં અચાનક ઊભરો આવે અને તમે તમારી નોકરી વ્યવસાય અને પ્રવૃત્તિઓમાં બમણી ઊર્જાથી જોતરાશો. સાથે સાથે પરિવાર અને સિનિયર સિટીઝન ની તબિયત માટે ધ્યાન આપવું. વેપાર કે નોકરી માં તમારે જે મેળવવું છે.

**કુંભ** (ગ.સ.શ.ષ)
આગામી થોડા દિવસ સંભાળવા પડે. બેન્કોના કામમાં, નાણાંની લેવડ-દેવડ જામીનગીરી માં સંભાળીને કામ કરવું, નહીં તો મુશ્કેલી અનુભવો તેવું બને . રસ્તામાં આવતા જતા પૈસા, મોબાઈલનું ધ્યાન રાખવું. નોકરી ધંધાના કામમાં શાંતિ રાખશો તો રાહત જણાશે.

**મીન** (દ.ચ.ઝ)
પુત્ર અને બાળકો ના વિદ્યાભ્યાસ કે પછી વિવાહ, લગ્નના પ્રશ્ને ચિંતા હળવી થાય , વધારાનો ખર્ચ થાય, પરંતુ ખર્ચ પુરતા પૈસા મળે. વાણીમાં નરમાશ અને મીઠાશ તથા વ્યવહારમાં નમ્રતા રાખવી, જેથી કામ બગડે નહીં. નોકરી કે ધંધાના તેમજ પારિવારિક, કામ કરવાથી વાહ વાહ થાય . શેરોની લે વેચના કે પછી બેંકના કામમાં જાગૃતિ રાખવી. રવિવારે મનને આનંદ રહે.

# ચૂંટણી પૂર્વે રાજકોટમાં ભાજપના અસંતુષ્ટોના એક જૂથની "ટિફિન બેઠક"

ગુજરાત | વંદન

ગુજરાત વિધાનસભાની ચૂંટણી પહેલા રાજકોટના પૂર્વ વિસ્તારમાં રાજકારણ ગરમાયું છે. કારણ કે ભાજપના અસંતુષ્ટોના એક જૂથે ફરીવાર "ટિફિન બેઠક" કરી હતી. અરવિંદ રૈયાણીની સામે હરિફ સંભવિત દાવેદારોએ બેઠક કરી હતી. આ બેઠકમાં ચૂંટણીમાં દાવેદારીને લઈને ચર્ચા થઈ હોવાનું જાણવા મળી રહ્યું છે.

મળતી માહિતી મુજબ, પોતાના જૂથમાંથી ટિકિટ મળે તે માટે લોબિંગ ચાલુ કર્યું છે. આ બેઠકમાં પૂર્વ ડે.મેયર વલ્લભ દુધાત્રા, અશ્વિન મોલિયા, કોર્પોરેટર મુકેશ રાદડિયા અને દલસુખ જાગાણી સહિતના આગેવાનો

# 'અલ્પેશ તો ઠાકોર સમાજને પતાવવાનું મશીન છે, ઠાકોર સમાજને પતાવવા તેનો થઈ રહ્યો છે ઉપયોગ'

ગુજરાત | વંદન

રાધનપુરમાં આગામી વિધાનસભા 2022 ની ચૂંટણીને લઇ સ્થાનિક ભાજપનું રાજકારણ ગરમાયું છે. આ સીટ પર સ્થાનિક ઉમેદવારની માંગને લઇ પૂર્વ ધારાસભ્યો મેદાને આવ્યા છે અને એક બાદ એક સંમેલન યોજી સ્થાનિક ઉમેદવાર ની માંગ ઉચ્ચારી રહ્યા છે તો બીજી તરફ અલ્પેશ ઠાકોર દ્વારા જે રાધનપુરથી પરણવાની વાતને લઇ સ્થાનિક ઠાકોર સમાજમાં રોષ ભભૂકી ઉઠ્યો છે.

સમીના રણાવાળા ખાતે સ્થાનિક ઉમેદવારની માંગ તેમજ અલ્પેશ ઠાકોરના વિરોધમાં યોજાયેલ સંમેલનમાં ઠાકોર સમાજના અગ્રણી સુરેશ ઠાકોરે મહત્વપૂર્ણ નિવેદન આપ્યું છે. તેમણે જણાવ્યું છે કે, અલ્પેશ ઠાકોર તો ઠાકોર સમાજને પતાવવાનું મશીન છે. અલ્પેશ ઠાકોરનો ઠાકોર સમાજને પતાવવામાં ઉપયોગ થઈ રહ્યો છે. પાર્ટીને એક જ વિનંતી છે કે અમને ટીકીટ આપો નહી તો અમે લડી લેશું.

આગામી વિધાનસભા 2022ની ચૂંટણીને લઇ રાજકારણ ગરમાયું છે. જેમાં ખાસ કરીને પાટણ જિલ્લાની ચાર વિધાનસભા સીટ પૈકી રાધનપુર સીટ પર ભાજપ દ્વારા સ્થાનિક ઉમેદવાર મુકાવમાં આવે તેવો સુર પ્રબળ બનવા બનવા પામ્યો છે. તો બીજી તરફ રાધનપુર સીટ પર અલ્પેશ ઠાકોર ચૂંટણી લાડવા આવવા અંગેની જાહેરાત કરી છે. તાજેતરમાં એક સભ માં અલ્પેશ ઠાકોર રાધનપુરથી પરણવાના છે અને તમારે પરણાવવાનો છે આ નિવેદનને લઇ સ્થાનિકો માં ભારે રોષ ભભૂકી ઉઠ્યો છે.

અયાતી નહિ પણ સ્થાનિક ઉમેદવાર મુકવામાં આવે તેવી માંગ સ્થાનિક પ્રજામાં ઉઠવા પામી છે અને જીતશે સ્થાનિક હારશે બહારનો, લડશે સ્થાનિક જીતશે સ્થાનિક ના સ્લોગન સાથે અઢારે આલમનું સંમેલન રાધનપુર સીટ પર યોજાઈ રહ્યું છે, ત્યારે આ રોષ ભર્યા માહોલ વચ્ચે ફરી પૂર્વ ધારાસભ્ય લવિંગજી ઠાકોર અને પૂર્વ ધારાસભ્ય નાગરજી ઠાકોર સ્થાનિક ઉમેદવારની માંગ અને ક્યાંક અલ્પેશ ઠાકોરના પરણવાના



નિવેદનને લઇ સમાજમાં રોષ જોવા મળી રહ્યો છે. બીજી તરફ રાધનપુરના બે પૂર્વ ધારાસભ્ય સહીત અઢારે આલમ અલ્પેશ ઠાકોર વિરૂધ્ધ હોવાના સુર આ વિસ્તારમાં ઉઠવા પામ્યો છે.

તો અલ્પેશ ઠાકોર ગત વિધાનસભાની ચૂંટણીમાં રઘુ દેસાઈ સામે હારનો સામનો કર્યો છે, ત્યારે ફરી રાધનપુર બેઠક પરથી જ ચૂંટણી જીતી એક કમળ ગાંધીનગર મોકલવાનો નિર્ણય કર્યો હોય તેવું લાગી રહ્યું છે. સાથે આ વિસ્તારમાં ઠાકોર સમાજની વોટ બેંક મોટી છે.

# ભાજપના દિગ્ગજ નેતા મનુભાઈ ચાવડા કોંગ્રેસમાં થયા સામેલ

» અશોક ગેહલોતે ગુજરાતમાં પાડ્યો મોટો ખેલ



ગુજરાત | વંદન

મિશન 2022ની તડજોડની રાજનીતિમાં કોંગ્રેસે ભાજપને વળતો જવાબ આપ્યો છે. કોળી સમાજનાં ભાજપના દિગ્ગજ નેતા મનુભાઈ ચાવડા કોંગ્રેસમાં જોડાયા છે. પોતાના ટેકેદારો સાથે કોંગ્રેસ કાર્યલય ખાતે તેઓ કોંગ્રેસમાં જોડાયા છે. તમને જણાવી દઈએ કે, ભાજપના પૂર્વ પ્રદેશ મંત્રી રહી ચૂકયા છે મનુભાઈ ચાવડા. મનુભાઈ ચાવડા ઠાકોર કોળી વિકાસ નિગમના ઉપાધ્યક્ષ પણ રહી ચૂક્યા છે. હાલ અખિલ ભારતીય કોળી સમાજનાં રાષ્ટ્રીય મહામંત્રી છે. આ ઉપરાંત ભાજપમાં પ્રદેશના અનેક હોદ્દાઓ પર રહી ચૂક્યા છે. એસ.સી.એસ.ટી., ઓ.બી.સી.(sso) મહાસંઘના પ્રદેશ પ્રમુખ પણ છે. નોંધનિય છે કે, રાષ્ટ્રવાદી જનચેતના પાર્ટીના સંયોજક હતા મનુભાઈ ચાવડા.

# મનસુખ વસાવાની ચેતવણી: ભાજપમાં જેને રહેવુ હોય તે રહે, ન રહેવું હોય તો દરવાજા ખુલ્લા છે...

ગુજરાત | વંદન



વિધાનસભા ચૂંટણીમાં કાર્યકરો પોતાના આગેવાનને ટિકિટની માંગ કરી રહ્યા છે. ત્યારે હવે ટિકિટ માગતા કાર્યકરો પર ભરૂચના સાંસદ મનસુખ વસાવાએ રોષ વ્યક્ત કર્યો છે. રાજપીપળામાં જાહેર મંચ પરથી સાંસદ કાર્યકરો પર ગુસ્સે થયા હતા. તેમણે મંચ પરથી કહ્યુ હતું કે, ટિકિટ આપવાનું પાર્ટીએ નક્કી કરશે, કાર્યકરોએ નહી. પાર્ટીમાં જેને રહેવુ છે તે રહો, બાકીના જઈ શકે છે.

નર્મદાના રાજપીપળામાં ગૌરવ યાત્રા દરમિયાન સાંસદ મનસુખ વસાવા જોડાયા હતા. આ દરમિયાન મનસુખ વસાવાએ સભા પણ સંબોધી હતી. જેમાં તેમણે ઉમેદવારોના સમર્થકોને આડેહાથ લીધા હતા. તેમણે કહ્યું કે, આ પાર્ટી માટે અમે તેલ રેડ્યુ છે. કોંગ્રેસે અમારા માથા ફોડ્યા હતા. ભાજપ એ સંસ્કાર વાળી પાર્ટી છે, તેથી જેને પાર્ટીમાં રહેવું હોય તે રહે, બાકીના લોકો જઈ શકે છે. હું સાચુ બોલનાર વ્યક્તિ છું, જેને ખોટુ લાગે તે લાગે મને કોઈ ફરક પડતો નથી.

તેમણે એમ પણ કહ્યું હતું કે, ટિકિટ આપવાનું પાર્ટીએ નક્કી કરશે, કાર્યકરો નહિ. પાર્ટીમાં જેને રહેવુ છે તે રહો, બાકીના જઈ શકે છે. સૂત્રો પોકારતા કાર્યકરોને નહી ચલાવી લેવામાં આવે. કોંગ્રેસ, BTP અથવા AAP સામે લડી રહ્યા નથી:ય ભાજપ શિસ્તનું પાલન કરનાર પાર્ટી છે, આ નહી ચલાવી લેવાય. ભાજપ મૂલ્ય આધારિત પાર્ટી છે,અન્ય પાર્ટી જેમ ચાલતુ નથી. ખોટા લોકો પાર્ટીને નુકસાન કરે તે નહી ચાલે. ઝઘડિયા, નાંદોદ અને ડેડિયાપાડ ત્રણેય બેઠક પર જીતવાનું છે.

# દીકરી પર તાંત્રિક વિધિના નામે અમાનુષી અત્યાચાર ગુજારનાર પિતા અને કાકાનો કેસ તલાલાનો કોઈ વકીલ નહીં લડે



ગુજરાત | વંદન

તાલાલા તાલુકાના ધાવા ગીર ગામે માયા ધનના મોહમાં અંધ બનીને પરિવારે પોતાની સગી દીકરીની બલિ ચડાવી દીધાની ફેલાયેલી અફવા અને ચર્ચાઓએ જોર પકડયુ હતુ. જે બાદ પોલીસે સઘન ઢબે તપાસ કરતા આ ઘટનામાં નવો વળાંક આવ્યો હતો. મોતને ઘાટ ઉતારી દેવાયેલી ધૈર્યા નવમા ધોરણમાં ભણતી હતી. માસૂમને વળગાડ હોવાની આશંકાએ સુરતમાં રહેતા તેના પિતા ભાવેશ અકબરી, મોટા ભાઇ દિલીપ અકબરીએ સાથે મળીને વળગાડ કાઢવાના નામે તારીખ 1થી 6 સુધી અમાનુષી ત્રાસ ગુજારી મોતને ઘાટ ઉતારી દીધાનો ઘટસ્ફોટ થયો છે. આ બાબતે દીકરી ધૈર્યાના નાનાએ તાલાલા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. આ બાબતે પોલીસે બાળાના પિતા અને મોટાબાપુની ધરપકડ કરી છે. જ્યારે સુરતમાંથી પણ અન્ય બે લોકોની અટકાયત કરવામાં આવી છે.

દીકરી દાદા-દાદી સાથે રહેતી હતી. આ અંગે ધૈર્યાના માધુપુર ગીર રહેતા નાના વાલજીભાઈ ઉર્ફે વાલભાઈ દામજીભાઈ ડોબરિયાએ આજે પોલીસમાં લખાવેલી ફરિયાદમાં જણાવ્યુ છે કે, 14 વર્ષની ધૈર્યા સુરત ખાતે પિતા ભાવેશભાઈ ગોપાલભાઈ અકબરી અને માતા કપીલાબેન સાથે રહેતી હતી. ભાવેશને એલ્યુમિનિયમ સેકશનનો ધંધો છે. આ સાથે તે ધાવા ગીરમાં ચકલીધાર નામની સીમમાં ખેતીની જમીન ધરાવે છે. ધૈર્યા આઠ ધોરણ સુધી સુરત ભણી હતી. જે બાદ તેને સુરતથી ભણતા ઉઠાડી લઈ ધાવા વીરપુર વચ્ચે આવતા ઉમિયા સંકુલમાં ધોરણ નવમાં અભ્યાસ કરતી હતી. એ ધાવામાં રહેતા તેના મોટાબાપુ દીલીપભાઈ ગોપાલભાઈ અકબરી અને તેના દાદા દાદી સાથે રહેતી હતી. દીકરી ભણવામાં તેજસ્વી હતી. તે પરિવારની એકની એક દીકરી હતી.

માતા પહોંચે તે પહેલા જ દીકરીના અંતિમ સંસ્કાર થયા હતા

તેમણે વધુમાં જણાવ્યુ કે, તારીખ 8 ઓકટોબરના સવારે આઠ વાગ્યે માધુપુર રહેતા ધૈર્યાના નાના અને આ કેસના ફરિયાદી વાલજીભાઈના પુત્ર કમલે વાત કરી હતી કે, ધાવાથી ધૈર્યાના મોટાબાપુ દીલીપભાઈનો ફોન આવ્યો હતો કે ધૈર્યાનું મૃત્યું થયું છે. આ જાણ થતાં વાલજીભાઈ, કમલેશ અને વાલજીભાઈના પત્ની લાભુબેન ધાવા જવા નીકળ્યા હતા. તે લોકોને ખબર મળી તે પહેલા જ દીકરીના અંતિમ સંસ્કાર થઈ ગયા હતા. આ લોકો ઘરે પહોંચ્યા ત્યારે ભાવેશભાઈ, દીલીપભાઈ અને અને ગોપાલભાઈ હાજર હતા એને ધૈર્યાની માતા કપીલા સુરતથી ધાવા આવવા નીકળી ગઈ હતી.

# શબ્દોની સંતાકૂકડી 32 — સાપ્તાહિક ગુજરાત વંદન

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 1 | | 2 | ■ | 3 | 4 | |
| | ■ | 5 | 6 | | | ■ |
| 7 | | ■ | 8 | | ■ | 9 |
| | ■ | 10 | ■ | 11 | 12 | |
| ■ | 13 | | 14 | ■ | 15 | |
| 16 | ■ | 17 | | 18 | | ■ |
| 19 | | | ■ | 20 | | |

### ઊભી ચાવી

(1) 'chapter' શબ્દનું ગુજરાતી [4]
(2) જશ, કીર્તિ, પ્રતિષ્ઠા [2]
(3) હૃદયના આશયને મૂર્ત કરી આપતી તસ્વીર, 'આઈડિયોગ્રાફ' [4]
(4) રંગ, રૂપ [2]
(6) નેતરની જાતનું ઘાસ [2]
(9) સોપારીનું ઝાડ, સોપારી [3]
(10) હવેથી, હવે પછી [4]
(12) ટપાલખર્ચ [4]
(14) એક કહેવત છે કે "ચાલતા બળદને -------- ન ખોસવી" [2]
(16) મનોરંજન તથા મળવા કરવા માટે કઢાતું મંડળ (અંગ્રેજીમાં) [2]
(18) એક રૂઢિપ્રયોગ છે કે "------વસ્ત્ર કરવું" [2]

### આડી ચાવી

(1) પ્રેમ, સ્નેહ, વહાલ [3]
(3) ભાવ, હેત [3]
(5) મડદા જેવો ફિક્કો થઈ ગયેલો રંગ [4]
(7) જૈન ઋષિ, મુનિ [2]
(8) ઈચ્છા, ભાવ, ભૂખ [2]
(11) કડાકો, ઝપાટો, સપાટો [3]
(13) અહીં 'આજમ' શબ્દ આડા-અવળો થયેલ છે [3]
(15) કાપ, વેતરવાની રીત [2]
(17) બીજાનું મોઢું, પારકું મોં [4]
(19) ભાલા જેવું એક હથિયાર [3]
(20) ખર્ચ કરવો, વ્યય કરવો, (નાણું) વાપરવું [3]

શબ્દોની સંતાકૂકડી-32 નો ઉકેલ આવતા અંકે

### શબ્દોની સંતાકૂકડી-31નો ઉકેલ

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 1 સ | મ્રા | 2 ટ | ■ | 3 ઈ | લા | 4 જ |
| હ | ■ | 5 કો | કિ | લા | ■ | મ્બો |
| 6 મ | 7 ક | ર | ■ | 8 ય | લો | ■ |
| 9 ત | જા | ■ | 10 સૂ | ચી | ■ | 11 મં |
| ■ | 12 ત | 13 ર | ત | ■ | 14 પ | ત્ર |
| 15 પાં | ■ | 16 તા | ર | 17 પ | ત્ર | ■ |
| 18 ઉ | દે | શ | ■ | 19 રી | ક | બા |

# કોયડો નં. 34 સુડોકુ — સાપ્તાહિક ગુજરાત વંદન

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | | | | | | 6 | | |
| 5 | | | | 7 | | | 8 | |
| | 8 | 7 | | | | 1 | | |
| 3 | | | | 6 | | | | |
| | 7 | 1 | | | | | 6 | |
| | | 8 | | | | | 4 | |
| | 4 | | | | | 3 | | |
| 7 | | | 8 | 2 | 4 | | | |
| | 2 | | | 1 | | | | 8 |

ખાનાઓમાં એકથી નવના આંક એ રીતે ગોઠવાયેલા છે કે ઊભી, આડી રોમાં એક આંક એક જ વાર આવે. તે જ રીતે દરેક કોર્નરમાં નવના ચોકઠામાં પણ એકથી નવના આંક એક એકવાર જ આવવા જોઈએ. નમૂના માટે કેટલાક આંક મૂકાયા છે. ખાલી ખાનાં હવે તમે તર્ક લગાડીને ભરી કાઢો.

### સુડોકુ-34નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 9 | 4 | 2 | 5 | 8 | 6 | 3 | 7 |
| 5 | 3 | 6 | 1 | 7 | 9 | 2 | 8 | 4 |
| 2 | 8 | 7 | 6 | 4 | 3 | 1 | 9 | 5 |
| 3 | 5 | 2 | 4 | 6 | 7 | 8 | 1 | 9 |
| 4 | 7 | 1 | 9 | 8 | 2 | 5 | 6 | 3 |
| 9 | 6 | 8 | 5 | 3 | 1 | 7 | 4 | 2 |
| 8 | 4 | 5 | 7 | 9 | 6 | 3 | 2 | 1 |
| 7 | 1 | 3 | 8 | 2 | 4 | 9 | 5 | 6 |
| 6 | 2 | 9 | 3 | 1 | 5 | 4 | 7 | 8 |

**હેવાનીયત** દિલ્હીમાં ફરી નિર્ભયા કાંડ સર્જાયો: જીવન-મરણ વચ્ચે ખાઈ રહી છે ઝોલા

# સંપતિના વિવાદમાં પરિચિતોએ મહિલા સાથે હેવાનિયત આચરી

■ મહિલાનું અપહરણ કર્યા બાદ સતત બે દિવસ સુધી ગેંગરેપ આચર્યો

ગુજરાત | વંદન



દિલ્હીમાં વધુ એકવાર નિર્ભયા કાંડ સર્જાયો છે, જેને લઈને દિલ્હી ફરી એક વખત શરમજનક સ્થિતિમાં મુકાયુ છે. દિલ્હી એનસીઆરમાં સંપતિના વિવાદમાં એક મહિલાનું અપહરણ કરી ગાઝીયાબાદમાં બે દિવસ સુધી તેના પર ગેંગરેપ આચરવામાં આવ્યો હતો, આરોપીઓએ હેવાનિયતની તમામ હદો પાર કરી મહિલાના પ્રાઈવેટ પાર્ટમાં લોખંડનો સળીયો નાખ્યો હતો, બાદમાં આરોપીઓએ મહિલાને આશ્રમ રોડ પર ફેંકીને ફરાર થઈ ગયા હતા, હાલ મહિલા ગંભીર હાલતમાં જીવન મરણ વચ્ચે ઝોલા ખાઈ રહી છે, પોલીસે ચારેય આરોપીઓની ધરપકડ કરી લીધી છે.

આ ચોંકાવનારા બનાવની વધુમાં જાણવા મળતી વિગત મુજબ દિલ્હીની એક મહિલાનું સંપતિના વિવાદમાં અપહરણ કર્યું હતું. આરોપીએ બે દિવસ સુધી મહિલાને પોતાની હવસનો શિકાર બનાવી હતી. આરોપીએ હેવાનિયતની તમામ હદો વટાવીને મહિલાના પ્રાઈવેટ પાર્ટમાં લોખંડનો સળીયો નાખ્યો હતો, ત્યારબાદ પીડિતાને અધમૂઈ હાલતમાં આશ્રમ રોડ પાસે ફેંકીને ફરાર થઈ ગયા હતા. આ મામલે પોલીસને જાણ થતા પોલીસે ઘટનાસ્થળે પહોંચી મહિલાને હોસ્પિટલે દાખલ કરાવી હતી. શહેર પોલીસે જણાવ્યું હતું કે મહિલા દિલ્હીના નંદનગરી વિસ્તારની છે. તે નંદગ્રામ ક્ષેત્રમાં તેના ભાઈને ત્યાં આવી હતી. પરત ફરતી વખતે કેટલાક લોકોએ તેને ઉઠાવી લીધી હતી.

પુછપરછમાં એવી વિગત બહાર આવી હતી કે આરોપીઓ મહિલાના પરિચિત જ છે અને બન્ને પક્ષો વચ્ચે સંપતિને લઈને વિવાદ ચાલી રહ્યો છે. આ મામલે દિલ્હી મહિલા આયોગની અધ્યક્ષ સ્વાતિ મલીવાલે ગાઝીયાબાદ પોલીસને નોટીસ ફટકારી છે. આ મામલે પોલીસે જણાવ્યું હતું કે આ મામલે ચાર લોકોની ધરપકડ કરાઈ છે. આ મામલે એવી ચોંકાવનારી વિગત બહાર આવી છે કે આરોપીઓ બેભાન મહિલાને કોથળાની ગુણમાં નાખીને રોડ પર ફેંકી દેવાઈ હતી.

### સ્વાતિ માલીવાલે ગાઝિયાબાદ પોલીસને નોટિસ આપી હતી

દિલ્હી મહિલા આયોગ (DCW)નાં અધ્યક્ષ સ્વાતિ માલીવાલે બુધવારે સવારે ટ્વીટ કરીને કહ્યું, 'દિલ્હીની યુવતી રાત્રે ગાઝિયાબાદથી પરત આવી રહી હતી, તેને બળજબરીથી કારમાં બેસાડી 5 લોકોએ 2 દિવસ સુધી બળાત્કાર ગુજાર્યો. તેના પ્રાઈવેટ પાર્ટમાં સળિયો નાખ્યો. રસ્તા પર કોથળામાંથી મળી, સળિયો તેની અંદર જ હતો. હોસ્પિટલમાં જીવન-મૃત્યુ માટે લડાઈ લડી રહી છે.

## લગ્ન પછી પણ સગીરા સાથે શારીરિક સંબંધ ગેરકાયદે, તેની મરજીથી કોઈ ફરક પડતો નથી: હાઈકોર્ટ

ગુજરાત | વંદન



સગીરા સાથે શારીરિક સંબંધ બાંધવાના એક કેસમાં અલ્હાબાદ હાઈકોર્ટે મહત્વનો ચુકાદો આપ્યો છે. કોર્ટે કહ્યું છે કે, સગીરા પોતાનું ઘર છોડીને કોઈની સાથે લગ્ન કરે અને પોતાની મરજીથી શારીરિક સંબંધ બાંધે તો પણ તેની ઈચ્છાનું કોઈ મહત્વ નથી.

આ કેસમાં જસ્ટિસ રાધા રાની ઠાકુરે અલીગઢના શખ્સ પ્રવીણ કશ્યપની જામીન અરજી ફગાવી દીધી હતી. પ્રવીણે સગીરા સાથે લગ્ન કર્યા હતા અને બંને પતિ-પત્ની તરીકે રહેતા હતા.

અરજદારના વકીલે દલીલ કરી હતી કે, સીઆરપીસીની કલમ 161 અને 164 હેઠળ પીડિતાએ આપેલા નિવેદન મુજબ, સગીરાએ પોતાની મરજીથી ઘર છોડી દીધું હતું અને લગ્ન કર્યા હતા. તેણે અરજી કરનાર 4 જૂન, 2022થી જેલમાં હોવાથી જામીન મંજૂર કરવાની વિનંતી કરી હતી.

જૂન મહિનાથી જેલમાં છે સગીરાનો પતિ

એડિશનલ સરકારી વકીલે હાઈકોર્ટમાં જામીન અરજી સામે વાંધો ઉઠાવતા કહ્યું હતું કે, અલીગઢના નહરૌલા ખૈર ખાતેની ઉચ્ચતર માધ્યમિક શાળાના આચાર્યએ આપેલા પ્રમાણપત્ર મુજબ પીડિતાની જન્મ તારીખ 10 મે, 2006 છે અને ઘટનાના દિવસે 2 જૂન, 2022ના રોજ તે સગીર હતી, તેથી તેની ઈચ્છાનો કોઈ મતલબ નથી.

અલ્હાબાદ હાઈકોર્ટે સુનાવણી બાદ પોતાના આદેશમાં કહ્યું કે, સંબંધિત પક્ષકારોના વકીલની દલીલોને ધ્યાનમાં રાખીને અને કેસના તથ્યો અને સંજોગોને ધ્યાનમાં રાખીને આ કેસમાં જામીન આપવાનું યોગ્ય લાગતું નથી. હાઈકોર્ટે કહ્યું છે કે, સગીરા સાથે શારીરિક સંબંધ બાંધવાના મામલે તેની સંમતિનું કોઈ મહત્વ નથી. કોર્ટે કહ્યું કે લગ્ન બાદ સગીરાની સંમતિથી બાંધવામાં આવેલા શારીરિક સંબંધ પણ ગેરકાયદે છે.

શું છે સમગ્ર મામલો?

અલીગઢના પ્રવીણ કશ્યપ વતી અલ્હાબાદ હાઈકોર્ટમાં જામીન અરજી દાખલ કરવામાં આવી હતી. અરજદાર/આરોપી પર અલીગઢના લોઢા પોલીસ સ્ટેશનમાં અપહરણ, બળાત્કાર અને પોક્સો એક્ટનો કેસ નોંધવામાં આવ્યો હતો. અરજદાર તરફથી હાજર રહેલા વકીલે દલીલ કરી હતી કે સગીરાએ પોલીસ અને કોર્ટ સમક્ષ પોતાનું નિવેદન આપ્યું છે. આ નિવેદનમાં તેણે કહ્યું છે કે, તે પોતાની મરજીથી ઘર છોડીને જતી રહી હતી. અરજદાર સાથે લગ્ન કર્યા છે. બંનેએ યુવતીની સંમતિથી શારીરિક સંબંધ બાંધ્યા છે. બંને પતિ-પત્નીની જેમ સાથે રહે છે.

અનુસંધાન પેજ 04 પરથી...

### બોલીવુડ ફિલ્મોમાં..

ફિલ્મ આર્ટિકલ 15, અભિનેત્રી શ્રીદેવીની ફિલ્મ મોમ, અભિનેત્રી તાપસી પન્નુની પિંક નિશ્ચિતપણે સ્થાપિત કરે છે કે હિન્દી ફિલ્મ ઉદ્યોગ નિર્ભયા બળાત્કાર કેસ પછી બળાત્કારના મુદ્દા પ્રત્યે સંવેદનશીલ બની ગયો છે. આ ફિલ્મોએ સમાજમાં મહિલાઓના સ્વાભિમાન, અભિવ્યક્તિ અને સ્વતંત્રતાને મજબૂત બનાવ્યું છે. આ ફિલ્મો બળાત્કારની સામાજિક, મનોવૈજ્ઞાનિક બાજુ અને અસર વિશે વાત કરે છે.

અગાઉ, ફિલ્મોમાં બળાત્કાર પીડિતાને અસ્પૃશ્ય, ગુનેગાર અને નીચી કક્ષાના લોકો તરીકે દર્શાવવાની પરંપરા હતી. બળાત્કારના કેસોમાં જટિલ ન્યાયિક પ્રક્રિયાના નિરૂપણ દ્વારા એવું ચિત્ર રજૂ કરવામાં આવ્યું છે કે સામાન્ય માણસનો કાયદો અને ન્યાય વ્યવસ્થા પરથી વિશ્વાસ ઉઠી જાય છે. સંવેદનશીલ દિગ્દર્શકોએ આ પરંપરાને તોડવાનું કામ કર્યું છે અને તેમની ફિલ્મો દ્વારા તેમણે પ્રસ્થાપિત કર્યું છે કે સંઘર્ષનો માર્ગ ગમે તેટલો મુશ્કેલ હોય, આવા કિસ્સામાં હિંમતથી ન્યાય ચોક્કસ મળે છે.

આજે, હિન્દી સિનેમામાં એટલી સંવેદનશીલતા અને જાગૃતિ આવી છે કે ફિલ્મ નિર્માતાઓ સારી અને ચુસ્ત સ્ક્રિપ્ટો દ્વારા મહિલા અપરાધોનો સામનો કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. તે એક સારી નિશાની છે કે હવે કોઈપણ કલાકારને મહિલાઓ પર કરવામાં આવતી અશ્લીલ, અભદ્ર, બેવડા અર્થપૂર્ણ ટિપ્પણીઓ માટે કોઈપણ પ્રકારનું સમર્થન નથી મળતું. દેખીતી રીતે, ફિલ્મ ઉદ્યોગે ઘણો આગળ વધ્યો તો તેની સાથે આપણો સમાજ પણ..,

### એવા ગોરાઓ...

જેલમાંથી બહાર આવતાની સાથે જ તે આઝાદીની લડાઈ લડતી એવી સૈનિક બની ગઈ હતી કે વિસ્તારના લોકો તેને વૃદ્ધ ગાંધીના નામથી બોલાવવા લાગ્યા હતા. આ મહિલા હતી માતંગિની હઝરા..

જેલમાં જતા પહેલા માતંગિની આઝાદીની ચળવળ વિશે બહુ જાણતી ન હતી પરંતુ અંગ્રેજોના અત્યાચારોથી વાકેફ હતી. હકીકતમાં, તેમના પ્રિયજનોએ તેમના પર ઘણા અત્યાચારો કર્યા હતા. ગરીબીથી પીડિત માતા-પિતાએ 60 વર્ષના વૃદ્ધ સાથે નાની ઉંમરમાં લગ્ન કર્યા, જ્યારે તે 18 વર્ષની થઈ ત્યારે તેના પતિનું અવસાન થયું. જ્યારે સાવકા-બાળકોને ઘરની બહાર ફેંકી દેવામાં આવ્યા ત્યારે તેઓ ગામની બહાર એક ઝૂંપડીમાં રહેવા લાગ્યા. લોકોના ઘરે કામ કરી ગુજરાન ચલાવતા હતા.

પણ હવે બધું બદલાઈ ગયું હતું. 1930 થી 1942 સુધી માતંગિની એ વિસ્તારમાં ક્રાંતિની જ્યોત જગાડી. સત્યાગ્રહ અને ધરણાના કારણે આ વિસ્તારના અંગ્રેજ અધિકારીઓને તેની સામે લોઢાના ચણા ચાવવાનો વારો આવ્યો. 1942 માં, 72 વર્ષની ઉંમરે, માતંગિની હઝરાએ તમલુકમાં ભારત છોડો આંદોલનની જવાબદારી સંભાળી.

મિદનાપુરમાં તમામ સરકારી કચેરીઓ અને પોલીસ સ્ટેશનો પર ત્રિરંગો ફરકાવીને બ્રિટિશ રાજના અંતની જાહેરાત કરવામાં આવશે તેવું નક્કી કરવામાં આવ્યું હતું. તે 29 સપ્ટેમ્બર 1942 નો દિવસ હતો, 6,000 લોકોનું સરઘસ હતું, જેમાં મોટાભાગની મહિલાઓ હતી. સરઘસ તમલુક પોલીસ સ્ટેશન તરફ આગળ વધવા લાગ્યું, પોલીસે ચેતવણી આપી, લોકો પીછેહઠ કરવા લાગ્યા, વંદે માતરમના ઘોષણા સાથે હાથમાં ત્રિરંગો પકડીને માતંગિની ભીડને ચીરીને બધાની સામે આવી અને કહ્યું કે હું તિરંગો ફરકાવીશ...

પોલીસની ચેતવણી પર પણ જ્યારે તે ન રોકાઈ ત્યારે પોલીસે ગોળીબાર કર્યો... તેના જમણા હાથ પર ગોળી વાગી હતી. ઘાયલ માતંગિનીએ બીજા હાથમાં ત્રિરંગો લઈને આગળ વધી. બીજી ગોળી બીજા હાથે વાગી, બંને ઘાયલ હાથો વડે તિરંગો પકડીને તેઓ આગળ વધી રહ્યા હતા ત્યારે ત્રીજી ગોળી સીધી જ તેના કપાળે વાગી, અને માતંગિની પડી ગઈ પણ તિરંગાને નીચે ન પડવા દિધો તેની છાતી પર તિરંગો ચોંટી ગયો.., છેલ્લા શબ્દો- વંદે માતરમ્..બોલીને માતંગિની પોતાના અવાજથી અમર થઈ ગયા.

અનુસંધાન પેજ 1 પરથી...

### ભારતની સુરક્ષામાં..

કહ્યું કે વિશ્વને ભારત પાસેથી અપેક્ષાઓ વધી રહી છે અને આપણે તે પૂરી કરવા તત્પર છીએ. મોદીએ કહ્યું કે ભવિષ્યની સંભાવના સ્પેસમાં છે અને ભારત તેની શક્તિમાં સીમિત ન રહે તે વિધાન પણ આપણુ છું.

આજે ભારતના બ્રહ્મોસ્ત્ર મિસાઈલ વિશ્વની પસંદગી બની છે. અનેક દેશો ભારતના ફાઈટર પ્લેનમાં રસ ધરાવે છે અને આપણે 75થી વધુ દેશોને રક્ષા સાધનોની નિકાસ કરીએ છીએ. અને ભારતની ટેકનોલોજી પર દુનિયાનો વિશ્વાસ વધ્યો છે.

આ સમારોહને સંબોધતા ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે જણાવ્યું કે ગુજરાત હંમેશા દેશને નેતૃત્વ આપતું રહયું છે અને ડીફેન્સ એક્ષ્પો માટે ગુજરાતને યજમાન બનાવવા બદલ તેમને વડાપ્રધાન અને સંરક્ષણ મંત્રીનો આભાર માન્યો હતો અને જણાવ્યું કે ડીફેન્સ ક્ષેત્રમાં રાજ્ય સરકારે હવે રક્ષા શક્તિ યુનિવર્સિટીને પણ વિસ્તારવા નિર્ણય લીધો છે. આ ડીફેન્સ એક્ષ્પોમાં 450થી વધુ એમઓયુ સાઈન થયા હતા અને માત્ર મેઈડ ઈન ઈન્ડીયાના શસ્ત્રો એક્ષ્પોમાં રજૂ થયા હતા.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ડીફેન્સ એક્ષ્પોમાં બનાસકાંઠા અને પાટણ એ દેશમાં વાયુ શક્તિનું કેન્દ્ર બનશે તેવું જણાવતા ઉમેર્યું કે આગામી સમય સ્પેસ શક્તિનો છે અને ભારત તેમાં પાછળ ન રહે તે જોવાનું છે અને તેથી જ ડીસામાં હવાઈ દળના ઓપરેશનલ બેઈઝ બનાવવાનો નિર્ણય લીધો હતો અને તે ગુજરાતના કચ્છથી રાજસ્થાનના બાડમેર સુધીના હવાઈ દળના યુનિટ સાથે જોડાઈ જશે.

### ડોલર સામે..

આ પહેલીવાર છે જ્યારે રૂપિયો 83ને પાર થયો છે. મંગળવારે પણ રૂપિયામાં ઘટાડાનો ટ્રેન્ડ જોવા મળ્યો હતો. તે ડોલર સામે રૂ.82.36 પ્રતિ ડોલર પર બંધ રહ્યો હતો. બુધવારે બપોરે ટ્રેડિંગ દરમિયાન તેમાં થોડો વધારો જોવા મળ્યો હતો, પરંતુ સાંજ સુધીમાં તેમાં ઘટાડો જોવા મળ્યો હતો અને તે ડોલર સામે રૂ. 83ને પાર કરીને બંધ થઈ ગયો હતો.

રૂપિયાના ઘટાડા પર બોલતા સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના પ્રમુખ દિનેશ ખારાએ કહ્યું કે ડોલર ઈન્ડેક્સની મજબૂતીને કારણે ભારતીય રૂપિયો અનિવાર્યપણે નબળો પડ્યો છે, પરંતુ અન્ય ઉભરતી અર્થવ્યવસ્થાઓની મુદ્રાઓની તુલનામાં તેની પકડ સારી છે. સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના પ્રમુખ દિનેશ ખારાએ જણાવ્યું હતું કે આંતરરાષ્ટ્રીય મુદ્રા કોષ અને વિશ્વ બેંક દ્વારા જે વૈશ્વિક મંદીની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે, તે અન્ય દેશોની તુલનામાં ભારતમાં વધુ અસર કરશે નહીં.

### જય શાહના નિવેદનથી..

સમર્થન સાથે એશિયા કપ જીત્યો હતો. એશિયા કપ શિફ્ટ કરવાનું નિવેદન સ્પષ્ટપણે એકતરફી છે. આ એ ભાવનાની વિરુદ્ધ છે જેના માટે સપ્ટેમ્બર 1983માં એશિયન ક્રિકેટ કાઉન્સિલની રચના કરવામાં આવી હતી.

તેણે વધુમાં કહ્યું, "PCBને હજુ સુધી ACC તરફથી કોઈ સત્તાવાર સંદેશ અથવા સ્પષ્ટતા પ્રાપ્ત થઈ નથી. પીસીબીએ એશિયન ક્રિકેટને આ મહત્વપૂર્ણ અને તાકીદની બાબત પર ચર્ચા કરવા માટે ઈમરજન્સી બેઠક બોલાવવા વિનંતી કરી છે.

### આર્યન ડ્રગ્સ..

સમક્ષ જવું પડશે તે પણ નિશ્ચિત છે. રસપ્રદ બાબત એ છે કે કિરણ ગોસ્વામી અને આર્યન ખાનની સેલ્ફી જેવા મુદ્દાઓ પર પણ લાંબા પ્રશ્નો પુછવામાં આવ્યા હતા.

સાત અધિકારીઓને આ ખંડણી પ્રકરણની તપાસમાં રોકી દેવાયા હતા. કુલ 65 લોકોના નિવેદન લેવાયા હતા જેમાં હવે એનસીબીએ તેના અધિકારી સામે તપાસ શરુ કરી છે. વિજીલન્સ વિભાગના અધિકારીએ જણાવ્યું કે અમારા વિભાગે પહેલા આર્યન સામે મજબૂત પૂરાવા હોવાની વાત કરી હતી અને બાદમાં અમારે જ તે નિર્દોષ હોવાનું કહેવું પડ્યું હતું.

### દિવાળીના તહેવારોમાં..

દરમિયાન ખરાબ સમાચાર આવી રહ્યા છે કે ભારતમાં Omicron BA.5.1.7 અને BF.7 ના નવા વેરિએન્ટની ખબર પડી છે. આ સબ વેરિએન્ટને સંક્રમક કહેવામાં આવી રહ્યો છે. વૈજ્ઞાનિકોનું કહેવું છે કે તેની સંરચરણ ક્ષમતા પણ વધુ છે.

કથિત રીતે ગુજરાત બાયોટેક્નોલોજી રિસર્ચ સેન્ટરે ભારતમાં BF.7 ના પહેલાં કેસની ખબર પડી છે. ત્યારબાદથી દેશમાં હડકંપ મચી ગયો છે. આ બધા નવા સબ વેરિએન્ટ પર વેક્સીનને લઈને કોઈ નક્કર રિપોર્ટ હજુ સુધી આવ્યો નથી. કેટલાક રિપોર્ટ્સમાં જણાવવામાં આવ્યું છે કે સબ વેરિએન્ટ વેક્સીનને છેતરવામાં નિષ્ફળ છે. એટલા માટે આગામી તહેવારની સીઝન પહેલાં જ સાવધાની વર્તવાની જરૂર છે.

એક્સપટ્ર્સે આ સબ વેરિએન્ટને લઈને સલાહ જાહેર કરી છે કે અત્યારથી માસ્ક લગાવવું ખૂબ જરૂરી છે. તેની સાથે જ જો વાયરલના લક્ષણ દેખાય તો પોતાને આઈસોલેટ કરવા પણ જરૂરી છે. બે રિસર્ચ જણાવે છે કે બીએફ.7 વેરિએન્ટ અન્ય ઓમિક્રોન સબ-વેરિએન્ટની તુલનામાં પહેલાની વેક્સીનેશન અને એન્ટીબોડીથી બચી શકે છે એટલા માટે આ પહેલાં વધુ સંક્રમક ગણવામાં આવે છે.

અનુસંધાન પેજ 12 પરથી...

### ભાજપના ધારાસભ્યએ...

ન હોત. તેમણે કહ્યું કે ભાજપના લોકો માત્ર વાતો કરે છે પરંતુ સરખેજ-મકતપુરામાં કામ કરતા નથી. અહીંના સરખેજ હેરિટેજ તળાવની હાલત અત્યંત ખરાબ છે. તળાવના પાણીની દુર્ગંધ વચ્ચે આસપાસના લોકો મજબૂરીમાં જીવી રહ્યા છે.

ધારાસભ્યએ માત્ર પોતાના અને ઘરનો જ વિકાસ કર્યો છે. રાજુ પટેલે કિશોર ચોહાણને ચેતવણી આપતાં કહ્યું હતું કે, જો કોઈ વિકાસનું કામ થયું હોય તો જનતાની વચ્ચે આવીને તેમની સાથે ચર્ચા કરવી જોઈએ. વેજલપુરમાં 1.40 લાખ મુસ્લિમ, 35 હજાર દલિત અને 1.25 લાખ ઈતરકોમના લોકો છે. અહીં ભાજપ ચૂંટણી સમયે તેમની B પાર્ટીઓના સમર્થનથી જ જીતે છે.

### કેદારનાથ દુર્ઘટનામાં ...

રહેતી પુર્વાબેન વિનોદભાઈ રામાનુજ ઉ.વ.26 ના મોત નીપજયા છે.

આ ત્રણેય બહેનપણીઓ સાથે મળીને યાત્રાધામ કેદારનાથ ગઈ હતી. અને હેલિકોપ્ટર ક્રેશ દુર્ઘટનામાં મૃત્યુ પામી છે.

આ બનાવની જાણ થતા જ ભાવનગરના માળી પરિવારમાં અને માળી સમાજમાં ઘેરા શોક લાગણી ફેલાઈ જવા પામી હતી. પૂર્વી અને કૃતિ બંને પિતરાઈ બેનો નોકરી કરતી હતી.

પૂર્વી બારડ અમદાવાદમાં આઈટ કંપનીમાં જોબ કરતી હતી. જ્યારે કૃતિ બારડ ભાવનગરમાં સ્કૂલમાં નોકરી કરતી હતી. જ્યારે શિહોરની પૂર્વા બીસીએ પૂર્ણ કરી પોતાની કેરીયર બનાવવા માટે કેનેડા જવાની હતી. અકસ્માતમાં મોતને ભેટેલી કૃતિ તેમના પરિવારમાં એક જ સંતાન હતી. જ્યારે ઉર્વી બારડ ની હજુ બે માસ પહેલા જ સગાઈ થઈ હતી .અને દિવાળી પછી તેમના લગ્ન પણ નક્કી થઈ ગયા હતા.

### રાજ્યમાં ગેરકાયદે...

કે આ મામલે સરકાર ત્વરિત કોઈ નિર્ણય કરે જેથી આ વટહુકમથી લોકોને ખૂબ મોટો ફાયદો થશે. તમામ મહાનગરપાલિકા અને નગરપાલિકાને બાંધકામ નિયમિત કરતો વટહુકમનું પાલન ફરજિયાત કરવાનું રહેશે. રેરા સિવાયના બાંધકામોને સરકારના નિર્ણયથી ફાયદો થશે.

50 ચો.મીટર માટે 3 હજાર ફી નિયત કરાઈ છે. 50થી 100 ચો.મીટર સુધી 6 હજાર ફી, 100થી 200 ચો.મીટર સુધી 12 હજાર ફી નિયત કરાઈ છે. 50 ચો.મીટર માટે 3 હજાર ફી નિયત કરાઈ છે. આંતર માળખાકીય સવલતો માટે મળેલી ફીની રકમનો ઉપયોગ થશે. તેમજ ઈમ્પેક્ટ ફીની રકમથી જે-તે શહેરની આંતરમાળખાકીય સવલતો ઉભી કરવામાં આવશે.

### રાજ્ય સરકારનો...

ભરવાનો રાજ્ય સરકારે મહત્વનો નિર્ણય કર્યો છે.

વનમંત્રી કિરીટસિંહ રાણા અને રાજ્ય વનમંત્રી જગદીશભાઈ વિશ્વકર્માએ મીડિયાને વિગતો આપતા કહ્યું હતું કે, રાજ્યના યુવાનોને વધુને વધુ સરકારી સેવાઓનો લાભ મળે તે આશયથી આ મહત્વનો નિર્ણય કરાયો છે.

અનુસંધાન પેજ 10 પરથી...


### પરમાણુ હુમલો થાય...

થવાની શક્યતા બહુ ઓછી છે.

4. ગુઆમ | નાના પેસિફિક ટાપુની વસ્તી લગભગ 168,000 છે, પુષ્કળ જગ્યા છે અને કોઈ દુશ્મન નથી. તેની પાસે ખૂબ જ નાની સૈન્ય છે, જેમાં માત્ર 1,300 સભ્યો છે, જેમાંથી માત્ર 280 જ પૂર્ણ-સમય છે, તો શા માટે કોઈ આવી જગ્યા પર હુમલો કરવાનું પસંદ કરશે. તે કોઈને માટે કોઈ ખતરો નથી અને યુદ્ધમાંથી ભાગી રહેલા કોઈપણ માટે સંપૂર્ણ સલામત આશ્રયસ્થાન હશે.

5. ઓસ્ટ્રેલિયા | પર્થ, ઓસ્ટ્રેલિયા. વેસ્ટર્ન ઑસ્ટ્રેલિયાની રાજધાની કોઈપણ રાજકીય કેન્દ્રથી એટલી દૂર છે કે તે માની લેવું સલામત રહેશે કે તે કોઈના વિનાશની સૂચિમાં સામેલ થશે નહીં. તેની વસ્તી 2 મિલિયનથી વધુ છે, અને ઘણા લોકોને રાખવા માટે પૂરતી જગ્યા છે. વસ્તીમાં ખરેખર અન્ય ઘણા દેશોના લોકોનો સમાવેશ થાય છે, જેમાં 40% અંગ્રેજી, 9.2% સ્કોટિશ અને 1% વેલ્શનો સમાવેશ થાય છે - તેથી ત્યાં દરેકનું સ્વાગત છે.

6. ઈઝરાયેલ | અને અંતે, જો પરમાણુ યુદ્ધ ફાટી નીકળે, તો ઈઝરાયેલ તમારા બચવા માટેના સ્થળોની યાદીમાં ટોચ પર રહી શકે છે. તેમાં વિશ્વના દરેક મોટા ધર્મના પવિત્ર સ્થાનો હોવાથી, તે કહેવું સલામત છે કે મધ્ય પૂર્વીય રાષ્ટ્ર વિનાશની સૂચિમાંથી સુરક્ષિત રહેશે. તે ઘણી ભૂગર્ભ ટનલ અને સલામત આશ્રયસ્થાનોનું ઘર પણ છે.



## મહારાષ્ટ્રનું અજબ ગજબ: ઉદ્ધવ જૂથના ઉમેદવારની તરફેણમાં ભાજપ ચૂંટણી નહીં લડે

ગુજરાત | વંદન

મુંબઈની અંધેરી પૂર્વ વિધાનસભા બેઠક પર ભાજપે શિવસેનાના ઉદ્ધવ જૂથના ઉમેદવાર ઋતુજા લટકેની તરફેણમાં પોતાના ઉમેદવારનું ફોર્મ પાછું ખેંચવાની જાહેરાત કરી છે. ભાજપના પ્રદેશ અધ્યક્ષ ચંદ્રશેખર બાવન કુળેએ આ જાહેરાત કરી હતી.

અંધેરી પૂર્વના ધારાસભ્ય રમેશ લટકેના નિધનથી આ બેઠક ખાલી પડતાં તેની પેટા ચૂંટણી તારીખ ત્રીજી નવેમ્બરે યોજવાની છે. તેના માટે ભાજપ તરફથી મુરજી પટેલ અને ઉદ્ધવજી તરફથી સ્વ રમેશ લટકેના પત્ની ઋતુજા લટકેએ ફોર્મ ભર્યું છે.

ઋતુજા આ ચૂંટણીના લડી શકે તે માટે એકનાથ સરકારે ભારે ધમપછાડા કર્યા હતા ઋતુજા મુંબઈ મહાનગરપાલિકાના કર્મચારી હોવાથી તેમણે ચૂંટણી લડવા માટે રાજીનામું આપ્યું હતું . પરંતુ રાજ્ય સરકારના ઈશારે મહાપાલિકાએ આ રાજીનામાં પત્ર દબાવી રાખ્યો હતો. છેવટે ઉદ્ધવ જૂથે હાઈકોર્ટમાં ધા નાખતા બોમ્બે હાઈકોર્ટે મહાપાલિકાને આકરા ઠપકા સાથે ઋતુજાનું રાજીનામું સ્વીકારી લેવા જણાવ્યું હતું એ પછી શિંદે જૂથે આ બેઠક પર ભાજપ નહીં પરંતુ પોતે લડે તેવું આગ્રહ સેવ્યો હતો પરંતુ ભાજપ એ તેનો સ્વીકાર કર્યો ન હતો.

હજુ ગઈકાલે મનસેના નેતા રાજ ઠાકરે એ ભાજપના નેતા અને નાયબ મુખ્યપ્રધાન દેવેન્દ્ર ફડણવીસ ને એક પત્ર પાઠવી ઋતુજા લટકે બિનહરીફ ચૂંટાય તે માટે ભાજપ તેનો ઉમેદવાર પાછો ખેંચી લે તેવી અપીલ કરી હતી . રાજે જણાવ્યું હતું કે સ્વ રમેશ લટકે ને અંજલિ રૂપે આ ચૂંટણી બિન હરીફ થવી જોઈએ . શિંદે જૂથના ધારાસભ્ય પ્રતાપ સરનાઈક ઉપરાંત એનસીપીના પ્રમુખ શરદ પવારે પણ રાજની આ દરખાસ્તને ટેકો આપ્યો હતો.

### રાજકોટ, જુનાગઢ સહિતના જિલ્લાઓમાં 7710 કરોડના કામોના લોકાર્પણ-ખાતમુહૂર્ત

## PM મોદીની રાજકોટને 4309 કરોડના વિકાસ કામોની દિપાવલીની ભેટ

ગુજરાત | વંદન

ગુજરાતના બે દિવસના પ્રવાસે આવી પહોંચેલા દેશના વડાપ્રધાન મોદીએ સૌરાષ્ટ્રના પાટનગર એવા રાજકોટને રૂા. 4309 કરોડના વિવિધ વિકાસ કામોની ભેટ આપી છે. જેના પગલે રાજકોટના વિકાસને નવી દિશા મળી છે.

વડાપ્રધાનના હસ્તે ફોર લેન ફલાય ઓવર તેમજ રામદેવ ચોક અને નાનામવા ચોક ખાતે સ્પીલટ ઓવરબ્રીજ ઉપરાંત ફાયર સ્ટેશન અને સ્ટાફ ક્વાર્ટર તથા સાયન્સ સેન્ટરનું ઈ-લોકાર્પણ




કરવામાં આવેલ હતું. તેની સાથોસાથ ગઢકા ખાતે સ્થપાનાર અમૂલ ડેરીના વિશાળ પ્લાન્ટનો પાયો વડાપ્રધાન હસ્તે નાખવામાં આવ્યો હતો. ઉપરાંત વોર્ડ નં. 12માં નિર્માણ થનાર ઈન્ડોર સ્પોર્ટસ કોમ્પલેક્સનું ખાતમુર્હુત તેમજ રાજકોટ તેમજ મોરબી અને જુનાગઢ સહિતનાં જિલ્લાઓનાં કુલ 7710 કરોડના વિકાસ કામોના ખાતમુર્હુત અને લોકાર્પણ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના હસ્તે કરવામાં આવ્યું હતું. પીએમ મોદીએ જુનાગઢથી હવાઈ માર્ગે સાંજનાં રાજકોટ આવી પહોંચતા સૌરાષ્ટ્રના પાટનગર રાજકોટે શોણે શણગાર સજી દેતા કેસરિયો માહોલ સર્જાઈ જવા પામ્યો છે.

## 'સખી ગ્લોબલ વુમન' દ્વારા ફેશન અને લાઈફ સ્ટાઈલ પ્રદર્શન અને સેલનું સફળ આયોજન




ગુજરાત | વંદન 'સખી ગ્લોબલ વુમન' સંસ્થા દ્વારા તા.૧૫-૧૬ ઓક્ટોબર ૨૦૨૨ ના રોજ, સવારે ૧૧ થી સાંજે ૮ સુધી, પ્રદર્શન-કમ-સેલનું આયોજન સરસ્વતી એજયુકેશન સોસાયટી, નવરંગપુરા ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં ૨૨+ બ્રાન્ડ્સ સાથે મહિલાઓએ તેમના વ્યવસાયના વેચાણ, વિકાસ અને વર્ધન માટે ઉત્સાહપૂર્વક ભાગ લીધો. જેમાં લખનવી શૈલી, બાંધણી, કુર્તીઓ, નાઈટવેર, અલગ અલગ જ્વેલરી, દિવાળી આર્ટિકલ્સ, હેર એન્ડ કેર બ્યુટી પ્રોડક્ટસ, નેઈલ આર્ટ, દિવાળીના નાસ્તા, મુખવાસ, બિસ્કીટ્સ, કિડ્સવેર, off-White કલેકશન હતું. દિવાળી શોપિંગ કરી શકાય એવું પ્રદર્શન , જેમાં બધી સખી ઓ એ ઉત્સાહ પૂર્વક શોપિંગ કરી પ્રદર્શનકાર નો ઉત્સાહ વધાર્યો. આટલો સરસ પ્રતિસાદ આપવા બદલ આપ સૌનો દિલ આભાર.




# ટાટા ગ્રુપે યુકેના સ્ટીલ બિઝનેસમાંથી પીછેહઠ કરી

ગુજરાત | વંદન

ટાટા ગ્રુપની ટાટા સ્ટીલ નામની ફ્લેગશીપ કંપની યુ.કે.માં સ્ટીલ પ્રોડક્ટના બિઝનેસમાંથી નીકળી જવાનું વિચાર્યું છે. મળતી માહિતી મુજબ વિદેશોમાં તેના બિઝનેસ માટે સરકાર દ્વારા ચુકવાતી સબસીડીનું માત્ર 1.5 મિલિયન સબસીડી ચાલુ વર્ષમાં પ્રાપ્ત થઈ છે.

કંપની ગ્રીન એનર્જીના ક્ષેત્રે વધુ સઘન કામગીરી બજાવવા બ્રિટીશ સરકાર સાથે ગ્રીન એનર્જીના ક્ષેત્રે તેનું મહત્વપુર્ણ કામગીરી બજાવવાની વાટાઘાટો થઈ રહી છે. ટાટાના કાર્બન ઈન્ટેન્સીવ બ્લાસ્ટ ફર્નેશને બદલે ઈલેક્ટ્રીક કાર ફર્નેશ સ્થાપવા માટેની આગામી થોડા વર્ષોમાં કામગીરી હાથ ધરવામાં આવશે.

પશ્ચિમ બંગાલમાં તેજપુર પોર્ટની કામગીરી અદાણી પોર્ટને સોંપવામાં આવી.

પશ્ચિમ બંગાળની સરકાર દ્વારા અદાણી ગ્રુપની અદાણી પોર્ટને પશ્ચિમ બંગાલમાં આવેલા તેજપુર પોર્ટનું સંચાલન કરવાનું કાર્ય સોંપવા માટે લેટર ઓફ ઈન્ટેન્ટ સુપ્રત કરાયો છે. પશ્ચિમ બંગાલના મુખ્ય પ્રધાન મમતા બેનરજીએ અદાણી પોર્ટના સીઈઓ શ્રી કરણ અદાણીને આ પોર્ટના સંચાલન માટેની કામગીરી માટે દસ્તાવેજો સોંપ્યા છે. અદાણી ગ્રુપ આ પોર્ટના વિકાસ માટે રૂ. 15 હજાર કરોડનું જંગી રોકાણ કરશે. આ પોર્ટને સેપવાની ટેકનીકલ અને ફાઈનાનાયીલ ઈવેલ્યુએશનને પરિપુર્ણ કરવા માટે વિધી હાથ ધરવામાં આવી રહી છે. પશ્ચિમ બંગાળની કંપનીની કેબીનેટ દ્વારા આ અંગેનો નિર્ણય લેવાયો હતો.

## બજારોનાં અંતરંગ

### 24 ઓક્ટોબરે BSE, NSE સ્ટોક એક્સ.માં મુહૂર્તના સોદા

શેર બજારમાં દિવાળીના મુહુર્તના સોદા 24 ઓક્ટોબર 2022ના રોજ થશે. બીએસઈ એનએસઈ બંને સ્ટોક એક્સચેન્જ મુહુર્તના સોદા માટેનો સમય 1 કલાકનો રહેશે. છેલ્લા 50 વર્ષથી શેર બજારમાં દિવાળીના દિવસે થાય છે. આ બંને સ્ટોક એક્સચેન્જ દ્વારા સર્કુયલર દ્વારા દર્શાવવામાં આવ્યું છે કે ઈક્વીટી શેરો અને ડેરીવીટીઝ સેગમેન્ટનાં સોદાનો સમય 6.15 થી 7.15 દરમિયાનનો રહેશે.

### અદાણી એગ્રોને સીલો કોમ્પ્લેક્ષ બાંધવાનો મોટો ઓર્ડર મળ્યો

અદાણી ગ્રુપની સબસીડરી અદાણી એગ્રો લોજીસ્ટીકને તાજેતરમાં સરકાર સંચાલિત ફુડ કોર્પોરેશન ઓફ ઈન્ડીયા તરફથી લેટર ઓફ એવોર્ડ પ્રાપ્ત થયો છે. આ કંપની સીલો કોમ્પ્લેક્ષ સ્થાપશે. માહિતી મુજબ કાનપુર, ગૌંડા, સાંડલ્યા આ ત્રણ વિસ્તારો ઉત્તર પ્રદેશમાં આવેલા છે. ત્યાં સીલો કોમ્પ્લેક્ષ સ્થપાશે. આ સીલો કોમ્પ્લેક્ષ કન્ટનેનર ડેપો સ્થાપવામાં આવશે. જેનાં રૂ. 350 લાખ મિલીયન ટનની સ્ટોરેજ કેપેસીટી ઉભી કરાશે. અદાણી એગ્રો લોજીસ્ટીક હસ્તક 15.25 લાખ બિલિયન ટનની ક્ષમતા ધરાવતા સ્ટોરેજ દેશના 24 વિસ્તારોમાં સ્થાપવામાં આવેલા છે. આ સીલો કોમ્પ્લેક્ષ ડિજાઈનીંગ બાંધકામ અને તે માટેનું ફાઈનાન્સ ઓપરેશનની બાબત અદાણીની કંપની હાથ ધરશે. આ ઉપરાંત હબ સીલો કોમ્પ્લેક્ષ સ્થાપવામાં પણ રસ ધરાવે છે.

### આલોક ઈન્ડસ્ટ્રીઝે જુલાઈ-સપ્ટે. માં 190.50 કરોડની જંગી ખોટ કરી

ટેક્ષટાઈલ ઉદ્યોગની અગ્રણ્ય કંપની જે ટેક્ષટાઈલ ઉદ્યોગમાં ઈન્ટીગ્રેટેડ ટેક્ષટાઈલ તરીકેનું સ્થાન ધરાવે છે, તે આલોક ઈન્ડસ્ટ્રીઝે 30 સપ્ટેમ્બર 2022 ના રોજ પુરા થયેલ ત્રિમાસિક સમયગાળામાં 190.50 કરોડનો જંગી ખોટ કર્યો છે. હકીકતમાં આ કંપની રિલાયન્સ ઈનડસ્ટ્રીઝ અને જેએમફઈનાન્સિયલ એસેટ્સ રિકન્સ્ટ્રક્શન કંપની સાથે સંયુક્તપણે નેશનલ કંપની લો ટ્રિબ્યુનલ મારફતે ઈન્સોલન્વસી પ્રોસેસથી સંપાદન કરી હતી. ગયા વર્ષ જુલાઈ સપ્ટેમ્બર 84.11 કરોડની ખોટ કરી હતી. કંપનીના તેના ઉત્પાદન પ્રવૃત્તિથી તેની આવક 10.81 ટકા ઘટીને 1698.58 કરોડની સપાટીએ પહોંચી છે, જે ગયા જુલાઈ -સપ્ટેમ્બર માસમાં 1904.57 કરોડ હતી.

### ભારતીય એરટેલ દ્વારા દેશના 8 શહેરોમાં 5G નેટવર્ક શરૂ કરાશે

ટેલિકોમ સેક્ટરની જાણીતી કંપની ભારતીય એરટેલ દ્વારા દેશના 8 શહેરોમાં 20થી 30 ગણી સ્પીડ ધરાવતી 5જી પ્રારંભ કરવામાં આવશે. આ નેટવર્કનો લાભ દેશના 8 શહેરોને થશે. જેની યાદીમાં મુંબઈ, ચેન્નાઈ, બેંગ્લોર, હૈદરાબાદ, સીલીગુડી, નાગપુર, દિલ્હી એનઆરસી, વારાણસીનો સમાવેશ થાય છે. બાકીના શહેરોમાં આ સેવા 2023ના વર્ષમાં ઉપલબ્ધ કરાશે. જેના પરિણામે સુપર ફાસ્ટ હાઈ ડેફિનેશન વિડિયો, ગેમીંગ, ઈન્સ્ટ મીડીયા વગેરે ઉપલબ્ધ થશે. આ અદ્યતન 5 જી સેવાની મદદથી શિક્ષણ, હેલ્થકેર, મેન્યુફેક્ચરીંગ, એગ્રીકલ્ચરના ક્ષેત્રે તેમજ લોજીસ્ટીક, મોબીલીટી ક્ષેત્રને વધુ ફાયદો થશે. વિશ્વમાં અદ્યતન ટેકનોલોજીથી સંચાર ક્ષેત્રે મહત્વની કામગીરી અનુભવાવવામાં આવશે. 5જી સર્વિસ વર્તમાન 4જીના નેટવર્ક ધરાવતા સ્માર્ટ ફોનનાં પણ ઉપયોગમાં આવશે તેમ ગોપાલ વિઠ્ઠલ દ્વારા દર્શાવવામાં આવ્યું હતું. 5Gની ઝડપથી સેવા સંદશાની આપલેની પ્રવૃત્તિ ઝડપથી બનશે. કંપની દ્વારા તાજેતરમાં હૈદરાબાદમાં એપોલો હોસ્ટિલમાં એબમ્યુલન્સ ઉપલબ્ધ કરાઈ હતી વિખ્યાત બોસ નામની કંપનીએ 5જી નેટવર્ક ઉપલબ્ધ કરાવવામાં આવ્યું હતું.

# શેર બજારમાં અફડાતફડી વધઘટનું ગજબનું વર્ષ

ગુજરાત | વંદન




પ્રવર્તમાન વિક્રમ સંવત 2078ના વર્ષમાં ભારતના શેરબજારો માટે ખુબ યાદગાર રહેશે. કોરોનાની સમગ્ર જીવન પર અસર પડી હતી. તેમાંય ભારતીય શેર બજારોમાં ફોરેન પોર્ટફોલીયો ઈન્વેસ્ટરોની આકર્ષક લેવાલી સામાન્ય બાબત બનતાં શેર બજારના ભાવોમાં અણધાર્યો ઝડપી તેજીનો તબક્કો જોવા મળ્યો હતો. પરંતુ ત્યારબાદ કેન્દ્રીય અંદાજપત્રની કરેલા બાબતની ધારણઓ પાછળ શેર બજારમાં તેજીનો માહોલ ધીમો પડ્યો હતો. સંખ્યાબંધ કંપનીઓના શેરોમાં વેચવાલી વધી હતી. આ ઉપરાંત એફઆઈઆઈ દ્વારા નીચા મથાળે ખરીદી હોવા છતાં સંખ્યા બંધ શેરોના ભાવો ઝડપથી ઉછાળો દર્શાવતા હતાં.

ભારતના કૃષિ ક્ષેત્રનું આંદોલન વધુ બનતાં રાજકીય પરિસ્થિતિ ડામાડોળ સ્થિતિમાં હતી તે તબક્કે પણ શેર બજારમાં તેજીનો તબક્કો જળવાયો હતો. સ્થાનિક સંસ્થાકીય ઈન્વેસ્ટરો દ્વારા તેમના પોર્ટફોલિયાના શેરો વેચાણનું નફો બુક કરાવની મનોવૃત્તિ હતી. તેમજ કોર્પોરેટ કંપનીના આંકડા સારા નહીં આવે તેવી ભીતિથી વેચવાલી વધી હતી. આમ પ્રત્યાઘાતી સંજોગો જોવા મળ્યા હતાં.

કેન્દ્રિય અંદાજ પત્રની રજુઆત પછી જાહેર થયેલ પરોક્ષ-અપરોક્ષ કરવેરાની વિગતો શેરબજારના આંતર પ્રવાહો વધુ મિશ્ર પ્રત્યાઘતો પડ્યા હતાં. વિદેશી સંસ્થાઓ દ્વારા શેરબજારમાં ખરીદી માટે નવી તત્પરતા દર્શાવાઈ હતી. સેન્સેક્સ-નિફ્ટીમાં અને સતત ઉંચી સપાટી તરફ આગળ વધી રહ્યા હતાં. પરંતુ રશિયા-યુક્રેનના યુદ્ધને કારણે શેર બજાર ઉપર માઠા પ્રત્યાઘાટો પડ્યા હતાં. આ તબક્કે ઓપેકના દેશો દ્વારા ક્રુડ ઓઈલમાં કાપમ મુકાતા ગ્રના ભાવો ખુબ ઉંચી સપાટીએ રગાયં જેથી દેસનું જંગી હુડીયામણ પાછળ ખર્ચાઈ જવા પામ્યું.

આ પરિસ્થિતિથી સરકારે ભાવો માર્કેટીંગ કંપનીને વધારવાની સુચના આપી. તેજીનો તબક્કો શરુ થતાં તેની અસરરુપે શેર બજારના વર્તુળો ભારે ઉચાટ અનુભવતા હતાં. આ તબક્કે ભારત અને સરશિયા સાથે સંજુતતી થતાં સસ્તું ક્રુડ ઓઈલ આવતા દેશના આતંરિક વર્ફપરમાશ માટે ભાવોમાં તેજી અટકી અને ભાવો પાછા ફરવા માંડ્યાં છે. આ તબક્કે શેર બજારમાં મંદીરનો તબક્કો શરુ થવા પામ્યો છે. અમેરિકા ફેડ દ્વારા ફુગાવાને અંકુશામં લેવા માટે વ્યાજના દર વધારવાની નીતિ અપનાવી જેની પરિણામે ડોલરના તુલનીમાં રૂપિયો વધુ નબળો પડ્યો અને તેની અસર રાજકીય પરિસ્થિતિ અને રાજકોષીય અને વિદેશી હુંડીયામણની અનામત ઉપર પડી. આ સંજોગો સામે સરકારે અસરકારક પગલા ભરવા રુપે દેશમાંથી નિકાશ યોગ્ય ચીજવસ્તુઓની વૃદ્ધિ માટે નિયમો સરળ બનાવ્યાં અને મોટા પાયા ઉપર કેટલીક કોમોડીટી જેવી કે ઘઉં, ખાંડ, ચોખા તેમજ સ્ટલી પ્રડોક્ટસની નિકાસમાં અસામાન્ય ઉછાળો આવ્યો.

ઓગસ્ટ મહિના પછીમાં ક્રુડ ઓઈલના ભાવની તેજી ધીમી પડી છે અને આંચકાને સહન કરવા માટે સરકાર દ્વારા કેટલાક પગલા લેવાયા છે. ક્રુડ ઓઈલના ભાવોની વૈશ્વિક તેજીએ અર્થતંત્ર ઉપર ભારે દબાણો સર્જ્યા અને અમેરિકા ફેડ દ્વારા ઓક્ટોબર મહિનામાં બે વખત વ્યાજના દર વધારવામાં આવ્યા આની અસર રૂપે રૂપિયો ડોલરની તુલનામાં ગગડી નીચી સપાટીએ પહોંચ્યો તે નોંધનીય છે. વિદેશ સમતોલરૂપ બનાવા માટે દેશમાં નિકાસો માટે સક્રિય પ્રમાણે છુટછાટો આપી છે.

તેના પરિણામે ઘરઆંગણે વપરાશી ચીજોના ભાવો વધવા માંડ્યા છે. સવિશેષ કરીને ઘઉંનો મોટો જથ્થો વિદેશ નિકાસ થઈ જતાં ઘઉંની મોસમ પ્રતિકુળ રહેવાથી ઘઉંનો જથ્થો નવા તળીયે પહોંચી જવા પામ્યો છે. સરકાર દ્વારા આ સંજોગોમા ઘઉંની નિકાસ અને પેદાશો ઉપર પ્રતિબંધો નુકીને પરિસ્થિતને સંભાળવાનો પ્રયાસ કરાયો હતો. સરકારને આ ઉપરાંત ખાંડના બમ્પર ઉત્પાદનથી એ લાભ મળ્યો કે મોટા ઝથ્થામાં ખાંડ નિકાસ થઈ. અત્રે ઉલ્લેખનીય છે કે બ્રાઝીલ પછી સમગ્ર વિસ્તારમાં ભારત સૌથી મોટું ખાંડનું ઉત્પાદન કેન્દ્ર છે.

સરકારે આ ઉપરાંત શેરડીના પિલાણમાંથી ઉત્પન્ન થતો ઈથેનોલનો ઉપયોગ પેટ્રોલમાં મિક્સ કરવાની છુટ આપી અને પેટ્રોલના ભાવો નીચા લાવવા માટે સક્રિય પગલાં ભર્યાં. જાન્યુ.માર્ચ 2022નાં ત્રિમાસિક સમયગાળામાં કંપનીઓની કમાણી અને વેચાણના આંકડા નિરુત્સાહી આવ્યા. અને બજારમાં મંદીનો માહોલ સર્જાયો છે. દિવાળી પૂર્વે આ પરિસ્થિતિ છે અને આગળ ઉપર શેર બજારની ટ્રેન્ડ કેવી રહેશે તેની ઉપર સરકારી નીતિ રાજકીય પરિસ્થિતિ અને વિદેશી હુંડીયામણની પરિસ્થિતિ ઉપર સઘળું નિર્ભર રહેશે તેવી શક્યતા છે. તેવું નિષ્ણાતોનું માનવું છે.

## કેન્દ્રએ સ્વદેશી ઉદ્યોગોને વૈશ્વિક ધોરણે સ્પર્ધાત્મક બનાવવા



# રૂપિયા 35000 કરોડ ફાળવવાનો નિર્ણય કર્યો

ગુજરાત | વંદન

કેન્દ્ર સરકારે સ્વદેશી ઉદ્યોગો ઉત્પાદક ક્ષેત્રે સ્પર્ધાત્મક પરિસ્થિતિ ઉભી કરવા માટે વૈશ્વિક બજારોમાં બીજા દેશોની પ્રોડક્ટોની સ્પર્ધા કરી શકે તેવી સ્વદેશી આઈટમો બનાવવા માટે 35000 કરોડની રૂ. ની સહાય પૂરી પાડશે. સવિશેષ કરીને સાયકલ, વેક્સીન મટીરીયલ્સ, ટેલિકોમ પ્રોડક્ટસ, વગેરેનું દેશમાં ઉત્પાદન વધે તેનાં માટે તે મારફતે અને રોજગારીની નવી તકો ઉભી થાય તે માટેનો આશય છે. તે માટે સહાય પુરી પાડવામાં આવશે. પ્રોડક્ટ્શન લીંક ઈન્સેન્ટીવ (પીએલઆઈ)ની સ્કીમ રમકડા ઉદ્યોગ, કેટલાક કેમિકલ્સ, શીપીંગ કનેટનેરના ઉત્પાદનો પણ પુરી પાડવામાં આવશે. આ સ્કીમની વાટાઘાટો 14 જેટલા મંત્રાલયો સાથે ચાલી રહી છે. આ ઉપરાંત ઓટો કોમ્પોનેન્ટસ, વ્હાઈટ ગુડ્સ, ફાર્મસ્યુટીકલ્સ, ફુડ પ્રોડક્ટસ, હાઈ એફિશિયન્સી સોલર પ્રોડ્ટસ્ એડવાન્સ લોજીસ્ટીક સીસીટમ, સ્ટીલ પ્રોડક્ટસના ઉત્પાદનોને આ યોજના હેઠળ આવરી લેવામાં આવશે. મંજુર કરાયેલ 2 લાખ કરોડની સ્કીમમાંથી બચત કરી આમાંથી કેટલીક રકમ અન્ય ક્ષેત્રોમા પણ પુરી પાડવામાં આવશે. આ નીતિનો મુખ્ય હેતુ સ્વદેશી વસ્તુને સ્પર્ધાત્મક બનાવવા માટે છે. પિયુષ ગોહિલ દ્વારા આમ દર્શાવવામાં આવ્યું હતું. પીએલઆઈ સ્કીમ હેઠળ વધુ સેક્ટરને આવરી લેવામાં આવશે. તેમણે જણાવ્યું હતું સ્વદેશી ઉદ્યોગો તેનું ઉત્પાદનના નિકાસ માટે બજારોમાં વેચવા માટે સ્વનિર્ભર બનાવવા માટે ભારત સરકારે આ યોજના હાથ ધરી છે.

આઈસીઆઈસીઆઈ પ્રુડેન્શિયલ ટર્મ ઈન્સ્યોરન્સ કંપનીએ ત્રિમાસિક સમયગાળામાં નેટ નફામાં 55 ટકાનો ઘટાડો અનુભવ્યો.

આઈસીઆઈસીઆઈ પ્રુડેન્શિયલ લાઈફ ઈન્સ્યોરન્સ કંપનીએ જુલાઈ સપ્ટેમ્બર 2022 ના ત્રિમાસિક સમયગાળામા તેના નફામાં 55 ટકાનો ઘટાડો અનુભવ્યો છે. આ પરિબળમાં જુલાઈ સપ્ટેમ્બર 2022 ના દરમિયાન ઈન્વેસ્ટમેન્ટમાં ઘટાડો થવાથી તેની કિંમત નીચે ઉતરતા તેની અસર થવા પામી છે. કંપનીની પ્રિમિયમની આવક જુલાઈ 2022-23 ના નાણાંકીય વર્ષમાં 95.82 કરોડ થઈ છે. જે 2021-22ના બીજા ત્રિમાસિક સમયગાળામાં 92.86 કરોડ હતી. કંપનની કુલ આવક 2.4 ટકા ઘટીને 226.42 કરોડની સપાટીએ પહોંચી છે જે આગલા વર્ષના સમયગાળામં 231.88 કરોડ હતી.

## દિવાળી પહેલા શેરબજારમાં હરિયાળી, સતત ત્રીજા દિવસે તેજી સાથે બંધ

ગુજરાત | વંદન



દિવાળી પહેલા શેરબજારમાં તેજી જોવા મળી રહી છે. સતત ત્રીજા દિવસે શેરબજાર વધારા સાથે બંધ થયું છે. મેટલ અને આઈટી શેર પર દબાણ જોવા મળ્યું. સેન્સેક્સે 59 હજારની અને નિફ્ટીએ 17500ની સપાટી વટાવી છે.

સેન્સેક્સ 146.59 પોઈન્ટના વધારા સાથે 59107.19 અને નિફ્ટી 25.3 પોઈન્ટના વધારા સાથે 17512.25 પર બંધ થયા છે. આઈટી, પાવર અને મેટલ શેરમાં ઘટાડો થયો હતો. જ્યારે એફએમસીજી અને રિયલ્ટી શેર લીલા નિશાનમાં બંધ થયા.

એચડીએફસીનો શેર સૌથી વધુ વધ્યો હતો. આ શેર 2.15 ટકાના વધારા સાથે 2381.80 પર બંધ થયો હતો. જ્યારે એનટીપીસીનો શેર સૌથી વધુ તૂટ્યો હતો. 1.74 ટકાના ઘટાડા સાથે 164.05 પર બંધ થયો હતો. નિફ્ટી એફએમસીજી સૌથી શ્રેષ્ઠ સેક્ટર અને નિફ્ટી આઈટી સૌથી ખરાબ સેક્ટર રહ્યું.

સૌથી વધુ ઉંચકાયેલા શેર્સમાં એચડીએફસી 2.15 ટકા, નેશલે 1.81 ટકા, આઈટીસી 1.78 ટકા, રિલાયન્સ 1.74 ટકા, એક્સિસ બેન્ક 1.65 ટકા . સૌથી વધુ ગગડેલા શેર્સ એનટીપીસી - 1.74 ટકા, જેએસડબ્લ્યૂ સ્ટિલ -1.70 ટકા, એસબીઆઈ -1.61 ટકા, બજાજ ફિન્સર્વ -1.59 ટકા, કૉલ ઈન્ડિયા -1.45 ટકા.

## ફુગાવાજન્ય પરિબળો વચ્ચે સતત વધતી મોંઘવારી વધવા છતાં દિવાળી પૂર્વે ખાદ્યસામગ્રી, વપરાશી ચીજો તેમજ સોના ચાંદીના અલંકારોના બજારમાં ગજબની ગ્રાહકોની ભીડ

# નવા વર્ષ માટે વિવિધ બજારો માટે સારો આશાવાદ

ગુજરાત | વંદન

દિવાળીના દિવ્ય દિપક પ્રગટવાને હવે ગણતરીનાદિવસો બાકી છે ત્યારે વિવિધ શહેરોના બજારોમા ખરીદી માટે ગ્રાહકોની ચહલપહલ ગજબની વધી રહી છે. ભરચક વિસ્તારોના બજારોમાં માર્ગ ઉપર ચીજવસ્તુઓ જેવી કે સુશોભન આઈટમો, તૈયાર વસ્તુઓના ફરેયાનો ધંધો પણ સારી રીતે ચાલી રહ્યો છે. વિચત્રતા તો એ છે કે મોંઘવારી વધવા છતાં બેંકો દ્વારા થાપણોના વ્યાજના દર ધારણા પ્રમાણે વધતાં નથી. રિઝર્વ બેંક દ્વારા રેપો રેટ વધારવા છતાં પણ વ્યાજના દરો નીચા છે. તેથી સામાન્ય કક્ષાના રોકાણકારોને બેંકીંગ ઈન્સ્ટ્રુમેન્ટમાં રોકાણ કરવાનું બિનઆકર્ષક બન્યું છે. આ પ્રતિકુળ પરિબળો વચ્ચે પણ શહેરની પ્રજા મન મુકીને ખરીદી માટે બજારોમાં ઉમટી રહી છે. ખાદ્ય ખોરાકી, કઠોળ, અનાજ, રસોડામાં વપરાતા કરિયાણના ભાવો અસતત રીતે વધરા રહ્યાછે. મહત્વના પદાર્થો જેવા કે ખાદ્ય તેલ - સીંગતેલ કપાસીયા, રાઈસ બ્રાન્ડ તેલના ભાવો સતત વધતા છતાં રહ્યા છે. આમ ઘણી વસ્તુઓ મોંઘી થવા પામ્યો છે. ફાસ્ટ મુવીંગ કન્ઝ્યુમર્સ ગુડ્સ આઈટમ્સનો ના ભાવ વધ્યા છે ત્યારે શોપીંગ મોલો અને એફએમસીજીના સ્ટોર્સમાં માંગ ગણનાપાત્ર વધી છે. એ નોંધનીય અને વિચિત્રતા પમાડે તેવી બાબત છે. આવી જ રીતે વિખ્યાત બ્રાન્ડના ડ્રેસ સવિશેષ કરીને શર્ટસ, ટ્રાઉસર્ઝ, કુર્તી, સાડીઓ અને ડ્રેસ મટીરીયલના સ્ટોરમાં ઘરાકી સતત વધતી દેખાય છે. આ બધું શું દર્શાવે છે. ભારતને મંદીની કોઈ અસર વિદેશની સરખામણીમાં થઈ નથી તે સ્પષ્ટપણે દેખાય છે. ડોલરની સામે રુપિયાનું ચલણ નબળુ પડતું જાય છે. આથી આયાતો મોંઘી બનતી જાય છે. તેની ગ્રાહકો ઉપર કોઈ અસર દેખાતની નથી. તે આશ્ચર્યજનક છે. એક સર્વેક્ષણ મુજબ સરકારી નોકરી વર્ગના આવક તહેવારના પ્રસંગ ટાણે પગાર ભથ્થા તેમજ બોનસની ચુકવણીથી વધવાના સંજોગો છે. ગુજરાતની વિધાનસભાની ચુંટણીઓ ડિસે. 2022 થવા પૂર્વે વિવિધ ક્ષેત્રોના યુનિયનો દ્વારા સરકારનું નાક દબાવીને પોતાની માંગણી સંતોષી રહ્યા છે. અને સરકારે ન છૂટકે પોતાનો પ્રસંગ સાચવી લેવા માટે યુનિયનોની માંગ સ્વીકારી પગાર વધારાની બાબતને સ્વીકારવી પડે છે. આમ નોકરીયાત વર્ગની આવકમાં ઝડપી વધારાની પરિસ્થિતિએ તહેવારોની પૂર્વે મહત્વના અસરકારક પરિબળ તરીકે કામગીરી બજાવી રહ્યા છે. લોકોની વધુ ખરીદીથી સરકારને જીએસટીની આવકની વૃદ્દિમાં વધારો થાય તેમ નિશ્ચિતછે.

સામાન્યતઃ નવા જનરેશનના નાગરિકોને તેમની જીવન શૈલીમાં આમુલ પરિવર્તન આણવાની એક રીતરસમ પડી ગઈ છે. જે કાંઈ આવક કમાણી થાય તેનો ઉપયોગ પોતાની જરૂરીયીતાની ચીજોમાં ખરીદી કરવામાં એશોઆરામથી જીવવાનું વલણ અપનાવી રહ્યા છે. અને બચતની બાબતને બાજુએ ધકેલી દીધી છે. જુની પેઢીના લોકોને ખુબ આશ્ચર્ય થાય છે પરંતુ સમયના પરિવર્તન સાથે બધું બદલાઈ ગયું છે. સુખેથી જીવું અને આરામથી દિવસો પસાર કરવા તે યુવાનોનું સુત્ર બની ગયું છે. આ યુવાનો દ્વારા મન મુકીને ભરપુર ખરીદી કરવાની બાબતને મહત્વ આપી રહ્યા છે. કેટલાક યુવાનો તો ક્રેડિટ કાર્ડોનો બેફામ ઉપયોગ કરીને બજારોમાં તેમજ મોલોમાં ભીડ વધારી રહ્યા છે.

આ ઉપરાંત ગ્રામ્ય વિસ્તારના લોકો જેની આવકનો સ્ત્રોત કૃષિ પેદાશો છે, તે ચાલુ વર્ષે ખરીફ પાકમાં શ્રીકાર વરસાદ થવાથી કૃષિ ક્ષેત્રની પ્રગતિ નોંધનીય રહી છે. તેઓને સરકાર દ્વારા સબસીડી અને રાહતોનો ડોઝ અપાય છે. નવા પાકની મોસમ પુર્વે એટલે કે ખરીફ પાકની મોસમ પુર્વે કૃષિપેદાશના ટેકાના ભાવો વધારી આપવા માટે સરકાર ઉપર દબાણ વધતાં તેના ભાવો વધારવા પડ્યાં છે. આ બધા પરિબળોએ મોંઘવારીને જોરદાર ધક્કો માર્યો છે. જેથી ફુગાવો સતત વધી રહ્યો છે.

ગ્રામ્ય વિસ્તારના ગ્રાહકોની આવક વૃદ્ધિ થઈ છે. સારા વર્ષા પછી કૃષિ ક્ષેત્રનો વિશાળ સમુદાય થોડી ઘણી નુકશાની ને બાદ કરતાં કૃષિ ઉત્પાદનમાંથી સારી આવક પ્રાપ્ત કરવા માટેના સારા દિવસો જોઈ રહ્યાં છે. આ ગ્રાહકો દ્વારા તહેવારો પુર્વે તેમના ગામની નજીકના શહેરોમાં ખરીદી માટે ભીડવધારી રહ્યા છે. ગુજરાતની વિધાન સભાની ચુંટણી પૂર્વે પ્રવર્તમાન સરકાર દ્વારા સરકારી તિજોરીઓ ઉપર દબાણ વધે તેની ચિંતા કર્યા વગર જાત જાતની આકર્ષક જાહેરાતો કરવામાં વધી રહી છે. કારણ કે તે દ્વારા મતદારોને આકર્ષવા માટે ગજબનો ખેલ થઈ રહ્યો છે. પાઘડીનો વળ છે તે કહેવત મુજબ ચિંતા કરાતી નથી. આ નીતિથી બજારોમાં નાણું ઝડપથી ફરવા માંડ્યું છે. અને બધાના મુખ ઉપર સ્મિત દર્શાઈ રહ્યું છે તેવી પ્રતિતિ થાય છે.

## ચોખ્ખો નફો | ટુ વ્હિલ્સના બિઝનેસમાં બજાજ ઓટોનો સૌથી મોટો હિસ્સો

# બજાજ ઓટોએ ચાલુ વર્ષના બીજા ત્રિમાસિક ગાળામાં નફામાં 20 ટકાની વૃદ્ધિ હાંસલ કરી

ગુજરાત | વંદન

દેશના ટુ વ્હિલ્સના ઉત્પાદનક્ષેત્રે મહત્વનું સ્થાન ધરાવતી બજાજ ઓટો સપ્ટેમ્બર 2022માં ત્રિમાસિક સમયગાળામાં તેનાં ચોખ્ખા નફામાં 20 ટકાની વૃદ્ધિ હાંસલ કરી અને રૂ. 1530 કરોડનો ચોખ્ખો નફો પ્રાપ્ત કર્યો છે.

કંપનીની આવક 16.4 ટકા જેટલીવધીને 10202.80 કરોડની સપાટીએ પહોંચી છે. કંપનીએ 1144403 યુનિટ ટુ વ્હિલ્સનું વેચાણ દર્શાવીને પ્રથમ ત્રિમાસિક સમયગાળામાં 933643 યુનિટનું હતું.વ્યાજ, કરવેરઅને એમોટાઈઝેશન પુર્વેનો નફો 25.5 ટકા વૃદ્ધિ પામીને 1759 કરોડની સપાટીએ પહોંચ્યો છે. કંપનીનો ઓપરેટીંગ નફો 125 બેસીસ પોઈન્ટ વધીને 17.22 ટકાની સપાટીએ પહોંચ્યો છે. ટુ વ્હિલ્સના બિઝનેસમાં બજાજ ઓટોનો સૌથી મોટો હિસ્સો છે. નફાની વૃદ્ધિ માટે ભાવ વધારો સારી પ્રોડક્ટસ મીક્સ અને કોસ્ટ એફિસિયન્સી અને સારુ ફોરેન એક્સચેન્જ પ્રાપ્ત થવાના પરિબળો કારણભુત છે.




માહિતી મુજબ બજાજ ઓટો તેનાં ટુ વ્હિલ્સના વેચાણ સાથે થયેલા વધારામાં કાચા માલનાં ભાવની અસામાન્ય વૃદ્ધિ કારણભુત છે. અહેવાલવાળા ત્રિમાસિક સમયગાળામાં કાચામાલનાનં 17 ટકાનો વધારો થયો છે. સમગ્ર વર્ષમાં 28 ટકા જેટલો વધારો થયો છે.

કંપનીએ ટુ વ્હિલ્સ અને થ્રી વ્હિલ્સ ના વેચાણમાં ઘરઆંગણે ચાલુ વર્ષના પ્રથમ ત્રિમાસિકી સમયગાળામાં સારી વૃદ્ધિ હાંસલ કરી છે. જો કે નિકાસ ક્ષેત્રે વણસેલી માઈક્રો ઈકોનોમીક એન્વયારમેન્ટની પરિસ્થિતિથી દેશ વિદેશમાં માર્કેટમાં વેચાણને માઠી અસર થઈ છે.

# ઈન્ફોસીસ લિમિટેડ દ્વારા 9300 કરોડનાં ઈક્વીટી શેરો બાયબેક કરાશે

■ કંપનીએ રૂ. 16.50 લેખે વચગાળાનું ઈક્વીટી ડિવિડન્ડ જાહેર કર્યું

ગુજરાત | વંદન




ઈન્ફોસીસ લિમિટેડ ની દેશની અગ્રણી કંપની ઈન્ફોસીસ લિમીટેડના બોર્ડ ઓપ ડાયરેયર્કટરે 9300 કરોડની કિંમતના ઈક્વીટી શેરો બાયબેક કરવાની જાહેરાત કરી છે. આ ઉપરાંત ડાયરેક્ટરોએ ઈક્વીટી શેરો દિઠ 16.50 લેખે વ( ઈન્ટરીમ ડિવિડન્ડ જાહેર કર્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે 2019-20ના વર્ષથી ઈક્વીટી શેરો તેની ઈક્વીટી શેર મુડી વિસ્તૃત કરવાની નીતિ અપનાવાઈ હતી. કંપની આગામી પાંચ વર્ષમા 85 ટકાની શેર મુડી અને ડિવિડન્નાડ સ્વરુપમાં રોકાણ કરવાનો નિર્ણય કર્યો છે. આ જાહેરાત શુક્રવારે કંપનીના ડાયરેક્ટરે કરી હતી. આ જાહેરાત પછી કંપનીના ઈક્વીટી શેરો નો ભાવ 1850ની સપાટીએ પહોંચ્યો હતો. કંપની દ્વારા બાયબેક કરવાનો ભાવ 1419.70 નક્કી કર્યો છે. તેની તુલનામાં બાયબેકનો ભાવ 30 ટકા ઉંચો જાહેર થયો છે. કંપનીના શેર હોલ્ડરો પાસેથી ઈક્વીટી શેરો બાયબેક કરવા કંપનીએ 25 જુન 2021માં બાયબેકની નીતિ જાહેર કરી તી. તે વખતે 14 સપ્ટેમ્બર 2021ના રોજપુરી થઈ હતી. 2019-00ના વર્ષથી કેપીટલ એલોકેશન પ્લાન જાહેર કર્યો હતો. જે યોજનાના 85 ટકા જેટલી રકમ કેશ ફ્લોથી કરાશે. 20221-ના વર્ષમાં કંપની 55.8 મિલિયન ઈક્વીટી શેરો 9200 કરોડની કિંમત ચુકવીને બાયબેક કર્યા હતાં. હવે પુનઃ 9300 કરોડનું બાયબેક જાહેર કર્યું છે.

સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com



# દિવાળીમાં લોકો જાતજાતની રીતે ઘર ડેકોરેશન કરતા હોય છે



દિવાળી આવતાં જ લોકોમાં ખુશી જોવા મળે છે. આ તહેવાર એવો છે જેમાં મીઠાઇ ખાવાની, એકબીજાને મળવાનો આનંદ તેમજ ઘર ડેકોરેશન કરવાની મજા કંઇક અલગ જ આવે છે. દિવાળીમાં તમે જોતા હશો કે અનેક લોકો જાતજાતની રીતે ઘર ડેકોરેશન કરતા હોય છે. દિવાળીના તહેવારમાં લોકો અનેક ઘણો ખર્ચો કરી નાંખતા હોય છે. કેટલાક લોકો ઘરમાં કલર કરાવે તો ઘણાં લોકો પડદા, બેડશીટ તેમજ કપડાની ખરીદી કરતા હોય છે. આજે અમે તમારી માટે ઘર ડેકોરેશન માટે કેટલાક યુનિક આઈડિયા લઈને આવ્યા છીએ. આ ડેકોરેશન તમે તમારા બજેટમાં કરી શકશો અને ઘરની રોનક પણ બદલાઈ જશે. તો જાણો આ યુનિક આઈડિયા તમે પણ..

## લાઇટથી બાલ્કની સજાવો

તમે બાલ્કનીને દિવાળીમાં નવો લુક આપવા ઈચ્છો છો તો તમે લાઈટથી સજાવી શકો છો. માર્કેટમાં અનેક પ્રકારની લાઈટો તમને સરળતાથી મળી રહી છે. તમે તમારા બજેટને અનુસાર લાઈટની પસંદગી કરી શકો છો. લાઈટોની રોશની તમારી બાલ્કનીને ઝગમગાવી દે છે.

## કાંચના બાઉલથી સજાવટ કરો

દિવાળીમાં તમે કાંચના બાઉલનો ઉપયોગ કરીને પણ સજાવટ કરી શકો છો. આ માટે કાંચનો બાઉલ લો અને એમાં લાલ, પીલા, સફેદ ફુલ નાંખો. તમે ઈચ્છો છો તો આમાં કમળ પણ મુકી શકો છો. આ બાઉલ તમે ઘરમાં કોઈ પણ કોર્નર, ડાઈનિંગ ટેબલ પર મુકી શકો છો.

## ફૂલોથી સજાવો

દિવાળીમાં મોટાભાગનાં લોકો રંગોળી બનાવતા હોય છે. દિવાળીમાં તમે ફૂલોથી તમારું ઘર સજાવો છો તો લુક આખો બદલાઈ જાય છે. ફૂલોથી તમે રંગોળી કરો છો તો લુક આખો અલગ આવે છે. આ માટે તમે નેટ પરથી પણ અનેક પ્રકારના આઈડિયા લઈ શકો છો.

## તાંબાના વાસણથી સજાવટ કરો

દિવાળીમાં તમે બધા કરતા કંઈક અલગ કરવા ઈચ્છો છો તો તાંબાના વાસણો તમારા માટે એક બેસ્ટ આઈડિયા છે. તાંબાના વાસણો અલગ-અલગ જગ્યાએ મુકો અને પછી ફુલો કે ફુલના હાર નીચે સુધી લાવો. આમ કરવાથી મસ્ત ડેકોરેશન થાય છે. આ ડેકોરેશન તમને કંઈક અલગ જ લુક આપે છે.

## મોટાભાગે દરેક જગ્યા પર ડબલ સિઝન, સ્વાસ્થ્યનું રાખો ખાસ ધ્યાન



# ડબલ સિઝનના કારણે થતી શરદી-ખાંસી રહેશે દૂર, જરૂર કરો આ ફૂડ્સનું સેવન

શિયાળો શરૂ થવા જઈ રહ્યો છે અને આ સમયે સિઝનમાં ફેરફાર જોવા મળી રહ્યો છે. આ ફેરફારમાં માત્ર બાળકો જ નહીં પરંતુ યુવાનો અને વૃદ્ધો પણ શરદી કે અન્ય રોગોનો શિકાર બને છે. આ ઈમ્યુન સિસ્ટમમાં નિષ્ફળતાને કારણે થઈ શકે છે. ભોજન દ્વારા, આવી ઋતુનો ઉપચાર પણ કરી શકાય છે. જાણો તમે કયો ખોરાક ખાઈ શકો છો અને સ્વસ્થ રહી શકો છો.



**લીંબુ** | આ એક એવો ખોરાક છે. જેમાં ઈમ્યૂનિટીને બૂસ્ટ કરનાર જરૂરી તત્વો વિટામિન સી યોગ્ય માત્રામાં રહેલું છે. બદલાતી સિઝનમાં તમે સવારે વહેલા ઉઠીને ગરમ પાણીમાં લીંબુનો રસ પી શકો છો. રોગપ્રતિકારક શક્તિ વધારવા ઉપરાંત આ નુસ્ખાનો ફાયદો ત્વચાને પણ પહોંચશે.



**આમળા** | રોગપ્રતિકારક શક્તિ વધારવા અથવા રોગપ્રતિકારક શક્તિને મજબૂત રાખવા માટે વિટામિન સી ખૂબ જ મહત્વપૂર્ણ છે. આમળા એ સુપરફૂડ છે, જે વિટામિન સીથી ભરપૂર છે. જો તમે ઈચ્છો તો દરરોજ તેનું સેવન કરી શકો છો.

**તજ** | એન્ટીબેક્ટેરિયલ ગુણો ધરાવતા તજને આયુર્વેદમાં વિશેષ મહત્વ આપવામાં આવ્યું છે. વાયરલ હોય કે બેચેની રહેતી હોય તજમાંથી બનેલી વસ્તુઓનું સેવન કરવું જોઈએ. કોરોના કાળમાં લોકોએ તજનો ઉકાળો પીને રોગપ્રતિકારક શક્તિમાં વધારો કર્યો. તેને રૂટીનનો એક ભાગ બનાવો.

**અશ્વગંધા** | તેને એક એવી જડીબુટ્ટી માનવામાં આવે છે. જે વાઈરલની સાથે આપણું માનસિક સ્વાસ્થ્ય પણ તંદુરસ્ત રાખે છે. વર્ષોથી શરદીમાં અશ્વગંધાનું સેવન કરવાની સલાહ આપવામાં આવી રહી છે. આ બદલાતી સિઝનમાં તમારે અશ્વગંધામાંથી બનેલી વસ્તુઓનું નિયમિતપણે સેવન કરવું જોઈએ.

# મગજને શાંત કરવાથી લઇને આંખોને ઠંડક આપે છે ગુલાબજળ, જાણો બીજા અઢળક ફાયદાઓ

ગુલાબળનું નામ તમે દરેક મોંમા પર સાંભળ્યુ હશે. ગુલાબજળ સ્કિન અને હેલ્થ માટે અનેક રીતે ફાયદાકારક છે. ગુલાબજળ સ્કિન પર નેચરલ ગ્લો લાવવાનું કામ કરે છે. આ ગુલાબજળ તમે ઘરે પણ સરળતાથી બનાવી શકો છો. આ ગુલાબજળ તમે બહારથી પણ સારી કંપનીનું લાવી શકો છો. ગુલાબજળ તમારી સ્કિનની અનેક સમસ્યાઓને દૂર કરવાની તાકાત ધરાવે છે. તો જાણો તમે પણ ગુલાબજળના આ અઢળક ફાયદાઓ વિશે અને તમે પણ આ રીતે કરો ઉપયોગ. જો તમે આ પ્રોપર રીતે ગુલાબજળનો ઉપયોગ કરો છો તો તમારી સ્કિન અને હેલ્થની અનેક સમસ્યાઓ દૂર થઈ જાય છે.

ગુલાબજળ આંખોની રોશની વધારવાનું કામ કરે છે. તમે સતત લેપટોપમાં કામ કરી રહ્યા છો તો તમારા માટે ગુલાબજળ સૌથી બેસ્ટ ઓપ્શન છે. આ માટે તમે રૂને ગુલાબજળમાં ડુબાડો અને પછી આંખો બંધ કરીને મુકી દો.આમ કરવાથી આંખોમાં ઠંડક થાય છે અને સાથે બળતરા પણ બળતી નથી.

તમને જાણીને નવાઈ લાગશે કે ગુલાબ જળ તમારા મગજને શાંત કરવાનું કામ કરે છે. શરીરમાં થતા દુખાવામાંથી રાહત મેળવવા માટે તમે ગુલાબજળનો ઉપયોગ કરી શકો છો. આ માટે તમે એક વાટકીમાં ગુલાબજળ લો અને એ લઈને તમને જ્યાં દુખાવો થાય છે ત્યાં મસાજ કરો. આમ 5 મિનિટ સુધી આ મસાજ કરવાથી દુખાવામાંથી રાહત થાય છે.

તમારી આંખો જ્યારે બહુ થાકી જાય ત્યારે તમે રૂને ગુલાબજળમાં પલાળી લો અને પછી આંઓ પર મુકો. આમ કરવાથી તમારી આંખોનો થાક ઉતરી જાય છે અને સાથે આંખમાં ઠંડક પણ થાય છે.

તમારી આંખો નીચે બહુ કાળા કુંડાળા થઈ ગયા છે તો ગુલાબજળ તમારા માટે બેસ્ટ ઓપ્શન છે. આ માટે તમે ગુલાબજળમાં અડધા લીંબુનો રસ મિક્સ કરો અને પછી કાળા કુંડાળા પર મસાજ કરો. આ મસાજ તમારે 5 મિનિટ સુધી કરવાનો રહેશે. આવી રીતે મસાજ કરવાથી આંખો નીચેના કાળા કુંડાળા દૂર થઈ જાય છે. ગુલાબજળથી તમે તમારા મોં પર મસાજ કરો છો તો ડેડ સ્કિન રિમૂવ થઈ જાય છે અને સાથે ચહેરો મસ્ત ગ્લો કરે છે.





# તાંબા-ચાંદીના વાસણોને વધારે ઘસવાની મહેનત નહીં કરવી પડે, રસોડાની વસ્તુથી થઇ જશે ચકાચક

દિવાળીનો તહેવાર મોટાભાગના લોકોને ખૂબ જ પસંદ હોય છે, પરંતુ તેની પહેલા જે સાફ-સફાઈ કરવામાં આવે છે તેમાં મહિલાઓની હાલત ખરાબ થઈ જાય છે. ખાસ કરીને જ્યારે રસોડાનો વારો આવે છે, તો રસોડાના ગંદા વાસણ સાફ કરવા મોટી સમસ્યા બની જાય છે. જેમાં ચીકાશ-પીળાશ વગેરે લાગેલું હોય છે. તેવામાં આજે અમે તમારી સમસ્યાને સમજતા તમને જણાવીએ સ્ટીલ અને ચાંદીના વાસણોને સાફ કરવાની સરળ રીત, જેમાં તમે ઘરમાં રહેલા ટોમેટો કેચઅપનો ઉપયોગ કરીને આ વાસણોને એકદમ નવા જેવા ચમકાવી શકો છો.

**મેજિક છે ટોમેટો કેચઅપ** | ટોમેટો કેચઅપ તમારા પીત્તળ અને સ્ટેનલેસ સ્ટીલના વાસણો અને પૅન પર જામેલી કાળાશને સાફ કરવાની એક શાનદાર રીત છે. તેનો ઉપયોગ કોઈપણ વાસણ સાફ કરવા માટે કરી શકાય છે. હકીકતમાં, કેચઅપનો નેચર એસિડિક હોય છે, તેથી આ ક્લીનિંગ માટે ખૂબ જ ફાયદાકારક હોય છે. કેચઅપથી ક્લીનિંગ કરવા માટે તમે આ રીત અપનાવી શકો છો.

**તાંબુ** | કેચઅપને પોતાના તાંબાના તળિયાવાળા વાસણો પર નાંખો અને તેન 10-15 મિનિટ માટે એમ જ રહેવા દો. પછી તેને લૂછી લો અને સાદા પાણીથી ધોઈ લો. આમ કરવાથી તાંબાના વાસણ ઉપર જામેલી ગંદી પરત સરળતાથી સાફ થઈ જાય છે.

**સ્ટેનલેસ સ્ટીલ** | સ્ટેનલેસ સ્ટીલમાં કેટલોક સમય બાદ કાળા નિશાન પડવા લાગે છે અને ચમક પણ ફીકી પડી જાય છે. તેને કેચઅપથી સરળતાથી સાફ કરી શકાય છે. તેના માટે એક પેપર ટૉવેલમાં થોડો સોસ નાંખો અને તેનાથી વાસણ સાફ કરો. જો વાસણ વધારે ગંદા હોય તો તેના પર થોડીવાર માટે કેચઅપ લાગેલો રહેવા દો અને પછી તેને સાફ કરો. તમે તેને ગેસ ટૉપ અને ચિમની સાફ કરવા માટે પણ ઉપયોગમાં લઈ શકો છો.

**કાસ્ટ આયરન** | ક્યારેક તમારા કાસ્ટ આયરન સ્કીલેટમાં કાટના ડાઘા લાગી જાય છે. પરંતુ નિરાશ ન થાઓ, બસ કાટ વાળી જગ્યાને કેચઅપથી ઢાંકી દો, થોડીવાર એમ જ રહેવા દો, પછી સાફ કરી લો.

**ચાંદી** | ચાંદી પણ પડ્યાં પડ્યાં કાળી થઈ જાય છે, જેને કેચઅપથી સાફ કરી શકાય છે. પરંતુ તમારી ચાંદીના વાસણમાં વધુ ગંદકી છે, તો કેચઅપને ટૂથબ્રશમાં લઈને તેને સ્ક્રબ કરો અને તેને સાફ પાણીથી ધોઈ લો.

# દિવાળીમાં બનાવો સુગર ફ્રી 'રાગીની બરફી', ડાયાબિટીસના દર્દીઓ ખાશે હોંશે-હોંશે

દિવાળીનો તહેવાર હવે નજીક છે ત્યારે અનેક ઘરોમાં શું નાસ્તા અને મીઠાઈ બનાવવી એની ચર્ચા ચાલતી હોય છે. આજના આ સમયમાં પણ મોટાભાગના લોકો ઘરે નાસ્તા અને મીઠાઈ બનાવતા હોય છે. જો કે દિવાળીની રોનક કંઈક અલગ જ હોય છે. દિવાળીમાં મીઠાઈ અને નાસ્તા ખાવાની મજા પણ કંઈક અલગ જ આવે છે. પરંતુ આમ, જો હેલ્થની વાત કરીએ તો અનેક લોકો ડાયાબિટીસ, કોલેસ્ટ્રોલ જેવી બીમારીઓ સાથે સંકળાયેલા હોય છે, ત્યારે આ લોકોને મીઠાઈ ખાવા પર મનાઈ થઈ જાય છે.

આજે અમે તમારી માટે એક મસ્ત મીઠાઈની રેસિપી લઈને આવ્યા છીએ. આ મીઠાઈ તમને ડાયાબિટીસ છે તો તમે પણ તમે એને મનભરીને ખાઈ શકો છો. આ મીઠાઈ ખાવાની બહુ જ મજા આવે છે. તો જાણો ઘરે કેવી રીતે બનાવશો સુગર ફ્રી રાગીની બરફી.

## સામગ્રી

- એક કપ સોજી
- જરૂર મુબજ ઘી
- એક ચમચી ઇલાયચી પાવડર,
- ચાંદીનો વરખ
- હુંફાળુ દૂધ
- બદામ,
- કાજુ
- પિસ્તા,
- ખજૂર



**બનાવવાની રીત** | સુગર ફ્રી રાગીની બરફી બનાવવા માટે સૌ પ્રથમ એક પેન લો અને એમાં ઘી ગરમ કરવા માટે મુકો. ઘી ગરમ થઈ જાય એટલે એમાં સોજી નાંખો અને શેકી લો. આ સોજી તમારે ધીમા ગેસે શેકવાની રહેશે. સોજી જેમ-જેમ શેકાતી જશે એમ એમાંથી તમને સુગંધ આવશે. સોજીને તમારે બહુ શેકવાની નથી. સોજી શેકતી વખતે સતત હલાવતા રહો. આ સોજી શેકાશે એટલે બ્રાઉન કલર પકડાશે. સોજી આછા બ્રાઉન કલરની થાય એટલે એને એક પ્લેટમાં લઈ લો. સોજી શેકાઈ જાય એટલે એક પેન લો અને એમાં ખજૂરના એકદમ નાના કટ કરેલા ટુકડા નાંખો. ત્યારબાદ આમાં જરૂર મુજબ દૂધ નાંખો અને આ મિશ્રણને હલાવતા રહો. બે થી ત્રણ મિનિટ રહીને ઈલાયચી પાવડર નાંખો. ઈલાયચી પાવડર નાંખ્યા પછી હવે શેકેલી સોજી નાંખો. જો તમને એવું લાગે કે મિશ્રણ ડ્રાય છે તો તમે જરૂર મુજબ દૂધ એડ કરી શકો છો. હવે ડ્રાય ફ્રૂટસ નાંખો અને ગેસ બંધ કરી દો. હવે એક થાળી લો અને એમાં નીચે ઘી લગાવી દો. ત્યારબાદ આ મિશ્રણ થાળીમાં પાથરી દો. હવે આને કટ કરી લો. તો તૈયાર છે સુગર ફ્રી રાગીની બરફી.

# દિવાળી આવી ઓફરો લાવી...ઓનલાઇન શોપિંગ કરતા ધ્યાન રાખજો...

દિવાળીની સીઝન શરુ થઇ છે અને ઈ-કોમર્સ વેબસાઈટ પર સ્માર્ટફોન અને બાકી પ્રોડક્ટ્સ પર પણ ઓફર્સ મળી રહી છે. Amazon, Flipkart, ShopClues અને અન્ય ઈ-કોમર્સ સાઈટ કેટલીક શાનદાર ડિલ્સ આપે છે, પરંતુ ગ્રાહક ખોલી લિંક પર ક્લિક કરી દે છે અને ઠગોના શિકાર બની જાય છે. ઘણી વેબસાઈટોને સ્માર્ટફોન, ટીવી, કોમ્પ્યુટર, કપડાં, ફર્નિચર, ઘરેલુ ડિવાઈઝ અને અન્ય તમામ વસ્તુ પર ધમાકેદાર ઓફર્સ આપવામાં આવે છે. ઓનલાઈન ખરીદી કરવા વાળા લોકો બેન્ક ખાતાધારકોએ આ અંગે ખુબ સતર્ક રહેવું જોઈએ કે તેઓ ક્યાં લોગ ઈન કરી રહ્યા છે અને પેમેન્ટ કેવી રીતે કરો છો, નહીંતર ઠગ પૈસા ચોરી લે છે. સાઈબર ઠગનો ટાર્ગેટ અજાણ્યા લોકો હોય છે, જે ઓનલાઈન સ્કેમને સમજી સકતા નથી અને પૈસા ગુમાવી દે છે. આજે અમે તમને જણાવી રહ્યા છે કે ઓનલાઈન શોપિંગ કરતી સમયે કેવી રીતે ઠગાઈથી બચી શકાય ?

## ઓનલાઇન ઠગાઈથી બચવા માટે કરો આ કામ




## ઓનલાઇન શોપિંગ કરતી વખતે આ બાબતોનું રાખો ધ્યાન:

- જ્યારે URL https:// થી શરૂ થાય ત્યારે હંમેશા ઈન્ટરનેટ પર ખરીદી કરો.
- સુરક્ષા સ્તર પર તમારા કર્સરને URLમાં લૉક આયકન પર ક્લિક કરો.
- હંમેશા Amazon, Flipkart, ShopClues, Pepperfry અને અન્ય પ્રખ્યાત વેબસાઈટ્સ પર ખરીદી કરો.
- ધ્યાન રાખો કે જ્યારે પણ તમે ઓનલાઈન ખરીદી કરો ત્યારે એન્ટી વાઈરસ અને ફાયરવોલ સોફ્ટવેર ઓન હોવું જોઈએ.
- જ્યારે પણ તમે કોઈ પણ માહિતી ઓનલાઈન માટે પૂછો તો તેને અવગણો.
- અજાણ્યા લોકો દ્વારા સલાહ આપવામાં આવેલી એપ્સ ક્યારેય ઈન્સ્ટોલ કરશો નહીં.
- કોઈ અજાણી વ્યક્તિ દ્વારા તમને આપવામાં આવેલી લિંક પર ક્યારેય વિશ્વાસ ન કરો.
- તમારા એકાઉન્ટનો પાસવર્ડ નિયમિતપણે બદલો.
- પરિવારના સભ્યો સાથે પણ તમારી વ્યક્તિગત નાણાકીય માહિતી WhatsApp અથવા Facebook પર શેર કરશો નહીં.
- જો તમને ફ્રી લંચ અથવા શોપિંગ ટ્રિપની ઑફર મળે તો સાવચેત રહો. કારણ કે ઓનલાઈન ખરીદી કરતી વખતે મફત લંચ જેવી કોઈ વસ્તુ નથી.



# ભારતમાં નિર્મિત પેરાસીટામોલ સહિત 45 દવાઓના સેમ્પલ નિષ્ફળ

આફ્રિકન દેશ ગામ્બિયામાં એક ભારતીય કંપનીની કફ સિરપ પીવાથી 66 બાળકોના મોતનો મામલો હજુ થાળે પડ્યો નથી કે બીજી કેટલીક દવાઓના સેમ્પલ ફેલ થવાનો મામલો સામે આવ્યો છે. આમાં તાવમાં વપરાતી પેરાસિટામોલથી લઈને બ્લડ પ્રેશરની સારવારમાં વપરાતી દવાનો સમાવેશ થાય છે. સેન્ટ્રલ ડ્રગ્સ સ્ટાન્ડર્ડ કંટ્રોલ ઓર્ગેનાઈઝેશન (સીડીએસસીઓ)ના અહેવાલ મુજબ, લગભગ 45 દવાઓના નમૂનાઓ નબળી ગુણવત્તાના હોવાનું જાણવા મળ્યું છે. દવાઓના સેમ્પલ નિષ્ફળ હવે તેની સામે કાર્યવાહી શરુ કરવામાં આવી છે.


ભારતીય કંપનીના કફ-સિરપ પીવાના કારણે આફ્રિકન દેશ ગામંબીયામાં 66 બાળકોના મૃત્યુ થયા હોવાના અહેવાલ બાદ સેન્ટ્રલ ડ્રગ્સ સ્ટાન્ડર્ડ કંટ્રોલ ઓર્ગેનાઇઝશન દ્વારા એક તરફ હરિયાણા અને હિમાચલમાં આ પ્રકારના કફ સિરપ બનાવતી કંપનીઓ પર દરોડા પાડીને તેમના ઉત્પાદનની તપાસ શરુ કરી છે

## દર્દીને સર્જરી પહેલા અપાતી દવા પણ ટેસ્ટમાં નિષ્ફળ

તો બીજી તરફ દેશમાં 45 જેટલી દવાઓના સેમ્પલ ગુણવતાની દ્રષ્ટિએ નિષ્ફળ ગયા હોવાનો ધડાકો થયો છે અને તેમાં સૌથી વધુ વપરાતી પેરાસીટામોલનો પણ સમાવેશ થાય છે. એક અખબારના રિપોર્ટ મુજબ આ વર્ષે મે માસમાં આસિ. ડ્રગ્સ કંટ્રોલ એન્ડ લાયસન્સીંગ ઓથોરિટી નવી દિલ્હીએ ગ્લેનમાર્ક ફાર્માસ્યુટીકલ લીમીટેડની સામે તપાસ શરુ કરી હતી જેમાં બ્લડપ્રેસર માટે ઉપયોગમાં લેવાતી Telmisartanને શંકાસ્પદ ગણાવાઈ હતી અને આ કંપનીના Ofloxacin Ormdazoe એન્ટી બાયોટીકના સેમ્પલ પણ નિષ્ફળ ગયા હતા.

ચંદીગઢ સ્થિત દવાની કંપની એન્ટી બાયોટીક બેકટેરીયલ એન્ડો ટોક્સીન્સ અને સ્ટરીલીટીમાં પાસ થયાની હાલમાં જ હિમાચલ પ્રદેશમાં કાલા એમબીએની નિક્સી લેબોરેટરી પણ તપાસના દાયરામાં છે. અને તેની એક દવા Anaesthesia Propofla ની ગુણવત્તાની તપાસ પણ નેગેટીવ આવી હતી. પાંચ લોકોના મૃત્યુ બાદ આ દવા સામે તપાસ શરુ થઈ હતી અને આ દર્દીઓને સર્જરી પહેલા બેહોશી માટે આ દવા આપવામાં આવી હતી. આવી જ રીતે એએનજી લાઈફ સાયન્સ ઉપરાંત એલ્કો ફોમ્યુલેશન, ટીએનજી મેડીકેરના પેરાસીટામોલના સેમ્પલ પણ ફેઈલ ગયા હતા. અને આ યાદીમાં કુલ 45 દવાઓના સેમ્પલ નિષ્ફળ હવે તેની સામે કાર્યવાહી શરુ કરવામાં આવી છે.

# BCCIના નવા પ્રમુખ તરીકે રોજર બિન્નીની નિમણૂંક



ગુજરાત | વંદન

ભારતના ભૂતપૂર્વ ઓલરાઉન્ડર રોજર બિન્ની સૌરવ ગાંગુલીના સ્થાને ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI)ના અધ્યક્ષ બનાવવામાં આવ્યા છે. BCCI ની વાર્ષિક સામાન્ય સભામાં આ નિર્ણય લેવામાં આવ્યો છે.

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI)ની વાર્ષિક સામાન્ય સભા આજે મુંબઈની તાજ હોટલમાં યોજાઈ હતી જેમાં BCCI સેક્રેટરી જય શાહ, હાલના પૂર્વ પ્રમુખ સૌરવ ગાંગુલી, ઉપાધ્યક્ષ રાજીવ શુક્લા હાજર રહ્યાં હતા. બિન્નીએ ભારતના પૂર્વ કેપ્ટન સૌરવ ગાંગુલીનું સ્થાન લીધું છે. BCCI પ્રમુખ પદ માટે નોમિનેશન દાખલ કરનાર 67 વર્ષીય બિન્ની એકમાત્ર ઉમેદવાર હતા. આગામી જૂથના હોદ્દેદારોની ચૂંટણી માત્ર એક ઔપચારિકતા હતી કારણ કે તમામ બિનહરીફ ચૂંટાવાના હતા તે નક્કી હતુ.

- રોજર બિન્ની, તેમના હાલના કાર્યકાળમાં, કર્ણાટક સ્ટેટ ક્રિકેટ એસોસિએશનના પ્રમુખ રહેલા અને હવે તેઓ બીસીસીઆઈના પ્રમુખ બન્યા પછી રાજ્ય સંસ્થામાંથી રાજીનામું આપશે.
- 1983ના વર્લ્ડ કપમાં ભારતની ઐતિહાસિક જીતમાં તેમણે મહત્વની ભૂમિકા ભજવી હતી. તે દરમિયાન તેમણે ભારત માટે 8 મેચ રમી હતી અને તે આ સમયગાળા દરમિયાન કુલ 18 વિકેટ લેવામાં સફળ રહ્યા હતા. રોજરે ઐતિહાસિક ટુર્નામેન્ટમાં સૌથી વધુ વિકેટ લેનાર બોલર હતા.



### BCCIના સેક્રેટરી જય શાહે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું

# એશિયા કપ 2023 માટે ટીમ ઈન્ડિયા પાકિસ્તાન નહીં જાય

ગુજરાત | વંદન

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI) ના સેક્રેટરી જય શાહે સ્પષ્ટ કર્યું છે કે ભારત 2023માં એશિયા કપ માટે પાકિસ્તાનનો પ્રવાસ નહીં કરે. મંગળવારે બીસીસીઆઈની એજીએમમાં ઘણા મહત્વપૂર્ણ મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. આમાંથી એક મુદ્દો એશિયા કપ 2023નો હતો. જય શાહ બીસીસીઆઈના સચિવ તેમજ એશિયન ક્રિકેટ કાઉન્સિલના પ્રમુખ છે. જય શાહે નિવેદન આપ્યું છે કે અમે નક્કી કર્યું છે કે અમે એશિયા કપ માટે પાકિસ્તાન નહીં જઈએ, એશિયા કપ માટે કોઈ તટસ્થ સ્થળ નવી વાત નથી.

# ટી-20 વર્લ્ડ કપમાં મોહમ્મદ શમીની ભારતીય ટીમમાં એન્ટ્રી

- સિરાજ-શાર્દુલ રિઝર્વ ખેલાડીઓ તરીકે રહેશે

ગુજરાત | વંદન

T20 વર્લ્ડ કપ માટે મોહમ્મદ શમીને અનુભવી ઝડપી બોલર જસપ્રીત બુમરાહની જગ્યાએ ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે. બુમરાહ ઈજાના કારણે ટૂર્નામેન્ટમાંથી બહાર થઈ ગયો છે. શમી ઉપરાંત મોહમ્મદ સિરાજ અને શાર્દુલ ઠાકુરને સ્ટેન્ડબાય ખેલાડીઓની યાદીમાં રાખવામાં આવ્યા છે.

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI) એ શુક્રવારે (14 ઓક્ટોબર) આની જાહેરાત કરી હતી. શમીને અનુભવી ઝડપી બોલર જસપ્રીત બુમરાહની જગ્યાએ ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે. બુમરાહ ઈજાના કારણે ટૂર્નામેન્ટમાંથી બહાર થઈ ગયો છે. શમી ઉપરાંત મોહમ્મદ સિરાજ





અને શાર્દુલ ઠાકુરને સ્ટેન્ડબાય ખેલાડીઓની યાદીમાં રાખવામાં આવ્યા છે.

ભારતીય ટીમ તેના મિશન T20 વર્લ્ડ કપ 2022 માટે ઓસ્ટ્રેલિયા પહોંચી ગઈ છે. ટીમ ઈન્ડિયાએ વર્લ્ડ કપમાં પોતાની પ્રથમ મેચ 23 ઓક્ટોબરે પાકિસ્તાન સામે રમવાની છે. આ મેચ મેલબોર્નમાં રમાશે. ખેલાડીઓ અને ફોર્મ પર નજર કરીએ તો આ વખતે ભારતીય ટીમને ખિતાબની પ્રબળ દાવેદાર માનવામાં આવી રહી છે.

# ટી-20 વર્લ્ડકપમાં ભારત-પાકિસ્તાન મુકાબલા પર સંકટ, 23મીએ વરસાદ પડવાની 70 ટકા શક્યતા



ગુજરાત | વંદન

ટી-20 વર્લ્ડકપમાં 23 ઓક્ટોબરે ભારત અને પાકિસ્તાન વચ્ચેના મુકાબલાની ચાહકો આતુરતાથી રાહ જોઈ રહ્યા છે.જોકે આ મેચ પર અત્યારથી જ અનિશ્ચિતતા સર્જાઈ રહી છે.

મળતી વિગતો પ્રમાણે મેલબોર્નમાં 23 ઓક્ટોબરે વરસાદ ખેલ બગાડી શકે છે.આ દિવસે વરસાદની 70 ટકા શક્યતા દર્શાવવામાં આવી છે.ભારત અને પાકિસ્તાનની આ મેચની તમામ ટિકિટો વેચાઈ ગઈ છે.મેલબોર્નના ઐતિહાસિક મેદાન પર એક લાખ લોકો આ બંને ટીમોનો ટકરાવ જોવા માટે આતુર છે ત્યારે વરસાદ વિલન બન્યો તો ક્રિકેટ ચાહકો ના દિલ તુટી જશે.

હવામાનની આગાહી કરતી વેબસાઈટના કહેવા અનુસાર 23 ઓક્ટોબરે બપોરે મેલબોર્નનુ તાપમાન 18 ડિગ્રી હશે અને વરસાદની શક્યતા 70 ટકા સુધી રહેશે.6 એમએમ એટલે કે અડધો ઈંચ સુધી વરસાદ થઈ શકે છે.હવાની ઝડપ પ્રતિ કલાક પંદર કિલોમીટરની રહેશે.દિવસ જ નહી પણ રાત્રે પણ વરસાદ પડવાની 60 ટકા જેટલી શક્યતાઓ છે.

સુપર 12 મુકાબલા માટે કોઈ રિઝર્વ ડે રખાયો નથી.આ સંજોગોમાં જો મેચ ધોવાઈ જાય તો બંને ટીમોને એક એક પોઈન્ટ આપવામાં આવશે.મેચ રમાડવા માટે ઓછામાં ઓછી પાંચ ઓવર બંને ટીમો નાંખી શકે તેવી સ્થિતિ હોવી જોઈએ.

### T20 વર્લ્ડકપ માટે તેંડુલકરે કરી ભવિષ્યવાણી

# સેમિ ફાઈનલમાં ભારત સહિત હશે આ 4 ટીમો

ગુજરાત | વંદન

ટી20 વર્લ્ડકપ 2022ની શરૂઆત થઇ ચૂકી છે. આ પહેલા વૉર્મ-અપ મેચ રમાઇ રહી છે. ત્યારે મહાન ક્રિકેટર સચીન તેંડુલકરે આઈસીસી ટી20 વર્લ્ડકપ 2022ને લઈને મોટી ભવિષ્યવાણી કરી દીધી છે. સચીને એવી ચાર ટીમોના નામ બતાવ્યા છે જે આ વર્લ્ડકપમાં સેમિ ફાઇનલ સુધી પહોંચશે. સચીને ટી20 વર્લ્ડકપ 2022ની સેમિ ફાઈનલમાં પહોંચનારી ચાર ટીમોને લિસ્ટ કરી છે, સચીને ભારતની સાથે સાથે પાકિસ્તાનને પણ લિસ્ટમાં સામેલ કર્યુ છે. ઈંગ્લેન્ડ અને ઓસ્ટ્રેલિયાની ટીમો સેમિ ફાઈનલમાં પહોંચવાની દાવેદાર ગણાવી છે. સચીને કહ્યું- અમારા પૂલમાં ભારત અને પાકિસ્તાનની ટીમો સેમિ ફાઈનલમાં પહોંચશે. જો પાકિસ્તાનના ખેલાડીઓ સારી બેટિંગ કરે છો, તો સેમિ ફાઈનલમાં પહોંચી શકે છે, જો તે નથી પહોંચી શકતા તો દક્ષિણ આફ્રિકન ટીમ સેમિ ફાઈનલમાં પહોંચી શકે છે. ઓસ્ટ્રેલિયા પોતાના ઘર આંગણે રમી રહ્યું છે, એટલા માટે તેને અનુકુળ માહોલ છે, આની સાથે જ ઈંગ્લેન્ડ બીજી પસંદ છે.



# ભારત સાતમી વખત એશિયા કપ ચેમ્પિયન બન્યું

- ફાઈનલમાં શ્રીલંકાને આઠ વિકેટે હરાવી
- મંધાનાએ 25 બોલમાં અણનમ 51 રન ફટકાર્યા

ગુજરાત | વંદન

સિલ્હટમાં રમાયેલ 2022 મહિલા એશિયા કપની ફાઈનલમાં ભારતે શ્રીલંકાને હરાવ્યું હતું. ટાઈટલ મેચમાં ટીમ ઈન્ડિયાનો 8 વિકેટે વિજય થયો છે.. પ્રથમ બેટિંગ કરીને શ્રીલંકાની ટીમ માત્ર 65 રનમાં જ ઓલઆઉટ થઈ ગઈ હતી. આ પછી ટીમ ઈન્ડિયાએ માત્ર 8.3 ઓવરમાં બે વિકેટ ગુમાવીને લક્ષ્યનો સરળતાથી પીછો કરી લીધો હતો. ફાઈનલમાં ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવા ઉતરેલી શ્રીલંકાની ટીમે 20 ઓવરમાં 9 વિકેટના નુકસાન પર 65 રન બનાવ્યા હતા. માત્ર બે મહિલા ક્રિકેટર જ ડબલ આંકડામાં પહોંચી શક્યા હતા. રાણાવીરા 18 રને નોટ આઉટ રહી હતી. રણસિંઘે 13 રન બનાવ્યા હતા. ભારત તરફથી રેણુકા સિંહે 3, રાજેશ્વરી ગાયકવાડે 2 અને સ્નેહ રાણાએ 2 વિકેટ લીધી હતી. બે બેટર રન આઉટ થઈ હતી. તે જ સમયે, સ્મૃતિ મંધાનાએ માત્ર 25 બોલમાં 6 ચોગ્ગા અને 3 છગ્ગાની મદદથી 51 રનની તોફાની ઈનિંગ રમી હતી. શ્રીલંકાએ ફાઈનલ જીતવા આપેલા 66 રનના લક્ષ્યાંકને ભારતે 8.3 ઓવરમાં 2 વિકેટ ગુમાવીને હાંસલ કર્યો હતો. સ્મૃતિ મંધાનાએ 25 બોલમાં અણનમ 51 રન બનાવ્યા હતા. કેપ્ટન હરમનપ્રીત કૌર 11 રને નોટ આઉટ રહી હતી.


આ પહેલા ભારત, 2004, 2005-06, 2006, 2008, 2012, 2016માં અને હવે 2022માં એશિયાકપ વિજેતા બન્યો છે.







# શ્રીલંકા સામે UAEના મયપ્પને હેટ્રિક લઈને રચ્યો ઈતિહાસ



ગુજરાત | વંદન

ક્રિકેટના સૌથી ટૂંકા ફોર્મેટમાં હેટ્રિક લેવી સરળ નથી, કારણ કે બોલરને વધુમાં વધુ 4 ઓવરમાં કરિશ્મા કરવાનો મોકો મળે છે. સતત 3 બોલમાં 3 બેટ્સમેનોને પેવેલિયનનો રસ્તો બતાવવો ખૂબ મુશ્કેલ છે. તેવામાં ટી-20 વર્લ્ડકપમાં એક નવી ટીમના બેટ્સમેને વર્લ્ડ ચેમ્પિયન બનવાની દાવેદાર ગણાતી અને એશિયા કપ 2022 ચેમ્પિયન ટીમ એટલે શ્રીલંકા સામે આ કારનામું કરીને નવો ઈતિહાસ રચી દીધો છે.

આજે શ્રીલંકા અને યુએઇ સામે ટી-20 વર્લ્ડકપની એક મેચ દરમિયાન યુએઇના બોલર કાર્તિક મયપ્પને હેટ્રિક લઈને શ્રીલંકાની મુશ્કેલીઓ વધારી દીધી છે. આ હેટ્રિક સાથ તેને પોતાના નામે એક સિદ્ધી પણ નોંધાવી દીધી છે. વર્લ્ડ કપમાં અત્યાર સુધી માત્ર ત્રણ બોલરો જ હેટ્રિક લેવામાં સફળ રહ્યાં હતા. હવે તે લિસ્ટમાં મયપ્પન પણ જોડાઇ ગયો છે.

# સૌરવના અણનમ 84 રનની મદદથી સૈયદ મુશ્તાક અલી ટ્રોફીમાં ગુજરાતે નાગાલેન્ડ સામે વિજય પ્રાપ્ત કર્યો

ગુજરાત | વંદન

હાલમાં ક્રિકેટની સિઝન ચાલી રહી છે, ઓસ્ટ્રેલિયાની ધરતી પર ટી-20 વિશ્વકપની તડામાર તૈયારીઓ ચાલી રહી છે. ભારતની ટીમ જીતશે કે કેમ તે હજુ નક્કી નથી. પરંતુ ઘર આંગણે ઈન્દોરમાં યોજાયેલી સૈયદ મુશ્તાક અલી ટ્રોફીમાં ગુજરાતની ટીમે પૂર્વોત્તરની નાગાલેન્ડની ટીમને નવ વિકેટે હરાવીને વિજય પ્રાપ્ત કર્યો છે. તે સાથે ગ્રુપ ડીમાં ગુજરાતની ટીમ ચાર મેચમાં 10 પોઈન્ટ સાથે ત્રીજા ક્રમે પહોંચી ગઈ છે.

રુશ કાલેરિયા, અરઝાન નાગવાસવાલા અને ચિંતન ગજાએ ઝડપેલી બે-બે વિકેટ બાદ સૌરવ ચૌહાણના અણનમ 84 રનની મદદથી ગુજરાતે સૈયદ મુશ્તાક અલી ટ્રોફીમાં નાગાલેન્ડ સામેના એકતરફી મુકાબલામાં નવ વિકેટે ભવ્ય જીત હાંસલ કરી હતી. ગુજરાતે ટોસ જીતીને પ્રથમ ફિલ્ડીંગ કરવાનો નિર્ણય કર્યો હતો. નાગાલેન્ડની ટીમે આઠ વિકેટે 119 રનનો સામાન્ય સ્કોર નોંધાવ્યો હતો. તેના જવાબમાં ગુજરાતે ઓપનર ઉર્વિલ પટેલની (12) વિકેટના ભોગે વિજય હાંસલ કરી લીધો હતો. સુકાની પ્રિયાંક પંચાલે 17 બોલમાં 21 તથા સૌરવે 35 બોલમાં સાત બાઉન્ડ્રી અને સાત સિક્સર વડે અણનમ 84 રન ફટકારીને ટીમને વિજય અપાવી દીધો હતો. ગ્રૂપ-ડીમાં ગુજરાતની ટીમ ચાર મેચમાં 10 પોઈન્ટ સાથે ત્રીજા ક્રમે છે. સૌરાષ્ટ્ર ટોચ ક્રમે છે.





# BCCIએ 3 વર્ષમાં ₹5600 કરોડની કરી કમાણી

ગુજરાત | વંદન

AGM પછી BCCIએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલી કમાણી કરી છે તેની માહિતી જાહેર કરી છે. 2019માં BCCI પાસે 3400 કરોડ રૂપિયા હતા, પરંતુ હવે તેમની પાસે કુલ 9000 કરોડ રૂપિયા છે. આનો અર્થ એ થયો કે બોર્ડે છેલ્લા ત્રણ વર્ષમાં 5600 કરોડ રૂપિયાની કમાણી કરી છે. આ કમાણીનો મુખ્ય હિસ્સો IPLમાંથી આવ્યો છે. બોર્ડે મહામારી હોવા છતાં સફળતાપૂર્વક IPLનું આયોજન કર્યું હતું. 2020 સીઝન માટે મુખ્ય ટાઈટલ સ્પોન્સર, Vivoના નિકળી ગયા પછી, બોર્ડે 222 કરોડ રૂપિયામાં 2020ની સીઝન માટે ડ્રીમ XI સાથે જોડાણ કર્યું હતું. બોર્ડે વિવિધ દેશોની ટીમો સાથે આયોજીત કરેલી દ્વિપક્ષીય સિરીઝ મેચોમાંથી પણ સતત કમાણી કરી છે.



# ટી20 વિશ્વ કપની વોર્મ-અપ મેચમાં ભારતની શાનદાર જીત

- શમીએ આખી મેચ પલટી નાખી

ગુજરાત | વંદન

અંતિમ ઓવરમાં ઓસ્ટ્રેલિયાને જીત માટે 11 રનની જરૂર હતી. પણ શમીએ 6 બોલમાં ફક્ત 4 રન આપ્યા હતા અને તેણે 3 વિકેટ ઝડપી હતી. અંતિમ ઓવરમાં ભારતે 4 વિકેટ ઝડપી હતી જેમાં એક રન આઉટનો સમાવેશ થાય છે. ભારત એક સમય પર મેચ હારવાનું હતું પણ 20મી ઓવરમાં મોહમ્મદ શમીએ આખી મેચ પલટી નાખી હતી. શમીએ મેચમાં એક ઓવર જ નાખી હતી અને તે જીત માટેનો હીરો બન્યો હતો. તેણે 4 રન આપીને 3 વિકેટ ઝડપી હતી. ભારતે કે એલ રાહુલ અને સૂર્યકુમાર યાદવની અડધી સદીના કારણે 186 રન બનાવ્યા હતા. રાહુલે 57 અને સૂર્યકુમાર યાદવે 50 રનની ઈનિંગ રમી હતી. ઓસ્ટ્રેલિયાની વાત કરીએ તો ખરાબ ફોર્મથી પસાર થઈ રહેલા ફિંચે ફોર્મ પરત મેળવ્યું હતું અને તાબડતોડ અડધી સદી ફટકારી હતી, એરોન ફિંચે 54 બોલમાં 79 રન કર્યા હતા. તેના સિવાય મિચેલ માર્શ એ 18 બોલમાં 35 રનો કર્યો હતા. ગ્લેન મેક્સવેલ એ પણ 23 રનની મહત્વપૂર્ણ ઈનિંગ રમી હતી.

# બ્રાઝીલે ભારતને 5-0 થી હરાવ્યું, પોતાના ગ્રુપમાં અંતિમ સ્થાન પર રહી ટીમ ઇન્ડીયા

ગુજરાત | વંદન

ફીફા મહિલા અંડર-17 ફૂટબોલ વર્લ્ડકપમાં ભારતે પોતાના અંતિમ ગ્રુપની મેચમાં બ્રાઝીલ વિરૂદ્ધ 0-5 થી હારનો સામનો કરવો પડ્યો. આ પ્રકારે ફીફા મહિલા અંડર-17 ફૂટબોલ વર્લ્ડકપમાં ભારતના અભિયાનનો અંત એકપણ જીત વિના થયો છે. જોકે મેજબાન હોવાના નાતે ભારતે આયુ વર્ગની આ ટોચની સ્પર્ધામાં પર્દાપણ કરવાની તક મળી હતી, પરંતુ ભારતીય ટીમે પોતાનું પ્રદર્શનથી નિરાશ કર્યા છે. આ પહેલાં બંને ગ્રુપ મેચમાં ભારતને હારનો સામનો કરવો પડ્યો હતો.

## ગ્રુપમાં અંતિમ સ્થાન પર ભારત

આ પહેલાં ગ્રુપએ ના પોતાના મુકાબલામાં ભારતીય ટીમે અમેરિકાએ 0-8 થી હરાવ્યું હતું. જ્યારે બીજી મેચમાં મોરક્કોએ 0-3 હરાવ્યું હતું. આ પ્રકારે ભારતીય ટીમ પોતાના ગ્રુપમાં અંતિમ સ્થાન પર રહી. તો બીજી તરફ આ ગ્રુપમાંથી બ્રાજીલ અને અમેરિકાના ક્વાર્ટર ફાઇનલ માટે ક્વાલિફાઇ કર્યું. અમેરિકાએ ગ્રુપ એની બીજી મેચમાં મોરક્કોએને 4-0 હરાવ્યું. આ પ્રકારે બ્રાજીલ અને અમેરિકા બંનેને બે જીત અને એક ડ્રો સાથે સાત પોઈન્ટ પ્રાપ્ત કર્યા. આ પહેલાં 14 ઓક્ટોબરે અમેરિકા અને બ્રાજીલ વચ્ચે 1-11 થી ડ્રો રહી હતી.

### અન્યાય | વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મમતા બેનર્જીની અપીલ

# ‘સૌરવ ગાંગુલીને ICC ચૂંટણી લડવાની આપો મંજૂરી’

ગુજરાત | વંદન

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ સૌરવ ગાંગુલીને લઈને પીએમ મોદીને ખાસ અપીલ કરી છે. મમતા બેનર્જીએ કહ્યું કે હું પીએમને વિનંતી કરું છું કે તે સુનિશ્ચિત કરે કે સૌરવ ગાંગુલીને ICC ચૂંટણી લડવાની મંજૂરી આપવામાં આવે. તે લોકપ્રિય વ્યક્તિ છે, તેથી તેને નકારવામાં આવી રહ્યો છે.

બંગાળના મુખ્યમંત્રીએ કહ્યું કે સૌરવ ગાંગુલીને ખોટી રીતે બીસીસીઆઈના અધ્યક્ષ પદેથી હટાવવામાં આવ્યા છે. સીએમએ કહ્યું કે હું ખૂબ જ દુ:ખી છું. સૌરવ ખૂબ જ લોકપ્રિય વ્યક્તિત્વ છે. તે ભારતીય ટીમનો કેપ્ટન હતા. તેમણે દેશને ઘણું આપ્યું છે. તેઓ માત્ર બંગાળનું જ નહીં પરંતુ ભારતનું ગૌરવ છે. તેમને આ રીતે બાકાત રાખવું ખોટું છે. સોમવારે ઉત્તર બંગાળ જતા પહેલા મમતા બેનર્જીએ સૌરવ ગાંગુલીને બીસીસીઆઈના અધ્યક્ષ પદ પરથી હટાવવાને અન્યાય ગણાવ્યો હતો અને પીએમ નરેન્દ્ર મોદીને વિનંતી કરી હતી કે સૌરવ ગાંગુલીને આઈસીસીની ચૂંટણી લડવાની મંજૂરી આપવામાં આવે. તેમણે આ મામલે હસ્તક્ષેપ કરવો જોઈએ.



મમતા બેનર્જીએ કહ્યું કે, હું વડાપ્રધાનને વિનંતી કરીશ કે સૌરવ ગાંગુલીને ICCની ચૂંટણી લડવાની પરવાનગી આપે. હું સરકારને વિનંતી કરીશ કે ક્રિકેટના હિતમાં નિર્ણય લે. જણાવી દઈએ કે બીસીસીઆઈના અધ્યક્ષ પદ પરથી હટાવ્યા બાદ સૌરવ ગાંગુલીએ CABની ચૂંટણી લડવાની જાહેરાત કરી છે. સૌરવે શનિવારે કહ્યું હતું કે, હા, હું ચૂંટણી લડવાનો છું. 22 ઓક્ટોબરે નામાંકન ભરવાનો છું. હું પાંચ વર્ષ સુધી કેબમાં હતો. લોઢા કમિટીના નિયમો મુજબ હું વધુ ચાર વર્ષ સુધી રહી શકું છું. મને આશા છે કે મારી પેનલ 20મી તારીખ સુધીમાં તૈયાર થઈ જશે.

જણાવી દઈએ કે સૌરવ ગાંગુલીને બીસીસીઆઈના અધ્યક્ષ પદ પરથી હટાવ્યા બાદ તૃણમૂલ કોંગ્રેસના નેતાઓએ પહેલાથી જ ભાજપ સરકાર પર નિશાન સાધ્યું હતું અને કહ્યું હતું કે સૌરવ ગાંગુલી ભાજપમાં જોડાયો નથી. જેના કારણે તેમને પ્રમુખ પદેથી હટાવી દેવામાં આવ્યા છે, જ્યારે જય શાહ ફરી તેમના જૂના પદ પર આવી રહ્યા છે.

# પોઝિટિવ ખેલાડીને વર્લ્ડ કપમાં મેચ રમવાની મળી મંજૂરી, કોવિડ-19 ટેસ્ટમાંથી પણ રાહત

ગુજરાત | વંદન

T20 વર્લ્ડ કપને લઈ મોટી ખબર સામે આવી રહી છે. ICCએ ઘોષણા કરી છે કે જે ખેલાડી કોવિડ-19 પોઝિટિવ હશે તેમને T20 વર્લ્ડ કપની મેચમાં ભાગ લેવા મંજૂરી આપવામાં આવશે. વર્લ્ડ કપ 2022માં 16 ટીમ ભાગ લઈ રહી છે. ઓસ્ટ્રેલિયામાં રમાનારા વર્લ્ડ કપની ફાઈનલ 13 નવેમ્બરે રમાશે.

ICC કોરોના સંક્રમિત ખેલાડીઓને મેચ રમવાની મંજૂરી આપશે. આ સિવાય પણ નિયમોમાં ઘણી છૂટછાટ આપવામાં આવી છે. ટૂર્નામેન્ટ દરમિયાન ખેલાડીઓને ફરજિયાત કોવિડ-19 ટેસ્ટ કરાવવાની ફરજ પાડવામાં આવશે નહીં. આ સિવાય કોઈ ખેલાડી કોરોના સંક્રમિત થાય છે તો તેને જરૂરી આઈસોલેશન પિરિયડમાં પણ રહેવું નહીં પડે. જ્યારે કોઈ ખેલાડી વાઈરસથી સંક્રમિત થાય છે, ત્યારે ટીમના ડોક્ટરોએ આકારણી કરવી પડશે કે ખેલાડી મેચમાં ભાગ લેવાની સ્થિતિમાં છે કે કેમ.


કોઈ ખેલાડીનો RT-PCR રિપોર્ટ પોઝિટિવ આવે છે તો ટીમને સ્ક્વોડમાં ફેરફાર કરવાની મંજૂરી આપવામાં આવશે. રિપોર્ટ નેગેટિવ આવ્યા પછી ખેલાડી સ્ક્વોડમાં ફરી જોડાઈ શકશે. કોરોના સંક્રમિત વ્યક્તિને ઓસ્ટ્રેલિયા સરકાર દ્વારા લાગુ કોવિડ-19 સાથે જોડાયેલા આઈસોલેશન નિયમમાંથી પણ રાહત મળી છે. પહેલાં કોરોના પોઝિટિવ આવતા ખેલાડીને આઈસોલેટ કરવામાં આવતો હતો. જ્યારે તે સંપૂર્ણ સ્વસ્થ થઈ જતો, ત્યારે જ તેને રમવાની મંજૂરી આપવામાં આવી. હવે ICCએ નિયમમાં ફેરફાર કર્યો છે. હવે કોવિડ પોઝિટિવ ખેલાડી પણ રમી શકશે.

# સ્વાસ્થ્ય મંત્રાલય હવે કોરોના રસી નહીં ખરીદે, કરોડો રૂપિયાનું ફંડ પરત કર્યું

ગુજરાત | વંદન

દેશમાં કોરોનાના ઘટતા કેસ અને રસીકરણના વધતા પર્સન્ટેજ જોતા સ્વાસ્થ્ય મંત્રાલયે એક મોટું પગલું ભર્યું છે. સ્વાસ્થ્ય મંત્રાલયે નક્કી કર્યું છે કે હવે તેઓ વધુ કોવિડ રસી ખરીદશે નહીં. એટલું જ નહીં સ્વાસ્થ્ય મંત્રાલયે રસીકરણ માટે ફાળવવામાં આવેલા 4,237 કરોડ રૂપિયા નાણા મંત્રાલયને પરત પણ કર્યા છે. 1.8 કરોડથી વધુ રસી હજુ પણ સરકારના સ્ટોકમાં છે. જે છ મહિનાના રસીકરણ અભિયાન માટે પૂરતી છે.

**કેમ લેવાયો આ નિર્ણય** | વાત જાણે એમ છે કે કોવિડ-19ના કેસ ઘટવાના કારણે રસી લેનારાની સંખ્યામાં ઘટાડો થયો છે. હવે રસીકરણને લઈને લોકોમાં ઉત્સાહ જોવા નથી મળતો. આ વર્ષે સરકારે પણ તમામ વયસ્કોને મફતમાં બુસ્ટર ડોઝ આપવા માટે અમૃત મહોત્સવ નામથી 75 દિવસનું કોવિડ રસીકરણ અભિયાન ચલાવ્યું હતું. પરંતુ રસીની વધુ માંગ જોવા મળી નહીં. આ ઉપરાંત કેન્દ્ર અને રાજ્ય સરકાર પાસે ઘણા પ્રમાણમાં રસીનો સ્ટોક પડ્યો છે. જેમાંથી કેટલીક તો આગળના ગણતરીના મહિનાઓમાં એક્સપાયર પણ થઈ જશે. હવે આ બધા કારણો જોતા સરકારે હવે રસી ન ખરીદવાનો નિર્ણય લીધો છે. સરકારનું કહેવું



છે કે 6 મહિના બાદ હાલાત પ્રમાણે આગળ નિર્ણય લેવાશે.

કેન્દ્ર સરકારે ગત વર્ષ 16 જાન્યુઆરીથી સમગ્ર દેશમાં રસીકરણ અભિયાન શરૂ કર્યું હતું. જે હેઠળ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની મદદ માટે તેમને કોવિડ-19 રસી મફતમાં ઉપલબ્ધ કરાવવામાં આવી હતી. 16 ઓક્ટોબર 2022 સુધીમાં દેશમાં 219.32 કરોડથી વધુ લોકો કોરોનાની રસી મૂકાવી ચૂક્યા હતા. અધિકૃત સૂત્રોએ જણાવ્યું કે દેશની 98 ટકા વયસ્ક વસ્તી કોવિડ-19 રસીના ઓછામાં ઓછા એક ડોઝ લઈ ચૂકી છે. જ્યારે 92 ટકા લોકોનું પૂર્ણ રસીકરણ થઈ ચૂક્યું છે. આ ઉપરાંત દેશના 15 થી 18 વર્ષના 93.7 ટકા કિશોરોને પણ રસીનો એક ડોઝ મળી ચૂક્યો છે. જ્યારે 72 ટકા કિશોર બંને ડોઝ લઈ ચૂક્યા છે. 12થી 14 વર્ષના વર્ગમાં 87.3 ટકા લોકોને પહેલો ડોઝ મળી ચૂક્યો છે. જ્યારે 68.1 ટકા લોકોને બંને ડોઝ મળી ચૂક્યા છે. 18 વર્ષ અને તેનાથી વધુ ઉંમરના લોકોમાંથી 27 ટકા લોકોને બુસ્ટર ડોઝ મળી ચૂક્યો છે.

## ઇતિહાસના પાનામાંથી...

20 ઓક્ટોબરના મહત્વના બનાવો..

1568 અકબરે ચિત્તોડગઢ પર હુમલો કર્યો.
1740 મારિયા થેરેસા ઑસ્ટ્રિયા, હંગેરી અને બોહેમિયાના શાસક બન્યા.
1774 કલકત્તા ભારતની રાજધાની બની.
1822 લંડન સન્ડે ટાઈમ્સનો પ્રથમ અંક પ્રકાશિત થયો.
1880 એમ્સ્ટર્ડમ ઓપન યુનિવર્સિટીની સ્થાપના.
1904 ચિલી અને બોલિવિયા વચ્ચે શાંતિ અને મિત્રતાની સંધિ.
1905 રશિયામાં 11 દિવસ સુધી ચાલતી ઐતિહાસિક હડતાલ શરૂ થઈ.
1946 વિયેતનામ સરકારે 20 ઓક્ટોબરને વિયેતનામ મહિલા દિવસ જાહેર કર્યો
1947 અમેરિકા અને પાકિસ્તાન વચ્ચે પ્રથમ વખત રાજદ્વારી સંબંધો રચાયા
1962 ચીનનું ભારત પર આક્રમણ અને અરુણાચલ પ્રદેશ દ્વારા પ્રવેશવાનો પ્રયાસ
1963 દ.આફ્રિકામાં નેલ્સન મંડેલા અને અન્ય આઠ વિરુદ્ધ કેસ શરૂ
1970 સૈયદ બેરે સોમાલિયાને સમાજવાદી રાજ્ય જાહેર કર્યું.
1991 ઉત્તરકાશીમાં 6.8 તીવ્રતાના ભૂકંપમાં 1000 થી વધુ લોકોના મોત.
1995 સંયુક્ત રાષ્ટ્ર મહાસભાનું વિશેષ સુવર્ણ જયંતિ સત્ર શરૂ, શ્રીલંકા ક્રિકેટ ટીમે વેસ્ટ શારજાહ કપ ટ્રોફી જીતી
2003 મધર ટેરેસાને પોપ જોન પોલ II દ્વારા આશીર્વાદ.
2004 બાંગ્લાદેશમાં 3 પૂર્વ સૈન્ય અધિકારીઓને મૃત્યુદંડની સજા. એલન હોલિંગહર્સ્ટને બ્રિટનનું પ્રતિષ્ઠિત સાહિત્યિક સન્માન
2007 અમેરિકી રાષ્ટ્રપતિ જ્યોર્જ બુશે મ્યાનમારના લશ્કરી શાસકો સામે પ્રતિબંધો મૂક્યા.
2008 આરબીઆઈએ રેપો રેટમાં એક ટકાનો ઘટાડો કર્યો.
2011 લિબિયા પર 40 વર્ષ સુધી શાસન કરનાર સરમુખત્યાર મોહમ્મદ ગદ્દાફીનું મોત

20 ઓક્ટોબરે જન્મેલા લોકો..

1988 કૃષ્ણપ્પા ગૌતમ - ભારતીય ફર્સ્ટ ક્લાસ ક્રિકેટર.
1930 લીલા શેઠ - ભારતમાં હાઈકોર્ટના પ્રથમ મહિલા જજ .
1978 વીરેન્દ્ર સેહવાગ -ભારતીય ક્રિકેટર.
1957 કુમાર સાનુ - પ્લેબેક સિંગર્સમાંથી એક.
1947 મેન્યુઅલ ફ્રેડરિક - ભારતીય હોકી ખેલાડી.
1920 સિદ્ધાર્થ શંકર રાય - બંગાળના પૂર્વ મુખ્યમંત્રી
1855 ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠી - ગુજરાતી સાહિત્યના ઈતિહાસકાર.

20 ઓક્ટોબરના રોજ અવસાન થયું..

2019 દાદુ ચૌગુલે દત્તાત્રેય - ભારતના પ્રખ્યાત કુસ્તીબાજોમાંના એક હતા.
1982 નિરંજન નાથ વાંચૂ - કેરળ અને મધ્ય પ્રદેશના પૂર્વ રાજ્યપાલ.
1964 એચ.સી. દાસપ્પા - ભારતના ક્રાંતિકારીઓમાંના એક.

20 ઓક્ટોબરના મહત્વના પ્રસંગો અને ઉજવણીઓ

વિશ્વ ઓસ્ટીયોપોરોસિસ દિવસ

# હિન્દુઓ કીડા-મંકોડા જેવા, 832 વર્ષ અમારા બાદશાહોની સામે જી હજુરી કરી હતી: AIMIM

■ ઓવૈસીની પાર્ટી AIMIM નેતા તેમજ યુપીના પ્રદેશ અધ્યક્ષ શૌકત અલીનું વિવાદિત ભડકાઉ નિવેદન

ગુજરાત | વંદન

શૌકત અલીના બેફામ વાણી વિલાસે યુપીનુ વાતાવરણ ગરમાવી દીધુ છે.શૌકત અલીએ કહ્યુ હતુ કે, તમે(હિન્દુઓ)અમને ધમકી આપી રહ્યો છે.તમે તો કિડા મંકોડા જેવા છો.832 વર્ષ સુધી અમે આ દેશ પર શાસન કર્યુ હતુ અને તમે અમારા બાદશાહોની સામે હાથ પાછળ રાખીને જી હજુરી કરતા હતા.અમે તો તમારી બહેન જોધાબાઈને મલ્લિકાએ હિન્દુસ્તાન બનાવી હતી.અમે તો ભેદભાવ કર્યો નહોતો.અકબરે જોધબાઈ સાથે લગ્ન કર્યા હતા. સૌથી મોટા સેક્યુલર જ અમે છે.

શૌકત અલીએ કહ્યુ હતુ કે, એક સાધુ કહે છે કે, અમને કાપીને નાંખી દઈશું.મુસ્લિમો ગાજર મૂળા થોડા છે?સાધુ સાહેબ મુસ્લિમનો ગુસ્સાવાળો ચહેરો પણ જોઈ લેશો તો પેશાબ થઈ જશે.તમારી અંદર કેટલી તાકાત છે તે અમને ખબર છે.



શૌકત અલીની સભામાં આ શબ્દો પર હાજર રહેલા લોકો તાળીઓ પાડી રહ્યા હતા અને ચીચીયારીઓ કરી રહ્યા હતા. શૌકતે કહ્યુહ તુ કે, અમે ત્રણ લગ્ન કરીએ છે પણ ત્રણે પત્નીઓને બરાબર સન્માન આપીએ છે.હિન્દુઓ એક થી વધારે લગ્ન કરીને છુપાવે છે તે ખોટુ છે.ભાજપ જ્યારે નબળો પડે છે ત્યારે મુસ્લિમોના નિકાહ, તલાક અને મદરેસાઓની તપાસ જેવા મુદ્દાઓને ચગાવે છે અને પોતાને મજબૂત બનાવવાનો પ્રયાસ કરે છે.

શૌકતે કહ્યુ હતુ કે, આ દેશ સંવિધાનથી ચાલશે અને જ્ઞાનવાપી મસ્જિદ મુદ્દે કોર્ટે જે ચુકાજો આપ્યો છે તે બતાવે છે કે, દેશ બંધારણ પ્રમાણે ચાલે છે.ભાજપ કહેશે તે પ્રમાણે નહીં ચાલે. જોકે શૌકતના ભાષણ બાદ પોલીસે ફરિયાદ નોધી છે અને પોલીસે કહ્યુ છે કે, આકરી કાર્યવાહી કરવામાં આવશે.


## લાપતા 26 મહિલાઓના કેસની ફરીથી તપાસ થશે

# કેરળમાં આરોપીઓએ એક-બે નહીં અનેક મહિલાની બલિ ચડાવી!

ગુજરાત | વંદન

કેરળના પથનમથિટ્ટા જિલ્લામાં હાલમાં જ બે મહિલાની બલિ ચડાવી હત્યા કરાયાની ઘટના બહાર આવી છે ત્યારે આરોપીઓની પુછપરછમાં કેટલીક ચોંકાવનારી વાતો બહાર આવી છે, એસઆઈટીને શંકા છે કે આરોપીઓએ બે નહીં, પણ અનેક મહિલાઓની બલિ ચડાવી દીધી હશે, કારણ કે કેરળમાં 26 જેટલી મહિલાઓ લાપતા છે.

મામલાની તપાસ માટે રચાયેલ એસઆઈટીએ હવે આરોપીની જમીનને ખોદાવવાનો ફેસલો કર્યો છે જેથી ખબર



પડે કે તેમણે અન્ય મહિલાઓને પણ આવી રીતે નિશાન નથી બનાવીને? કેરળ પોલીસે સપ્ટેમ્બરમાં લાપતા થયેલી બે મહિલાઓની બલિ ચડાવી દેવાના મામલામાં આ સપ્તાહે આરોપી મોહમ્મદ શફી ભગવલસિંહ અને તેની પત્ની લૈલાની ધરપકડ કરી હતી. હાલ તેઓ પોલીસ રિમાન્ડ પર છે. તેમની પુછપરછમાં કેટલાક મહત્વના ખુલાસા થયા છે.

# જૂના પ્રેમીએ હદ બહાર પરેશાન કરતા વૈશાલીએ જીવન ટુંકાવ્યાનો ઘટસ્ફોટ

■ સુશાંત સિંહની જેમ અભિનેત્રીએ પંખાની સાથે લટકી જીવન ટુંકાવ્યું

ગુજરાત | વંદન

સસુરાલ સિમર કા સહિત અનેક ટીવી સીરિયલ્સમાં કામ કરનારી એક્ટ્રેસ વૈશાલી ઠક્કરે માત્ર 30 વર્ષની વયે આત્મહત્યા કરી લેતા ગ્લેમર જગતની ઝાકમકાળ વચ્ચે સેલેબ્સ પણ અનેક સમસ્યાઓમાં ઘેરાતા હોવાનો ખ્યાલ આવી શકે છે. વૈશાલીના કેસમાં પણ છેલ્લા ઘણા સમયથી તણાવને કારણે જીવન ટુંકાવવાનો પ્રથમ દૃષ્ટિએ જણાઇ રહ્યું છે. તેની સ્યુસાઈટ નોટમાં પણ આ વાતનો ઉલ્લેખ છે. પોલીસે વૈશાલીની મોતનું કારણ પ્રેમ પ્રકરણ હોવાનું જણાવ્યું છે. આ અંગે ઇંદૌરના એસીપી મતીઉર્રેહમાને જણાવ્યું કે સ્યુસાઇડ નોટ વાંચને લાગે છે કે વૈશાલીને તેનો જુનો પ્રેમી પરેશાન કરી રહ્યો હતો. તેને જેણે પણ પરેશાન કરી હતી, તેની સામે કાર્યવાહી કરાશે. હાલ વૈશાલીની બોડી પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવી છે અને આગળ તપાસ હાથ ધરાઈ છે.

પોલીસના જણાવ્યા મુજબ તેને પરેશઆન કરનારો રાહુલ નવલાની નામનો શખસ તેનો પાડોશી છે. પરીણિત રાહુલ બે બાળકોનો પિતા પણ છે. વૈશાલીની આત્મહત્યા બાદથી રાહુલ પરિવાર સહિત લાપતા છે. તેનો મોબાઈલ પણ બંધ છે. રાહુલ પ્લાઈવૂડનો મોટો વેપારી છે અને ગીતાવિહાર કોલોનીમાં તેનું ગોડાઉન અને દુકાન છે. પોલીસ તેની સર્ચ કરી રહી છે. વૈશાલી અન્ય યુવક સાથે લગ્ન કરવા માંગતી હતી અને રાહુલ તેની વિરુદ્ધ હતો.

## સુશાંત સિંહની આત્મહત્યા વખતે વૈશાલી બહુ રડી હતી, કેસની CBI તપાસ પણ માગી હતી

એક્ટ્રેસ વૈશાલી ઠક્કરની માત્ર 30 વર્ષની વયે આત્મહત્યા આજકાલ ચર્ચાનો



વિષય બની ગઈ છે. વૈશાલી અને દિવંગત એક્ટર સુશાંત સિંહ ખાસ મિત્ર હતા અને આશ્ચર્યની વાત છે કે વૈશાલીનો મૃતદેહ પણ સુશાંત સિંહીની જમ પંખા પર લટકેલી હાલતમાં મળ્યો. વૈશાલીએ શનિવારે રાત્રે ઇંદૌરમાં તેના ઘરમાં આત્મહત્યા કરી હતી. રિપોર્ટ્સ મુજબ પરિવારને તેની લાશ પંખામાં લટકેલી મળી હતી. જો કે 7 કલાક બાદ પોલીસને જાણ કરવામાં આવી હતી. તેના ઘરેથી પોલીસને 8 પેજની સ્યુસાઇડ નોટ મળી છે. વૈશાલી ઠક્કર અને એક્ટર સુશાંત સિંહ રાજપૂત ખાસ મિત્રો હતા. તેઓ બંનેનો એક ફોટો પણ અત્યારે સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. જ્યારે સુશાંત સિંહ રાજપૂતનું મોત થયું હતું ત્યારે વૈશાલી ઠક્કરે ઘણાં સવાલો ઉઠાવ્યા હતા. વર્ષ 2020માં જ્યારે સુશાંત સિંહ રાજપૂતનું મોત થયું હતું ત્યારે વૈશાલી ઠક્કરને ભારે દુઃખ થયું હતું.

પાછળથી સૈશાલીની સગાઇ પણ તૂટી ગઇ હતી. વૌશાલીએ ટીવી શો યે રિશ્તા ક્યા કહલાતા હેથી ડેબ્યુ કર્યું હતું. જેમાં તેણે સંજનાનું પાત્ર ભજવ્યું હતું. ત્યાર બાદ વૈશાલી યે વાદા રહા, યે હે આશિકી, સસુરાલ સિમર કા, સુપર સિસ્ટર્સ, વિષ યા અમૃત સિતારા, મનમોહિની 2, રક્ષાબંધનમાં જોવા મળી હતી.

એક્ટ્રેસ વૈશાલી ઠક્કરે આત્મહત્યા કરી ત્યારે આત્મહત્યા ચિઠ્ઠી પણ લખી હતી. હવે વૈશાલી ઠક્કરની આત્મહત્યા ચિઠ્ઠી અંગેની જાણકારી સામે આવી છે. એએનઆઈના રિપોર્ટ મુજબ, વૈશાલી ઠક્કર છેલ્લાં ઘણાં સમયથી તણાવમાં હતી. તેણે પોતાની આત્મહત્યા ચિઠ્ઠીમાં છેલ્લાં ઘણાં સમયથી તણાવમાં હોવાનો ઉલ્લેખ કર્યો છે. એક્ટ્રેસ વૈશાલી ઠક્કરના પિતાનું નામ એચબી ઠક્કર, માતાનું નામ અન્નુ ઠક્કર અને ભાઈનું નામ નીરજ ઠક્કર છે. તારીખ 28 એપ્રિલ, 2021માં વૈશાલીએ જણાવ્યું હતું કે તેની સગાઈ થઈ ગઈ છે. તેના મંગેતરનું નામ ડો. અભિનંદન સિંહ જણાવ્યું હતું. સગાઈના ફંક્શનમાં માત્ર પરિવારના સભ્યો સામેલ થયા હતા. અભિનંદનની વાત કરીએ તો તે કેન્યાનો રહેવાસી છે અને ડેન્ટલ સર્જન છે. વૈશાલી ઠક્કરે સગાઈના 1 મહિના પછી બધાને જણાવ્યું કે આ ડોક્ટર સાથે તે લગ્ન નહીં કરે.

વૈશાલી ઠક્કરે જણાવ્યું હતું કે ભારતમાં કોરોના વાયરસની સ્થિતિને ધ્યાનમાં રાખતા તેણે લગ્ન રોકવાનો નિર્ણય લીધો હતો. અભિનંદન સાથે તેની મુલાકાત મેટ્રિમોનિયલ સાઈટ પર થઈ હતી. વૈશાલી ઠક્કરે આત્મહત્યા કરી તેના 5-6 દિવસ પહેલા સોશિયલ મીડિયા ઈન્સ્ટાગ્રામ પર એક્ટિવ હતી. તેણે ઘણી ફની રીલ્સ પણ અપલોડ કરી હતી. તેના લાખો ફોલોઅર્સ પણ હતા.

# દિવાળીના એક દિવસ પહેલા લોન્ચ થશે ભારતનું સૌથી વજનદાર રોકેટ

■ બ્રિટનના 36 સેટેલાઈટને અંતરિક્ષમાં લઈ જશે




ગુજરાત | વંદન

ઈસરો સૌથી ભારે રોકેટ લોન્ચ કરવા જઈ રહ્યું છે. દિવાળીના એક દિવસ પહેલાં પોતાના આ રોકેટથી બ્રિટિશ સ્ટાર્ટ અપ કંપની વન વેબના સેટેલાઈટ અંતરિક્ષમાં છોડશે. ઈસરોના આ રોકેટનું નામ છે લોન્ચ વ્હીકલ માર્ક-3. જેને પહેલાં જિયોસિન્ક્રોન્સ લોન્ચ વ્હીકલ માર્ક-3ના નામથી ઓળખવામાં આવતું હતું. આ રોકેટમાં વનવેબના 36 સેટેલાઈટ્સ જઈ રહ્યા છે.

ઈસરોના અધિકારીઓએ જણાવ્યું કે આ રોકેટનું લોન્ચિંગ 23 ઓક્ટોબર 2022ની સવારે સાત કલાકે શ્રીહરિકોટાના સ્પેસપોર્ટથી થશે. રોકેટના ક્રાયો સ્ટેજ, ઈક્વિપમેન્ટ બે એસેમ્બલી પૂરી થઈ ગઈ છે. સેટેલાઈટ્સને રોકેટના ઉપરી ભાગમાં લગાવી દેવામાં આવ્યું છે. છેલ્લી તપાસ ચાલી રહી છે.

વનવેબની સાથે ઈસરોની ડીલ થઈ છે. જે બે લોન્ચિંગ કરશે. એટલે 23 ઓક્ટોબરે લોન્ચિંગ પછી વધુ એક લોન્ચિંગ થશે. જે માનવામાં આવી રહ્યું છે કે આગામી વર્ષે જાન્યુઆરીમાં સંભવિત છે. આ સેટેલાઈટ્સને ધરતીની નીચલી કક્ષામાં તહેનાત કરવામાં આવશે. આ બ્રોડબેન્ડ કમ્યુનિકેશન સેટેલાઈટ્સ છે. જેનું નામ વનવેબ લિયો છે. LVM3 રોકેટની આ પહેલી વ્યવસાયિક ઉડાન છે.

આ પહેલાં વર્ષ 2019માં આ રોકેટથી ચંદ્રયાન-2, 2018માં જીસેટ-2, 2017માં જીસેટ-1 અને તેની પહેલાં વર્ષ 2014માં ક્રૂ મોડ્યુલ એટમોસ્ફિયરિક રી-એન્ટ્રી એક્સપીરિમેન્ટ લઈને ગયું હતું. આ બધા મિશન દેશના હતા. એટલે સરકારી હતા.

# માર્ગ દુર્ઘટનામાં દાવા કરતાં વધુ વળતર અદાલતો અપાવી શકે છે : સુપ્રિમ કોર્ટ

■ વધુ રકમ અપાવવા હુકમ કરવા છૂટ છે અને કોઈ પ્રતિબંધ નથી

ગુજરાત | વંદન

પીડિત પરિવાર દ્વારા જે રકમનો દાવો કરવામાં આવે છે તેનાથી વધુ રકમ અપાવવા માટે ટ્રિબ્યુનલ અને અદાલતને છૂટ છે, સુપ્રીમ કોર્ટે માર્ગ દુર્ઘટના અંગે એક મહત્વની ટિપ્પણી કરી છે અને એમ કહ્યું છે કે માર્ગ દુર્ઘટનાઓના મામલાઓમાં પીડિત પરિવાર દ્વારા જે દાવો કરવામાં આવેલી રકમ હોય છે તેનાથી વધુ રકમ અપાવવા માટે ટ્રિબ્યુનલ અને અદાલતો હુકમ કરી શકે છે અને આવો હુકમ કરવાની એમને છૂટ છે અને કોઈ પ્રતિબંધ નથી.

એક માર્ગ દુર્ઘટનામાં જાન ગુમાવનારા 12 વર્ષના કિશોરના પરિવારને પાંચ લાખના વળતર આપવાનો ફેસલો સુપ્રીમ કોર્ટે સંભળાવ્યો હતો અને કિશોરના પરિવાર દ્વારા રૂપિયા બે લાખના વળતરનો દાવા સામે સુપ્રીમ કોર્ટે રૂપિયા 5 લાખ આપવાનો હુકમ કર્યો હતો. કોર્ટે એમ ઠરાવ્યું હતુ કે દાવો કરવામાં આવેલી રકમ વળતર કાનુન અનુસાર ઉચિત હોવું જોઈએ.

# ભૂખમરોના મામલામાં ભારત પાકિસ્તાન અને શ્રીલંકાથી પાછળ

■ 121 દેશોની યાદીમાં ભારતને 107મુ સ્થાન

ગુજરાત | વંદન

ગ્લોબલ હંગર ઈન્ડેક્સનો લેટેસ્ટ રિપોર્ટ ભારત માટે ચિંતાનો વિષય છે. 121 દેશોની યાદીમાં ભારતને 107મું સ્થાન મળ્યું છે. ભારત યુદ્ધગ્રસ્ત અફઘાનિસ્તાન સિવાય દક્ષિણ એશિયાના લગભગ તમામ દેશોથી પાછળ છે. ગ્લોબલ હંગર ઈન્ડેક્સ (GHI) એ વૈશ્વિક, પ્રાદેશિક અને રાષ્ટ્રીય સ્તરે ભૂખને



વ્યાપકપણે માપવા અને ટ્રેક કરવા માટેનું એક સાધન છે. GHI સ્કોર 100-પોઈન્ટ સ્કેલ પર ગણવામાં આવે છે જે ભૂખની તીવ્રતા દર્શાવે છે, જ્યાં શૂન્ય શ્રેષ્ઠ સ્કોર છે અને 100 સૌથી ખરાબ છે. ભારતનો 29.1 સ્કોર તેને 'ગંભીર' શ્રેણીમાં મૂકે છે. પાડોશી દેશોની વાત કરીએ તો લગભગ તમામ દેશો ભારત કરતા સારા છે. શ્રીલંકાને 64મું, નેપાળને 81મું અને પાકિસ્તાનને 99મું સ્થાન મળ્યું છે. દક્ષિણ એશિયામાં અફઘાનિસ્તાન (109માં ક્રમે) એકમાત્ર એવો દેશ છે જેની સ્થિતિ ભારત કરતા પણ ખરાબ છે. અલ્પપોષણનો વ્યાપ, જે ડાયેટરી એનર્જી ઈન્ટેકની દીર્ઘકાલીન અભાવનો અનુભવ કરતી વસ્તીના પ્રમાણનું માપ છે, તે દેશમાં 2018-2020માં 14.6% થી વધીને 2019-2021માં 16.3% થઈ ગયું છે.

## નિષ્ણાતોએ જાહેર કર્યું છે કે કાળા સમુદ્રના પ્રદેશમાં પરમાણુ શસ્ત્રો ઝેરી ગેસના વાદળને ઉત્તેજિત કરી શકે છે

# પરમાણુ હુમલો થાય તો- માનવીનું મગજ શરીરમાં જ ઓગળી જશે..!

ગુજરાત | વંદન

દુનિયામાં યુધ્ધ કોઈને ગમતુ નથી. કેમ કે યુધ્ધ એટલે વિનાશ..ખાનાખરાબી.. દુખ..પીડા..અને ભૂખમરો. પરંતુ રશિયાના સુપ્રિમો પુટિનને તેની ચિંતા નથી. તેના મનમાં તો બસ ગમે તેમ કરીને યુક્રેન લઈ લેવુ...અને તે માટે પરમાણુ બૉંબ ઝીકવુ પડે તો પણ ઝીંકી નાંખવું..એવી તેમની જાહેર માનસિકતાના પગલે લોકો વિચારવા લાગ્યા છે કે જો પરમાણુ બૉંબ ઝીકાય તો શું થશે..?!

પરમાણુ યુદ્ધ ખૂબ જ ખરાબ છે, પરંતુ એક નિષ્ણાતે કહ્યું છે કે સંભવિત પરમાણુ બૉંબના પરિણામે વાતાવરણમાં નિકળનારી ગંધ "સડેલા ઈંડા જેવી દુર્ગંધ કરશે અને તમારું મગજ ઓગળી જશે...". રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનની આકરી ચેતવણી બાદ પરમાણુ વિસ્ફોટની શક્યતા અંગેની ચિંતા ફરી એકવાર મંડાયેલી છે. ત્યારથી નિષ્ણાતોએ જાહેર કર્યું છે કે કાળા સમુદ્રના પ્રદેશમાં પરમાણુ શસ્ત્રો ઝેરી ઝેરી ગેસના વાદળને ઉત્તેજિત કરી શકે છે જે "સડેલા ઈંડા" ની ગંધ કરશે.

બુકારેસ્ટ યુનિવર્સિટીના સંશોધકનો દાવો છે કે યુનિવર્સિટી ઓફ બુકારેસ્ટના ભૌતિકશાસ્ત્રના પ્રોફેસર વિઓરેલ બેડેસ્કુએ જણાવ્યું હતું કે કાળો સમુદ્રમાં અણુ બોમ્બ વિનાશક હશે, કારણ કે તે ગેસના ઝેરી વાદળો અને વિશાળ સુનામી લોન્ચ કરશે. એક વિશાળ કિરણોત્સર્ગી સુનામી આવશે.

પરમાણુ વિસ્ફોટ મગજને કેવી રીતે ઓગળે છેઃ ગેસિયસ હાઈડ્રોજન સલ્ફાઈડ, જે સડેલા ઈંડા જેવી ગંધ કરે છે, જો તે વધુ પ્રમાણમાં પીવામાં આવે તો તે મનુષ્યો અને પ્રાણીઓ માટે ઝેરી છે. હકીકતમાં તે એટલું ઝેરી છે કે તે શ્વાસ લેવામાં અસમર્થતા, મગજનું વિઘટન અને કેટલાક કિસ્સાઓમાં મૃત્યુનું કારણ બની



## નિષ્ણાતોએ જાહેર કર્યું છે કે પરમાણુ બૉંબથી બચવાના દુનિયામાં 6 સ્થળો જ સલામત

શકે છે, અણુ બોમ્બમાંથી એક સ્પાર્ક જે આ ચિંતાજનક ઝેરને મુક્ત કરી શકે છે.

છેવટે પરમાણુ બોમ્બ હુમલાના વિનાશક પરિણામો પર બોલતા, બેડેસ્કુએ કહ્યુંઃ "પ્રથમ, પ્રારંભિક પાણીની પોલાણ સુનામી તરંગનો સ્ત્રોત બનાવે છે." બીજું, [ગેસ] વાતાવરણમાં વાયુયુક્ત 'વાદળ' અથવા 'ધાબળો' "વિસ્ફોટનું સ્થાન, તેની તીવ્રતા અને પવનની ગતિ અને દિશા" પર આધાર રાખીને ઝેરી ગેસનો આવો "ધાબળો" માનવી માટે આપત્તિજનક હશે.

બ્લેક સીની અંદર હાઈડ્રોજન સલ્ફાઈડનો અર્થ એવો થશે કે ત્યાં છોડવામાં આવેલા પરમાણુ શસ્ત્રો કિરણોત્સર્ગી સુનામી પહોંચાડી શકે છે, ડેઈલી સ્ટારે અહેવાલ આપ્યો છે. પરંતુ તે માત્ર ભયજનક રીતે ઊંચી ભરતી જ ચિંતાનું કારણ નથી, પરંતુ ઝેરી પદાર્થો ફેલાય છે, તે વિસ્ફોટના ક્ષેત્રમાં આવે છે. નિરંકુશ પુતિને ચેતવણી આપી હતી કે દેશ "તમામ જરૂરી માધ્યમો" નો ઉપયોગ કરશે અને યુક્રેન પરના આક્રમણ અંગે ચિંતિત પશ્ચિમી શક્તિઓ પાસે "પ્રતિસાદ આપવા માટે ઘણાં શસ્ત્રો" હશે.

રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને પરમાણુ યુદ્ધની ધમકી આપી છે. આ અંગે યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમિર ઝેલેન્સકી કહે છે કે તેમની તાજેતરની જીતનો લાભ ઉઠાવવો અને સારા માટે રશિયાને યુક્રેનમાંથી બહાર કાઢવું મહત્વપૂર્ણ છે. પરંતુ તે જ સમયે સંશોધકોએ ફરીથી લોકોને પરમાણુ બોમ્બથી બચવાની સલાહ આપવાનું શરૂ કર્યું છે. તેણે વિશ્વના કેટલાક સુરક્ષિત સ્થળોએ ભાગી જવાની સલાહ આપી છે. ત્રીજા વિશ્વ યુદ્ધની શરૂઆતની ઘટનામાં આ પૃથ્વી પરના સૌથી સુરક્ષિત સ્થાનોની સૂચિ છે કે જ્યાં બચી શકાય છે.

1. એન્ટાર્કટિકા | એન્ટાર્કટિક સંધિને આભારી છે, એન્ટાર્કટિકાને સૌથી સુરક્ષિત સ્થાનોમાંના એક તરીકે વર્ગીકૃત કરી શકાય છે. જૂન 1961 માં, 12 દેશો એક કરાર પર હસ્તાક્ષર કરવા માટે ભેગા થયા હતા જેણે આ વિસ્તારને "વૈજ્ઞાનિક સંરક્ષણ" તરીકે નિયુક્ત કર્યો હતો, એટલે કે તમામ લશ્કરી પ્રવૃત્તિઓ પર પ્રતિબંધ મૂકાશે

2. કોલોરાડો | અન્ય સલામત સ્થળ અમેરિકાના શેયેન પર્વતો હોઈ શકે છે. કોલોરાડોના અલ પાસો કાઉન્ટીમાં જોવા મળતા પર્વત પર સ્થિત, 25-ટન વિસ્ફોટ-ક્ષમતા ધરાવતું ગેટ ધરાવતું વિશાળ બંકર છે. તેની અંદર નોર્થ અમેરિકન એરોસ્પેસ ડિફેન્સ કમાન્ડ (NORAD) અને યુનાઈટેડ સ્ટેટ્સ નોર્ધન કમાન્ડનું મુખ્ય મથક છે - જે તેને છુપાવવા માટે ખૂબ જ સુરક્ષિત અને સારી રીતે માહિતગાર સ્થળ બનાવે છે. જ્યારે તેનું નિર્માણ કરવામાં આવ્યું ત્યારે 1966 માં, તે લાંબા અંતરના સોવિયેત બોમ્બર્સ, બેલેસ્ટિક મિસાઈલો અને રશિયાના પરમાણુ હુમલાઓનો સામનો કરવા માટે ડિઝાઈન કરવામાં આવ્યું હતું.તિબંધ મૂકવામાં આવશે.

3. આઈસલેન્ડની વસ્તી ઓછી છે, તે આંતરરાષ્ટ્રીય રાજકીય મુદ્દાઓથી દૂર રહે છે અને તટસ્થ સરકાર ધરાવે છે. અહીં હુમલો


...અનુસંધાન પેજ નં. 6 પર

# ડીપનેક ડ્રેસમાં કનિકાનો ગ્લેમરસ લુક, આપ્યો સિઝલિંગ પોઝ



ગુડ્ડન તુમસે ના હો પાયેગા''માં ગુડ્ડનનું પાત્ર ભજવીને પોતાની ક્યૂટ સ્ટાઈલ માટે ઘરે-ઘરે લોકપ્રિય બનેલી કનિકા માન રિયલ લાઈફમાં ખુબ જ ગ્લેમરસ છે. કનિકાની માસૂમિયત અને ક્યૂટનેસ કોઈને પણ તેના દિવાના બનાવવા માટે પૂરતી છે. જો તમે કનિકાના ઈન્સ્ટાગ્રામ પર નજર નાખો, તો તમને એકથી એક ચઢીયાતી વધુ ગ્લેમરસ તસવીરો જોવા મળશે. કનિકા માનના લુક્સ પર હર કોઈ ફિદા રહે છે, પોતાની અદાઓનો જાદુ ચલાવતા જાણે છે કનિકા. કનિકાના બોલ્ડ લુકએ ફેન્સને ઘાયલ કરી દીધા છે. રેડ કલરની ડીપનેક ડ્રેસમાં કનિકા સિઝલિંગ લાગી રહી છે. આ તસવીર સોશિયલ મીડિયામાં ખૂબ જ વાયરલ થઈ રહી છે. કનિકા હાલમાં જ ખતરો કે ખેલાડીમાં જોવા મળી હતી. શોના દમદાર કંટેસ્ટેંટમાંથી એક હતું કનિકાનું નામ. નાના પડદા પર એક્ટિંગથી કનિકાને ફેમ મળ્યો હતો.

# રાત્રે પાર્ટી કરતા જોવા મળ્યા અક્ષય કુમાર



**ફેન્સે વીડિયો જોઈ લગાવી ક્લાસ, સોશિયલ મીડિયા પર વીડિયો વાયરલ**


બોલિવૂડના 'ખિલાડી' અક્ષય કુમાર માટે વર્ષ 2022 અત્યાર સુધી કંઈ ખાસ સાબિત થયું નથી. આ વર્ષે રિલીઝ થયેલી તેની ફિલ્મો બોક્સ ઓફિસ પર ફ્લોપ રહી હતી. અત્યારે તેની આગામી ફિલ્મ 'રામસેતુ'ને કારણે ચર્ચામાં છે. એવા સમયે હવે ફરી એકવાર અક્ષય કુમાર ટ્રોલર્સના નિશાના પર આવ્યા છે અને આ વખતે તેનું કારણ છે તેમનો એક વીડિયો જે સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. રાત્રે પાર્ટી કરવા માટે અક્ષય કુમારને ટ્રોલ કરવામાં આવી રહ્યો છે.

અક્ષય કુમાર એક્ટિંગની સાથે પોતાની ફિટનેસ માટે પણ ખૂબ જ જાણીતો છે. અક્ષય એક ડિસિપ્લિન રૂટીનનું પાલન કરે છે જેમાં રાત્રે વહેલા સૂવું, સવારે વહેલા ઉઠવું અને સ્વસ્થ આહારનો સમાવેશ થાય છે. અક્ષય કુમાર પોતે ઘણા ઈન્ટરવ્યુમાં કહી ચુક્યા છે કે તેને મોડી રાત્રે પાર્ટી કરવી પણ પસંદ નથી. અક્ષયને સોશિયલ મીડિયા પર ટ્રોલનો પણ સામનો કરવો પડ્યો હતો.

આવી સ્થિતિમાં જ્યારે અક્ષય કુમારની લેટ નાઈટ પાર્ટીનો વીડિયો સામે આવ્યો ત્યારે ફેન્સે તેની ક્લાસ લેવાનું શરૂ કરી દીધું હતું. અક્ષયના વીડિયો પર કોમેન્ટ કરતાં એક યુઝરે લખ્યું, 'આતો 9 વાગે સૂઈ જાય છે તો તે આ પાર્ટીમાં શું કરી રહ્યો છે?' તે જ સમયે અન્ય એક યુઝરે લખ્યું, 'અક્ષય કુમારે ફેન્સને ખોટું કહ્યું કે તે વહેલા સૂઈ જાય છે.

અક્ષય કુમારનો આ વીડિયો પ્રોડ્યુસર અશ્વિનીની બર્થડે પાર્ટીનો છે. આ પાર્ટીના વેન્યુની બહાર ઉભેલા લોકો પણ અક્ષય કુમારને જોઈને આશ્ચર્યચકિત થઈ ગયા હતા. અક્ષય કારમાંથી નીચે ઉતર્યો કે તરત જ ત્યાં હાજર કેમેરામેન તેની તસવીરો ક્લિક કરવા લાગ્યો. અક્ષય કુમારના લુકની વાત કરીએ તો તે હૂડી અને જીન્સમાં કૂલ લુકમાં જોવા મળ્યો હતો.

# બુરખો પહેરેલી બોલિવૂડ એક્ટ્રેસે કેમેરાની સામે ઉતાર્યા કપડાં




**હિજાબ વિરોધી આંદોલનનું કર્યું સમર્થન**

ઈરાનમાં હિજાબ વિરોધી આંદોલન ઉગ્ર સ્વરૂપે ચાલી રહ્યું છે. અને આ યુદ્ધ સોશિયલ મીડિયાનાં માધ્યમ દ્વારા દુનિયા સામે આવી પહોચ્યું છે. તમામ દેશોની મહિલા પોતાના કેશ કાપીને અથવા તો બીજા કોઈ રીતે હિજાબ વિરોધી આંદોલન કરી રહી છે ત્યારે હોલિવુડની એક એક્ટ્રેસે પણ પોતાનો અવાજ આ મુદ્દે ઉઠાવ્યો છે. ભારતીય વેબ સીરિઝ 'સેક્રેડ ગેમ્સ'માં જોવા મળેલ ઈલનાઝ નૌરોજીએ પણ આંદોલનને સમર્થન આપતો એક વીડિયો સોશિયલ મીડિયા પર પોસ્ટ કર્યો છે. જેમાં તે એક પછી એક પોતાના કપડાં ઊતારી રહી છે. એક્ટ્રેસે પોસ્ટ કરેલ આ વીડિયો દુનિયાની નજરે આવી ચડ્યો છે. આ વીડિયો શેર કરતાં તેણે કેપ્શનમાં લખ્યું કે 'દુનિયામાં ક્યાંય પણ, દરેક મહિલાને પછી તે મહિલા ગમે તે જગ્યાએથી હોય, તેને એ અધિકાર હોવો જોઈએ કે તે જે ઈચ્છે, જ્યારે ઈચ્છે અને જે ઈચ્છે તે પહેરી શકે છે. કોઈ પણ પુરુષ કે અન્ય મહિલાને એ અધિકાર નથી કે તે મહિલાને જજ કરે કે બીજાં કપડાં પહેરવા માટે કહે.'

એક્ટ્રેસે પોસ્ટ કરેલ આ વીડિયો દુનિયાની નજરે આવી ચડ્યો છે. આ વીડિયો શેર કરતાં તેણે કેપ્શનમાં લખ્યું કે 'દુનિયામાં ક્યાંય પણ, દરેક મહિલાને પછી તે મહિલા ગમે તે જગ્યાએથી હોય, તેને એ અધિકાર હોવો જોઈએ કે તે જે ઈચ્છે, જ્યારે ઈચ્છે અને જે ઈચ્છે તે પહેરી શકે છે. કોઈ પણ પુરુષ કે અન્ય મહિલાને એ અધિકાર નથી કે તે મહિલાને જજ કરે કે બીજાં કપડાં પહેરવા માટે કહે.'

# કાર્તિક આર્યનની 'ફ્રેડી' હવે માંડ માંડ સીધી ઓટીટી પર રિલીઝ થશે



બોલીવૂડમાં મોટાભાગની ફિલ્મો પિટાઈ રહી છે તેવા સમયે કાર્તિક આર્યનની ભૂલભૂલૈયા ટૂ આશ્ચર્યજનક રીતે હિટ થઈ હતી. તેમ છતાં તેની ફિલ્મ 'ફ્રેડી'નો ઓટીટ પર પણ માંડ માંડ પતો ખાધો છે. આ ફિલ્મ થિયેટર રિલીઝ માટે તૈયાર કરાઈ હતી. પરંતુ થોડા મહિનાઓ પહેલાં સમાચાર આવ્યા હતા કે ફિલ્મ સીધી ઓટીટી પર રિલીઝ થશે. તેના માટે અમુકતમુક કિંમત ઓફર કરાઈ હોવાની વાતો પણ ચગી હતી. પરંતુ, વાસ્તવમાં નિર્માતાઓએ માગેલા ભાવે કોઈ ઓટીટી પ્લેટફોર્મ આ ફિલ્મ લેવા તૈયાર થયું ન હતું. બોલીવૂડની બિગ બજેટ અને મોટા સ્ટાર્સની ફિલ્મોના ધબડકા પછી ઓટીટી પ્લેટફોર્મ પણ તેલ જુઓ, તેલની ધાર જુઓની નીતિ અપનાવી રહ્યા છે અને ફિલ્મો માટે આડેધડ પૈસા ખર્ચવાતૈયાર નથી.

ફ્રેડીનો ઓટીટી રિલીઝનો પ્લાન પણ અટકી પડતાં એક તબક્કે ફરી થિયેટરમાં રિલીઝની વિચારણા થઈ હતી. પરંતુ, થિયેટરમાં એક પછી એક મોટી ફિલ્મો ફ્લોપ જતાં એ વિચાર માંડી વાળવામાં આવ્યો હતો. આખરે ઓટીટી દ્વારા ક્વોટ કરવામાં આવે એ ભાવે આ ફિલ્મ પધરાવી દેવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે.


# ઓટીટીના બે હિટ સ્ટાર પ્રતીક ગાંધી, કૃતિકા કામરા એક શોમાં સાથે આવશે



ઓટીટી જગતના બે હિટ સ્ટાર પ્રતીક ગાંધી અને કૃતિકા કામરા એક વેબ સિરીઝમાં સાથે જોવા મળશે. આ વેબ સિરીઝ એક થ્રીલર હશે તેમ કહેવાઈ રહ્યું છે. પ્રતીક ગાંધીએ કેટલીક ફિલ્મો અને વેબ શોમાં કામ કર્યું છે પરંતુ તેની ઓળખ હજુ પણ 'સ્કેમ' વેબ સિરીઝ જ બની રહી છે. બીજી તરફ કૃતિકા કામરા 'શિખરવતી' અને 'હશહશ' જેવા પ્રોજેક્ટસ થકી જાણીતી બની છે. પ્રતીક અને કૃતિકાની આ નવી સિરીઝ 'ફોર યોર આઈઝ ઓન્લી' 'સ્કેમ'ના જ રાઈટર સુમિત પુરોહિતના નેજા હેઠળ બની રહી છે. ભારતમાં ઓટીટી શરુ થયું ત્યારે તેની સિરીઝ કે ખાસ ઓટીટી માટે જ બનતી ફિલ્મોમાં કથા કેન્દ્ર સ્થાને રહેતી હતી તેન લીધે ભારતને પ્રતીક ગાંધી, પંકજ ત્રિપાઠી, રાધિકા આપ્ટે જેવા કલાકારો મળ્યા છે.

જોકે, ઓટીટી પર હવે તેની પોતાની સ્ટાર સિસ્ટમ હાવી થઈ રહી છે. મોટાભાગની સિરીઝ અત્યાર સુધીમાં જાણીતા થઈ ચુકેલા સ્ટાર્સના કાસ્ટિંગ સાથે જ બની રહી છે. બીજી તરફ બોલીવૂડના જાણીતા સ્ટાર્સ અને ૯૦ના દાયકાની હિરોઈનો પણ ઓટીટી પર હાવી થઈ રહ્યા છે.

# વધુ એક સ્ટાર કપલના લગ્નના ભણકારાં, સિધ્ધાર્થ-કિયારા સાત ફેરા ફરવાની તૈયારીમાં



બોલીવૂડમાં વધુ એક જાણીતા અભિનેતા અને અભિનેત્રીના લગ્નની શરણાઈ ટૂંક સમયમાં ગૂંજી ઉઠે તેવી શક્યતા છે. બોલીવૂડની લોકપ્રિય જોડીઓમાં સ્થાન પામનાર સિધ્ધાર્થ મલ્હોત્રા અને કિયારા અડવાણી બહુ જલ્દી લગ્ન કરે તેવા અહેવાલો વહેતા થયા છે. આમ તો આ બંને સ્ટાર પોતાના સબંધો પર જાહેરમાં ઓછી જ વાત કરે છે પણ બંનેને વારંવાર સાથે જોવામાં આવે છે. બંને એક બીજા સાથે રિલેશનમાં હોવાનુ પણ કહેવાય છે. લેટેસ્ટ મીડિયા રિપોર્ટ પ્રમાણે આગામી 6 મહિનામાં સિધ્ધાર્થ અને કિયારા લગ્ન કરવા જઈ રહ્યા છે.તેઓ એપ્રિલ-2023માં લગ્ન કરશે અને તેઓ માત્ર નિકટના મિત્રો અને પરિવારના સભ્યોની હાજરીમાં લગ્ન કરવાની યોજના બનાવી રહ્યા છે.એ પછી તેઓ મુંબઈમાં એક ભવ્ય રિસેપ્શન સમારોહ આયોજીત કરશે. સિધ્ધાર્થ અને કિયારા પહેલી વખત શેરશાહમાં એક સાથે દેખાયા હતા.આ ફિલ્મના શૂટિંગ દરમિયાન બંને એક બીજાની નજીક આવ્યા હતા અને ત્યારથી તેઓ એક બીજાને ડેટ કરી રહ્યા છે.બંનેની જોડી ચાહકોને સ્ક્રીન પર અને સ્ક્રીનની બહાર પણ પસંદ આવી રહી છે.












# આ વર્ષે 33માંથી માત્ર 5 ફિલ્મો જ હિટ રહી

જો આપણે વર્ષ 2022ની વાત કરીએ તો તે બોલિવૂડ ઈન્ડસ્ટ્રી માટે સારું રહ્યું નથી. છેલ્લા 9 મહિનામાં સિનેમાઘરોમાં રિલીઝ થયેલી તમામ ફિલ્મો બોક્સ ઓફિસ પર ફ્લોપ સાબિત થઈ છે. આ વર્ષે ન તો અક્ષય કુમાર-આમીર ખાન ચાલ્યા કે ન તો અજય દેવગણ, શાહિદ કપૂર, રણવીર સિંહ અને અમિતાભ બચ્ચન અદ્ભુત બતાવી શક્યા. અહેવાલો અનુસાર, આ વર્ષે અત્યાર સુધીમાં 33 ફિલ્મો રિલીઝ થઈ હતી, પરંતુ તેમાંથી માત્ર 5 ફિલ્મો એવી હતી કે બાકીની 28 ફિલ્મો બોક્સ ઓફિસ પર સુપર ફ્લોપ રહી હતી. તે જ સમયે, આમાંથી 15 ફિલ્મો એવી છે કે તે 30 કરોડના આંકડાને પણ સ્પર્શી શકી નથી. અમે તમને છેલ્લા 9 મહિનામાં રિલીઝ થયેલી બોલિવૂડની ફિલ્મોનો હિસાબ જણાવવા જઈ રહ્યા છીએ, વાંચો કઈ ફિલ્મે બોક્સ ઓફિસ પર કેટલી કમાણી કરી, કઈ હિટ રહી અને કઈ ફ્લોપ...

રિપોર્ટ્સનું માનીએ તો આલિયા ભટ્ટની ગંગુબાઈ કાઠિયાવાડી જ્યારે કોરોના લોકડાઉન ખતમ થઈ રહી હતી ત્યારે રિલીઝ થઈ હતી. તેમ છતાં ફિલ્મે બોક્સ ઓફિસ પર 129 કરોડ રૂપિયાની કમાણી કરી હતી. ત્યારબાદ અનુપમ ખેરની ફિલ્મ ધ કાશ્મીર ફાઈલ્સ રીલિઝ થઈ. ફિલ્મે 253 કરોડની કમાણી કરી હતી. આ દરમિયાન કેટલીક વધુ ફિલ્મો રિલીઝ થઈ જે ફ્લોપ સાબિત થઈ.

ફ્લોપ વચ્ચે, કાર્તિક આર્યનની ભૂલ ભુલૈયા 2 એ રિલીઝ થતાની સાથે જ બોક્સ ઓફિસ પર ધમાકો કર્યો. આ ફિલ્મે 186 કરોડ રૂપિયાની કમાણી કરી હતી. આ સાથે જ જુગ જુગ જિયો રિલીઝ થઈ, જેણે 135 કરોડની કમાણી કરી. તે જ સમયે, સપ્ટેમ્બરમાં આવેલી ફિલ્મ બ્રહ્માસ્ત્ર બોક્સ ઓફિસ પર હિટ સાબિત થઈ હતી. આ ફિલ્મે 255 કરોડનો બિઝનેસ કર્યો હતો.

આ 5 ફિલ્મોને બાદ કરતાં, અન્ય કોઈ ફિલ્મ બોક્સ ઓફિસ પર કમાલ કરી શકી ન હતી, બધી સુપરફ્લોપ સાબિત થઈ હતી. અક્ષય કુમારની 3 ફિલ્મો બચ્ચન પાંડે (49 કરોડ), સમ્રાટ પૃથ્વીરાજ (68.05 કરોડ) અને રક્ષા બંધન (44.39 કરોડ) ફ્લોપ રહી હતી. તે જ સમયે, આમિર ખાનની લાલ સિંહ ચઢ્ઢા ખૂબ જ ફ્લોપ સાબિત થઈ હતી. ફિલ્મે 60.73 કરોડની કમાણી કરી હતી.

રણબીર કપૂરની શમશેરા રિલીઝ થવાની સાથે જ ફ્લોપ જાહેર થઈ હતી. ફિલ્મે 45.48 કરોડની કમાણી કરી હતી. તે જ સમયે, અર્જુન કપૂર અને દિશા પટાનીની ફિલ્મ એક વિલન રિટર્ન્સ પણ વધુ કમાણી કરી શકી નથી. ફિલ્મે 41.69 કરોડની કમાણી કરી હતી.

## 15 ફિલ્મો બોક્સ ઓફિસ પર 30 કરોડના આંકડાને પણ સ્પર્શી શકી નહીં

અજય દેવગનની ફિલ્મ રનવે 34 સુપરફ્લોપ સાબિત થઈ હતી. ફિલ્મે 32.96 કરોડની કમાણી કરી હતી. તે જ સમયે, ટાઈગર શ્રોફની હીરોપંતી 2 એ બોક્સ ઓફિસ પર 24.45 કરોડની કમાણી કરી હતી. શાહિદ કપૂરની જર્સી પણ કોઈ ખાસ નથી રહી. આ ફિલ્મે માત્ર 19.68 કરોડનો બિઝનેસ કર્યો હતો. રણવીર સિંહની જયેશભાઈ જોરદાર ડિઝાસ્ટર સાબિત થઈ હતી. જ્યારે ફિલ્મે માત્ર 15.59 કરોડ રૂપિયાની કમાણી કરી હતી, જ્યારે જ્હોન અબ્રાહમની એટેક માત્ર 16.13 કરોડનો જ બિઝનેસ કરી શકી હતી. વિદ્યુત જામવાલની ખુદા હાફિઝ પણ બોક્સ ઓફિસ પર ફ્લોપ રહી હતી. ફિલ્મે માત્ર 14.33 કરોડની કમાણી કરી હતી.

અમિતાભ બચ્ચનની ફિલ્મ ઝુંડએ માત્ર 15.16 કરોડની કમાણી કરી હતી. તે જ સમયે, રાજકુમાર રાવની બધાઈ દો એ 20.62 કરોડ રૂપિયાની કમાણી કરી હતી. તાપસી પન્નુની ફિલ્મ દોબારાને માત્ર થિયેટરોમાં જ દર્શકો મળ્યા નથી. આ ફિલ્મે 5.35 કરોડનો બિઝનેસ કર્યો હતો.

સની દેઓલની ફિલ્મ ચૂપ પણ ખાસ સફળતા મેળવી શકી ન હતી. ફિલ્મે 11.75 કરોડની કમાણી કરી હતી. તે જ સમયે આર માધવનની ફિલ્મ ધોકાએ 5.75 કરોડનો બિઝનેસ કર્યો હતો. આદિત્ય રોય કપૂરની રાષ્ટ્ર કવચ ઓમ ડિઝાસ્ટર સાબિત થઈ. ફિલ્મે 7.11 કરોડની કમાણી કરી હતી.

કંગના રનૌતની ધાકડ બોક્સ ઓફિસ પર ધૂમ મચાવી હતી. આ ફિલ્મે માત્ર 2.58 કરોડની કમાણી કરી હતી. તે જ સમયે, શિલ્પા શેટ્ટીની ફિલ્મ નિકમ્મા પણ આપત્તિ સાબિત થઈ. આ ફિલ્મે માત્ર 1.77 કરોડ રૂપિયાની કમાણી કરી હતી.

લોકહિતમાં રિલીઝ થયેલી નુસરત ભરૂચાની ફિલ્મ પણ દર્શકોને આકર્ષવામાં સફળ રહી ન હતી. આ ફિલ્મે 4.11 કરોડનો બિઝનેસ કર્યો હતો. આ સાથે જ રાજકુમાર રાવની હિટ ફિલ્મ પણ ફ્લોપ રહી હતી. આ ફિલ્મે 9.29 કરોડની કમાણી કરી હતી. આ સિવાય આનેક, ગુડબાય, વિક્રમ વેધા, શાબાશ મીઠુ, શેરદિલ, તુલસીદાસ જુનિયર જેવી ફિલ્મો પણ રિલીઝ થઈ હતી જે સુપરફ્લોપ સાબિત થઈ હતી.

સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com

## કોંગ્રેસ ચૂંટણી ટાણે જ દેખાય છે પછી મિ. ઈન્ડિયા બનીને ગાયબ..

# વેજલપુર હોય એટલે વિજય તો ભાજપનો જ હોય ને..?

# 1978થી ભાજપનું એકચક્રી શાસન, ફરી કમળ ખીલશે!

### 20 કરોડના ખર્ચે સરખેજ અને મકતમપુરા તળાવનો વિકાસ



તમામ તસ્વીરોઃ મૌર્ય ભાગ્યવાન

ધારાસભ્યએ માહિતી આપી હતી કે કેન્દ્રીય મંત્રી અમિતભાઈ શાહની ગ્રાન્ટમાંથી 20 કરોડના ખર્ચે સરખેજ અને મકતમપુરા તળાવોનું નવીનીકરણ કરવામાં આવી રહ્યું છે. હેરિટેજ સરખેજ તળાવના દૂષિત પાણીને ટ્રીટ કરીને શુધ્ધ કરવામાં આવશે. લાઈટિંગ લગાવવામાં આવશે. મકતમપુરા તળાવનો પણ આ જ રીતે વિકાસ કરવામાં આવશે.

## રાજ્યમાં ભાજપની જ સરકાર બનશે અને વેજલપુરમાં ફરીથી ભગવો લહેરાશેઃ કિશોરસિંહ


કિશોરસિંહ ચૌહાણ

અજય શર્મા | ગુજરાત વંદન

ચૂંટણી પંચે હિમાચલ પ્રદેશમાં ચૂંટણીની તારીખો જાહેર કરી દીધી છે, હવે ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓ પણ ગમે ત્યારે જાહેર થઈ શકે છે, આવી સ્થિતિમાં તમામ પક્ષો ચૂંટણી જીતવા માટે જોરદાર પ્રયાસ કરી રહ્યા છે. **ગુજરાત વંદન અખબાર** દ્વારા જનપ્રિતિનિધિઓના રિપોર્ટ કાર્ડને લઈને ચૂંટણીઓ-2022 સીરીઝ શરૂ કરી છે. આ વખતે ગુજરાત વંદને વેજલપુરના ભાજપના ધારાસભ્ય કિશોર ચૌહાણ સાથે વાતચીત કરી તેમના છેલ્લા પાંચ વર્ષના વિકાસ કાર્યો વિશે માહિતી મેળવી હતી.

ગુજરાત વંદન અખબારના સંવાદદાતા સાથેની વાતચીત દરમિયાન ધારાસભ્ય ચૌહાણે જણાવ્યું કે વેજલપુર એ કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઈ શાહનો વિસ્તાર છે, તેથી અહીં અસંખ્ય વિકાસ કાર્યો થયા છે. વેજલપુર વિધાનસભામાં સરખેજ, મકરબા, ફતેહવાડી વિસ્તારમાં મુસ્લિમ સમાજના લોકો રહે છે, જ્યાં પાણી, ગટર, સ્ટ્રીટ લાઈટ અને રોડ-રસ્તા બનાવવાનું કામ કર્યું છે. આ ઉપરાંત તેમના મતવિસ્તારની તમામ સોસાયટીઓમાં આરસીસી રોડ બનાવવામાં આવ્યા છે. વેજલપુરમાં પણ બે સ્માર્ટ સ્કૂલ બનાવવાની કામગીરી ચાલી રહી છે.

તેમના કહેવા અનુસાર, 30 વર્ષ પહેલા અહીં ગામડાઓ હતા. જે વેજલપુર પંચાયત હેઠળ આવતા હતા, તે સમયે 1978થી 87 સુધી તેઓ પંચાયતના સભ્ય રહ્યા. 1995થી 2006 સુધી નગરપાલિકાના પ્રમુખ તરીકે જવાબદારી નિભાવી હતી. અને 2012થી તેઓ ધારાસભ્ય તરીકે ચૂંટાઇ આવ્યા હતા. સામાજિક, વિવિધ વિકાસના કાર્યોને જોઇ જનતાએ ભાજપને મત આપવા મન મક્કમ બનાવ્યું હતું. વેજલપુરમાં મકતપુરા-સરખેજ, જોધપુર-વેજલપુર અને અડધો ભાગ બોડકદેવ વિસ્તારનો પણ સમાવેશ થાય છે. તમામ વિસ્તારોમા મહત્વના સારા એવા વિકાસના કાર્યો થયા છે. શ્યામા પ્રસાદ બ્રિજ પાસે વરિષ્ઠ નાગરિકો માટે અલાયદા ખંડ બનાવવામાં આવ્યો છે, તમામ વોર્ડમાં કોમ્યુનિટી હોલ બનાવવામાં આવ્યા છે. કોર્પોરેશન અને સરકારના સહકારથી પુસ્તકાલયો, જીમ બનાવવામાં આવ્યા છે. તેમના બજેટમાંથી કોમ્પ્યુટર લાયબ્રેરી પણ બનાવવામાં આવી છે.

ધારાસભ્યએ કહ્યું કે 1978થી આજ સુધી સતત ભાજપનું શાસન રહ્યું છે, અહીં ભાજપ સિવાય બીજી કોઈ પાર્ટીની જીતનો સવાલ જ નથી. કોંગ્રેસ ખાલી ચૂંટણી સમયે મત માંગવા જાય છે અને હાર્યા પછી તેના કોઈ નેતા કે કાર્યકર્તા દેખાતા પણ નથી. લોકો ભાજપનો વિકાસ જાણે છે તેથી આ વખતે પણ રાજ્યમાં ભાજપની જ સરકાર બનશે.અને વેજલપુરમાં ફરીથી ભગવો લહેરાશે.

# ભાજપના ધારાસભ્યએ માત્ર પોતાનો અને ઘરનો જ વિકાસ કર્યો છેઃ રાજુ પટેલનો દાવો


રાજુ પટેલ

ગુજરાત | વંદન

વેજલપુર વિસ્તારમાં ગઇ ચૂંટણીમાં કોંગ્રેસના મિહિર શાહ ઉભા રહ્યાં હતા. ભાજપના ધારાસભ્યની કામગીરી અંગે સંપર્ક કરતાં તેમણે પોતે કાંઇપણ કહેવાને બદલે પોતાના વતી રાજુ પટેલ બોલશે એમ કહીને ખો આપી હતી. તેમના મતે આ વખતે વેજલપુર માટે કોંગ્રેસ તરફથી રાજુ પટેલ સંભવિત ઉમેદવાર છે. ગુજરાત વંદને તેમનો સંપર્ક કર્યો અને કિશોર ચોહાણના વિકાસના દાવા અંગે પૂછતાં કહ્યું કે વેજલપુરની સ્થિતિ જોઈને લાગે છે કે આ વખતે બદલાવ આવશે.

અહીં વર્ષોથી ભાજપના પ્રતિનિધિઓ ચૂંટાય છે, પરંતુ અહીંના રોડ-રસ્તાની હાલત દયનીય છે. અહીંના સરખેજના જુહાપુરાની હાલત અત્યંત ખરાબ છે. જો વેજલપુરના ધારાસભ્યએ પોતાની ગ્રાન્ટનો ઉપયોગ કર્યો હોત તો અહીંની સ્થિતિ આવી

...અનુસંધાન પેજ નં. 6 પર

### સરકાર બદલાયા બાદ બ્રિજ બનાવવાનું કામ અટકી ગયું - આસિફ પઠાણ





અમદાવાદ શહેર કોંગ્રેસના સંગઠન મંત્રી આસિફ પઠાણ (જોલી)એ જણાવ્યું હતું કે જુહાપુરામાં 7 લાખની વસ્તી છે અને આ વિસ્તારમાં ફાયર બ્રિગેડની કોઈ ઓફિસ નથી. અંગ્રેજી સરકારી શાળાઓ નથી, કોઈ સમુદાય હોલ નથી, કોઈ સરકારી પ્રસુતિ ગૃહો નથી. અહીં ટ્રાફિકની ઘણી સમસ્યા છે. યુપીએ સરકાર હતી ત્યારે અહીં પુલનું કામ કરવા આવેદન આપવામાં આવ્યું હતું. પરંતુ હજુ સુધી કોઇ કામગીરી થઇ નથી. યુપીએ સરકારે અહીં બ્રિજ બનાવવા માટે સર્વે કરાવ્યો હતો, પરંતુ સરકાર બદલાયા બાદ બ્રિજ બનાવવાનું કામ અટકી ગયું હતું.


### સરખેજ તળાવની હાલત દયનીય, દુર્ગંધથી લોકો બેહાલ

સરખેજ વિસ્તારમાં રહેતા નૂર મોહમ્મદભાઈએ જણાવ્યું હતું કે, સરખેજ તળાવને વિકસાવવાની કોઈ વાત નથી. અહીંના સરખેજ તળાવની હાલત દયનીય છે. અહી આસપાસ રહેતા લોકોને દુર્ગંધના કારણે મજબૂરીમાં જીવવું પડે છે. તળાવની સફાઈ કરવા માટે અનેક વખત વહીવટી તંત્રને માંગ કરવામાં આવી હતી. પણ કોઈ સાંભળે છે જ ક્યાં? ચૂંટણીમાં વિજય પછી કોઈ ફરકતા નથી. જ્યારે એક જાગૃત નાગરિક પ્રહલાદ એ. ઠાકોરે જણાવ્યું કે વેજલપુરમાં એક પણ બગીચો નથી. ધારાસભ્યનું કામ સારું છે પણ એટલું સારું નથી કે તેના વખાણ કરવામાં આવે.

## મૃત્યુ પામનાર એક યુવતીના દિવાળી બાદ લગ્ન હતાઃ બીજી કેનેડા જવાની હતી

# કેદારનાથ દુર્ઘટનામાં મૃત્યુ પામેલી ભાવનગરની બે પિત્રાઈ બહેનની હરિદ્વારમાં જ અંતિમ વિધી

ગુજરાત | વંદન



કેદારનાથમાં મૃત્યુ પામનાર ભાવનગર શહેરની માળી પરિવારની બંને પિતરાઈ બહેનોની અંતિમવિધિ હરિદ્વારમાં કરવામાં આવશે અને બંને વ્યક્તિઓના પરિવારજનો હરિદ્વાર રવાના થયા છે. યાત્રાધામ કેદારનાથ થી યાત્રિકોની ગુપ્ત કાશી પરત લઈ જઈ રહેલું હેલિકોપ્ટર આર્યન એવીએશન ગરૂડચટ્ટી પાસે દુર્ઘટનાગ્રસ્ત થતાં પાયલોટ સહિત સાત વ્યક્તિના મોત નીપજયા હતા .જેમાં ભાવનગર શહેરની બે પિતરાઈ બહેન અને શિહોરની એક સહિત જિલ્લાની કુલ ત્રણ યુવતીઓના કરુણ મોત નીપજ્યા છે. ભાવનગરની ત્રણેય સહેલીઓ સાથે કેદારનાથ ગઈ હતી.


ઉત્તરાખંડના પવિત્ર યાત્રાધામ કેદારનાથમાં બનેલ દુર્ઘટના માં ભાવનગર શહેરના દેસાઈનગર વિસ્તારમાં પ્લોટ ન.20/એ ગજાનંદ બંગલા પાછળ રહેતી ખાતે રહેતી કાકા -દાદા ની બહેનો ઉર્વી જયેશ ભાઈબારડ ઉં.વ.25 અને કૃતિ કમલેશભાઈ બારડ ઉં.વ.30 અને ભાવનગરના શિહોર માં રેલવે સ્ટેશન રોડ પંચામૃત ફ્લેટ આજે વોરા ની વાડી ખાતે

...અનુસંધાન પેજ નં. 6 પર

## રાજ્યમાં ગેરકાયદે બાંધકામ નિયમિત કરવા ગુજરાત સરકારનો વટહુકમ

■ 1 ઓકટોબર 2022 પહેલાના બાંધકામોને ઈમ્પેક્ટ ફીમાં લાભ મળશે

ગુજરાત | વંદન



મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં આજે ગુજરાત સરકારની કેબિનેટ બેઠક યોજાઇ હતી. જેમાં લાંબી ચર્ચાઓ બાદ અનેક નિર્ણય લેવામાં આવ્યા હતા. ઈમ્પેક્ટ ફી અંગે રાજ્ય સરકારે મહત્વની જાહેરાત કરી છે કે 1 ઓકટોબર 2022 પહેલાના બાંધકામોને ઈમ્પેક્ટ ફીમાં લાભ મળશે. માહિતી આપતા સરકારના પ્રવક્તા જીતુ વાઘાણીએ કહ્યું હતું કે ઐતિહાસિક નિર્ણય લેતા બાંધકામ નિયમિત કરવા વટહુકમ બહાર પાડવામાં આવ્યો છે. વર્ષ 2011માં અનેક જગ્યાએ અનધિકૃત બાંધકામ થયા હતા. જેથી જનતાની ઈચ્છા હતી

...અનુસંધાન પેજ નં. 6 પર

## રાજ્ય સરકારનો મોટો નિર્ણય, વનરક્ષક-બીટગાર્ડની 823 જગ્યાઓ પર ભરતી થશે

ગુજરાત | વંદન



વન અને પર્યાવરણ સ્થિતિ રાજ્યના યુવાઓને સરકારી સેવાઓનો લાભ મળે તે માટે રાજ્ય સરકારે વાર્ષિક ભરતી કેલેન્ડર તૈયાર કરીને ભરતીઓ તબક્કાવાર કરવામાં આવી રહી છે. જેના ભાગરૂપે રાજ્યના વનવિભાગ હસ્તકની વર્ગ-૩ની વનરક્ષક (બીટગાર્ડ)ની ૮૨૩ જગ્યાઓ સીધી ભરતીથી

...અનુસંધાન પેજ નં. 6 પર

## Social Media

Divya Ahir @Divyaahirr · 16h
અત્યારે ગુજરાત માં ક્યાં એવા નેતા છે જે મુખ્યમંત્રી બન્યા પછી પોતાની રીતે નિર્ણય લય શકશે ???

Nayan Patel 🇮🇳 @nayanpatel_tv · 21h
ગુજરાત માં દારુ મળતો નથી,
ગુજરાતમાં કેમીકલ મળે છે... 😂

Payal Sakariya @Payalpatelaap · 21h
ખખડધજ ડબલ એન્જીન VS નવું ઉર્જાવાન એન્જીન













Siddharth Dholakia @SidDholakia · 13h
'મીડિયાને જે લખવું હોય એ લખે, ભાજપ 150થી વધુ બેઠકો સાથે ગુજરાતમાં સત્તા મેળવશે'
ધારાસભ્ય કેતન ઈમાનદારના નિવેદન પર તમારું શું માનવું છે ?
'અમે 125 સીટો સાથે સરકાર બનાવીશું'
ચૂંટણી પહેલા કોંગ્રેસ MLA ગેનીબેન ઠાકોરનો હુંકાર

/gujaratvandan

નિડર, નિષ્પક્ષ, અને વિશ્વસનીય ગુજરાત વંદન

**ગુજરાત વંદન તરફથી આકર્ષક ઓફર**

અમદાવાદથી પ્રસિદ્ધ "ગુજરાત વંદન" સાપ્તાહિક અખબાર દ્વારા વાર્ષિક લવાજમની આકર્ષક ઓફર જાહેર કરવામાં આવે છે.

**રૂ.260ના વાર્ષિક લવાજમમાં તમને મળશે**

આખું વરસ ગુજરાત વંદન અખબાર + એક હજાર રૂપિયા સુધીની ઘરવપરાશની ઉપયોગી ચીજવસ્તુ + જાણીતા સલૂન સિક્રેટ સેવન્ટીનનો 30 ટકા ડિસ્કાઉન્ટ સાથેનો વાઉચર



વહેલા તે પહેલાના ધોરણે આપના અખબાર વિતરકનો સંપર્ક કરવા વિનંતી.

ગુજરાત વંદન
વ્યવસ્થાપક માર્કેટિંગ

સંપર્ક : 63572-63573

820, સાકાર-9, આશ્રમ રોડ સીટી ગોલ્ડની બાજુમાં, અમદાવાદ-380009

www.gujaratvandan.com

Secret 7ટીન™ Hair & Nails Studio